અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૫ મે ૨૦૨૪, બુધવાર
વિક્રમ સંવત ૨૦૮૦, વૈશાખ સુદ ૮

વર્ષ : ૧૫
અંક : ૨૮૪

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**મોદીએ જીતની હેટ્રિક માટે મા ગંગાના આશીર્વાદ લીધા |** મોદી ઉમેદવારી પત્રક ભરવા માટે ગયા ત્યારે તેમની સાથે અમિત શાહ, રાજનાથ સિંહ, જેપી નડ્ડા હતા

## નરેન્દ્ર મોદીએ લોકસભા ચૂંટણી માટે વારાણસીમાં ઉમેદવારી નોંધાવી





| (એજન્સી) વારાણસી, તા.૧૪ |

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખૂબ જ ધામધૂમથી મંગળવારે વારાણસીથી તેમની સત્તાવાર ઉમેદવારી નોંધાવી. વડાપ્રધાન મોદી સતત ત્રીજી વખત વારાણસીમાંથી વિજય મેળવવાનો લક્ષ્યાંક રાખી રહ્યા છે. વડાપ્રધાન મોદી ઉમેદવારી પત્રક ભરવા માટે ગયા ત્યારે તેમની સાથે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા અને SBSP વડા ઓમ પ્રકાશ રાજભર સહિત NDAના ઘણા મોટા નેતાઓ અને BJP તથા NDA રાજ્યોના ડઝનબંધ મુખ્ય પ્રધાનો તેમની સાથે હતા. કલેક્ટર ઓફિસમાં વડાપ્રધાન મોદીએ ઉમેદવારી નોંધાવી ત્યારે એલજેપીના ચિરાગ પાસવાન, ચંદ્રબાબુ નાયડુ, જિતન રામ માંઝી, પશુપતિ પાસવાન જેવા NDAના મોટા નેતાઓ હાજર રહ્યા હતા. વડાપ્રધાને ચાર પ્રસ્તાવકોની હાજરીમાં પોતાનું નોમિનેશન દાખલ કર્યું હતું. આચાર્ય ગણેશ્વર શાસ્ત્રી દ્રવિડ, બૈજનાથ પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સહિત તેમના બે પ્રસ્તાવકો જ્યારે તેમણે પેપર ફાઈલ કર્યા ત્યારે તેમની સાથે રહ્યા હતા. પ્રથમ પ્રસ્તાવક જ્યોતિષ વિદ્વાન ગણેશ્વર શાસ્ત્રી દ્રવિડ હતા, જેમણે રામ જન્મભૂમિ પાયો નાખવા અને રામ લલ્લાના અભિષેકનું મુહૂર્ત નક્કી કર્યું હતું હતું. તેઓ સિટી દક્ષિણ વિધાનસભા મતવિસ્તારમાંથી પ્રસ્તાવક છે અને બીજા પ્રસ્તાવક સેવાપુરીના બૈજનાથ પટેલ હતા. ઉમેદવારી પત્ર ભર્યું તે અગાઉ વડાપ્રધાન મોદીએ કાશીમાં આશીર્વાદ લીધા હતા અને ગંગામાં પવિત્ર ડૂબકી લગાવી હતી. ગંગા સપ્તમીના શુભ અવસર પર દશસ્વમેધ ઘાટ પર ધાર્મિક વિધિઓ અને આરતી કરી અને એમવી સ્વામી વિવેકાનંદ રો-રો જહાજમાં બેસીને નમો ઘાટ અને કાલ ભૈરવ મંદિરે દર્શન માટે ગયા હતા. હિન્દુ પૌરાણિક કથાઓ અનુસાર કોઈપણ કાર્ય કરતાં પહેલા મંદિરમાં પૂજા કરવા માટે આવશ્યક માનવામાં આવે છે. તેથી વડાપ્રધાન મોદીએ દર્શન અને પૂજા-અર્ચના કરી હતી. નોમિનેશન ફાઈલ કરતાં પહેલા વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું હતું કે, મારી કાશી સાથેનો મારો સંબંધ અદ્ભુત, અવિભાજ્ય અને અતુલ્ય છે. હું એટલું જ કહી શકું છું કે તેને શબ્દોમાં વ્યક્ત કરી શકાતો નથી. આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને ટીડીપીના વડા ચંદ્રાબાબુ નાયડુએ વડાપ્રધાન મોદીની ઉમેદવારી અંગે કહ્યું કે, "આજનો દિવસ ઐતિહાસિક છે, વારાણસી એક પવિત્ર સ્થળ છે. નરેન્દ્ર મોદી ફરીથી વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે. છેલ્લા ૧૦ વર્ષથી તેમણે એક ઐતિહાસિક કાર્ય કર્યું છે. આ દરમિયાન મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ કહ્યું કે પીએમ મોદીએ વિશ્વમાં ભારતને ગૌરવ અપાવ્યું છે. અમે ખુશ છીએ કે અમને આમાં ભાગ લેવાની તક મળી છે. તેમજ લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ના વડા ચિરાગ પાસવાને કહ્યું કે NDAની એકતાથી સમગ્ર દેશને ફાયદો થઈ રહ્યો છે.

અગાઉ સોમવારે વડાપ્રધાને વારાણસીમાં તેમના પ્રચારની શરૂઆત એ જ રૂટ પરથી કરી હતી જે રૂટ પર તેમણે ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા ભવ્ય રોડ શો યોજ્યો હતો. સોમવારે વડાપ્રધાને ૫ કિમીના વિશાળ રોડ શો સાથે પોતાના પ્રચારની શરૂઆત કરી હતી. તેમની સાથે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને ઉત્તર પ્રદેશ ભાજપના વડા ભૂપેન્દ્ર ચૌધરી હતા. તેમના રોડ શો દરમિયાન 'હર હર મોદી, ઘર ઘર મોદી' અને 'જય શ્રી રામ'ના નારાઓ ગૂંજ્યા હતા. વડાપ્રધાને કેસરી ખેસ પહેરીને પંડિત મદન મોહન માલવિયાની પ્રતિમાને પણ હાર પહેરાવ્યા હતા. પોતાના રોડ શો પછી વડાપ્રધાને ઠ પર પોસ્ટ કર્યું હતું કે, ભગવાન વિશ્વનાથના શહેરના ધર્મપ્રેમી લોકોને વંદન. રોડ શો દરમિયાન મને જે સ્નેહ અને આશીર્વાદ મળ્યા તે અકલ્પનીય અને અનુપમ હતા. હું અભિભૂત અને લાગણીશીલ છું! હું સમજી શકતો નથી કે ૧૦ વર્ષ કેવી રીતે પસાર થઈ ગયા. ૨૦૧૪માં અહીં આવીને મેં કહ્યું હતું કે માતા ગંગાએ મને બોલાવ્યો હતો. આજે મને લાગે છે કે મા ગંગાએ મને દત્તક લીધો છે. તેમણે કહ્યું હતું કે, કાશીના લોકોનું જીવન સરળ બનાવવાનો મારો પ્રયાસ હતો. મને વિશ્વાસ છે કે વિકસિત ઉત્તર પ્રદેશની સાથે વિકસિત વારાણસી પણ વિકસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરવામાં પોતાનું અમૂલ્ય યોગદાન આપશે. ભગવાન વિશ્વનાથના આશીર્વાદથી હું હંમેશા તેમની કાશીની સેવા કરવા માટે સમર્પિત રહીશ, તેમ તેમણે ઠ પર પોતાની પોસ્ટમાં લખ્યું હતું.

### ન્યૂઝ બ્રિફ

#### દિલ્હીમાં હોસ્પિટલોને મળી બોમ્બની ધમકી

| (એજન્સી) નવીદિલ્હી, તા.૧૪ |

દિલ્હીની ઘણી હોસ્પિટલોને બોમ્બથી ઉડાવી દેવાનો કોલ કરવામાં આવ્યો છે. દિલ્હી ફાયર વિભાગના જણાવ્યા અનુસાર, તેમને ઘણી અલગ-અલગ હોસ્પિટલોમાંથી કોલ આવ્યા હતા જેમાં ગુરુ તેગ બહાદુર હોસ્પિટલ, દાદા દેવ હોસ્પિટલ, હેડગેવાર હોસ્પિટલ અને દીપ ચંદ બંધુ હોસ્પિટલમાં બોમ્બ હવાનો કોલ કરવામાં આવ્યો હતો. ફાયર વિભાગના જણાવ્યા અનુસાર તમામ કોલ વેરિફાઈ કરવામાં આવી રહ્યા છે. હોસ્પિટલોમાં બોમ્બ હોવાની માહિતી ઈમેઈલ દ્વારા આપવામાં આવી છે. આ પછી હોસ્પિટલોએ પોલીસ અને ફાયર વિભાગને આની જાણકારી આપી હતી.

#### બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની તબીયત લથડી

| (એજન્સી) પટના, તા.૧૪ |

તાજેતરમાં બિહારની રાજધાની પટનામાંથી મોટા સમાચાર આવી રહ્યા છે. હકીકતમાં જોઈએ તો, બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર બીમાર હોવાનું કહેવાય છે. પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, નીતિશ કુમારની તબિયત ઠીક ન હોવાના કારણે આજે તેમના તમામ કાર્યક્રમો રદ કરી દેવામાં આવ્યા છે. કહેવાય છે કે, નીતિશ કુમારે આજે તેમની સ્વર્ગીય પત્નીની પુણ્યતિથિ પર આયોજીત કાર્યક્રમ પણ સ્થગતિ કરી દીધો છે. તો વળી નીતિશ કુમાર પ્રધાનમંત્રી મોદીના નામાંકનમાં પણ સામેલ થઈ શક્યા નહોતા. હકીકતમાં જોઈએ તો, નીતિશ કુમાર પીએમ મોદીના નામાંકનમાં સામેલ થવા માટે વારાણસી આવવાના હતા. પણ હવે તેમની તબિયત ઠીક ન હોવાના કારણે નીતિશ કુમાર વારાણસી પહોંચી શક્યા નહોતા.

**ઈરાન સાથે બિઝનેસ ડીલ કરનારાઓએ સમજવું જોઈએ**

## ભારત અને ઈરાન વચ્ચે ચાબહાર ડીલ પર અમેરિકાની ચેતવણી!

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ |

ભારતે ઈરાનના ચાબહાર પોર્ટને દસ વર્ષ માટે ઓપરેટ કરવા માટે તેહરાન સાથે કરાર કર્યો છે. આ સમયગાળા દરમિયાન ભારત આ બંદરને માત્ર ઓપરેટ કરશે જ નહીં પરંતુ તેનો વિકાસ પણ કરશે. પરંતુ હવે અમેરિકાએ આ અંગે ચેતવણી આપી છે.અમેરિકાએ ચેતવણી આપી છે કે ઈરાન સાથે વેપાર કરવાનું વિચારી રહેલા કોઈપણને અમારી તરફથી સંભવિત પ્રતિબંધોના જોખમોથી વાકેફ રહેવાની જરૂર છે.જ્યારે અમેરિકાના સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રિન્સિપલ ડેપ્યુટી પ્રવક્તા વેદાંત પટેલને ચાબહાર પોર્ટને લઈને ભારત અને ઈરાન વચ્ચે થયેલી સમજૂતી વિશે પૂછવામાં આવ્યું ત્યારે પટેલે કહ્યું કે અમે એવા અહેવાલોથી વાકેફ છીએ કે ઈરાન અને ભારતે ચાબહાર પોર્ટને લઈને ડીલ કરી છે. ભારત સરકારની



પોતાની વિદેશ નીતિ છે. તે ચાબહાર પોર્ટ અને ઈરાન સાથેના તેમના દ્વિપક્ષીય સંબંધોને લઈને ઈરાન સાથે કરવામાં આવેલા સોદાને વધુ સારી રીતે સમજે છે. પરંતુ જ્યાં સુધી અમેરિકાનો સવાલ છે. ઈરાન પર અમેરિકન પ્રતિબંધો ચાલુ રહેશે.જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું આનો અર્થ એ છે કે ભારતીય કંપનીઓ પર પણ નિયંત્રણો લાદી શકાય છે. આના પર તેણે કહ્યું કે હું તમને જણાવી દઈએ કે જો કોઈ ઈરાન સાથે બિઝનેસ ડીલ કરવાનું વિચારી રહ્યું છે તો તેને તેના સંભવિત જોખમો જાણવા જોઈએ. તેઓએ જાણવું જોઈએ કે તેઓને પણ પ્રતિબંધોનો સામનો કરવો પડી શકે છે.ચાબહારમાં બે બંદરો છે. પ્રથમ- શાહિદ કલંતરી અને દ્વિતીય- શાહિદ ભેશ્તી. શિપિંગ મંત્રાલયના ઈન્ડિયા પોર્ટ્સ ગ્લોબલનું સંચાલન શાહિદ બહિશ્તી કરે છે.વાસ્તવમાં આ બંદરનું કામ ભારત પહેલેથી જ સંભાળી રહ્યું હતું. પરંતુ આ ટૂંકા ગાળાનો કરાર હતો. તેને સમયાંતરે રિન્યુ કરાવવું પડતું હતું. પરંતુ હવે ૧૦ વર્ષ માટે લાંબા ગાળાનો કરાર કરવામાં આવ્યો છે.ભારત અને ઈરાન વચ્ચે લાંબા ગાળાના કરારને લઈને વર્ષોથી વાતચીત ચાલી રહી હતી. પરંતુ અનેક કારણોસર તેમાં વિલંબ થઈ રહ્યો હતો. આ દરમિયાન ભારત અને ઈરાનના સંબંધોમાં થોડો તણાવ જોવા મળ્યો હતો. આ સિવાય ઈરાન પર અમેરિકન પ્રતિબંધોને કારણે પણ આ સમજૂતીમાં વિલંબ થયો હતો.

**યાત્રામાં નિર્ધારિત ક્ષમતા કરતા વધુ તીર્થયાત્રીઓની ભીડ**

## યમુનોત્રીમાં ભક્તોની ભીડ વધતા તંત્ર થયું સતર્ક થયું

| (એજન્સી) ઉત્તરાખંડ, તા.૧૪ |

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા શરૂ થઈ ગઈ છે. અત્યાર સુધીમાં ૨૬ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. ઉત્તરકાશી જિલ્લાના યમુનોત્રી ધામમાં ભારે ભીડ જોવા મળી. ભીષણ ભીડ વધતા હવે મામલે તંત્ર સતર્ક થયું છે. યમનોત્રીમાં જોવા મળલે ભારે ભીડ મામલે બોધપાઠ લેતા ગંગોત્રીમાં વહીવટીતંત્ર સતર્ક થતા સુરક્ષા મામલે મહત્વના નિર્ણયો લીધા છે. નિર્ધારિત ક્ષમતા કરતાં વધુ શ્રદ્ધાળુઓના આગમનને કારણે ચારધામ યાત્રાની શરુઆતથી જ અરાજકતા ભર્યા દૃશ્યો જોવા મળ્યા છે. તીર્થયાત્રીઓની અસુવિધા ટાળવા માટે હવે તંત્ર પણ સજ્જ થયું છે.ઉત્તરકાશી જિલ્લા વહીવટીતંત્રે સોમવારે બપોરે ગંગોત્રી ધામ જતા તીર્થયાત્રીઓને રસ્તામાં અટકાવ્યા હતા. ઉત્તરકાશી જિલ્લાના એસપી અર્પણ યદુવંશીએ જણાવ્યું હતું કે ગંગોત્રી જતા વાહનોને જિલ્લા મુખ્યાલયથી લગભગ



બે કિમી આગળ તેખાલા ખાતે રોકવામાં આવી રહ્યા છે અને ઈન્દ્રાવતી પુલ અને જોશિયારા પાસે પાર્ક કરવામાં આવ્યા છે. એક દિવસમાં ૧૧ હજાર તીર્થયાત્રીઓ ગંગોત્રીના દર્શને જવાની મર્યાદા નક્કી કરવામાં આવી છે. હાલમાં માત્ર ગંગનાની અને હર્ષિલ વચ્ચે પહોંચેલા મુસાફરોને જ ગંગોત્રી દર્શન માટે મોકલવામાં આવી રહ્યા છે. ચારધામ યાત્રામાં જોડાયેલા યાત્રિકોને અત્યારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. યાત્રા દરમિયાન કલાકો સુધી લાંબા ટ્રાફિક જામમાં યાત્રાળુઓ અટવાઈ રહ્યા છે.

**પ્રથમવાર કોઈ રાજકીય પક્ષને આરોપી તરીકે નામ અપાશે**

## AAPને દારૂ નીતિ કેસમાં આરોપી બનાવવામાં આવશે

|(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪|

AAP નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન મનીષ સિસોદિયાની જામીન અરજીની સુનાવણી કરતી અદાલતને તપાસ એજન્સીએ કહ્યું છે કે આ કેસમાં પૂરક ચાર્જશીટ દાખલ કરવામાં આવશે અને તેમાં પક્ષનું નામ આપવામાં આવશે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ કથિત કૌભાંડના મની લોન્ડરિંગ એંગલની તપાસ કરી રહ્યું છે અને સુપ્રીમ કોર્ટે શ્રી કેજરીવાલને લોકસભા ચૂંટણીમાં પ્રચાર કરવા માટે વચગાળાના જામીન આપ્યાના થોડા દિવસો બાદ આ પગલું આવ્યું છે. ગયા વર્ષે ઑક્ટોબરમાં, સુપ્રીમ કોર્ટ દ્વારા AAPને આરોપી બનાવવાનો પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો, જેમાં પૂછવામાં આવ્યું હતું કે જો રાજકીય પક્ષને - EDના દાવા મુજબ - દારૂ પોલીસમાં કથિત કિકબેકથી ફાયદો થયો હોય તો તેનું નામ શા માટે લેવામાં આવતું નથી. કેસ. "જ્યાં સુધી પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) નો સંબંધ છે, તમારો આખો મામલો એ છે કે લાભ એક રાજકીય પક્ષને ગયો. તે રાજકીય પક્ષને હજુ પણ આરોપી બનાવવામાં આવ્યો નથી અથવા લાગુ કરવામાં આવ્યો નથી. તમે તેનો જવાબ કેવી રીતે આપો છો? રાજકીય પક્ષ તમારા મતે લાભાર્થી છે," ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના અને એસવી ભાટીની બેન્ચે કહ્યું હતું.

**નક્સલીઓ વિરુદ્ધ સ્પેશિયલ ઓપરેશન**

## છત્તીસગઢના બીજાપુરમાં ૩૦ નક્સલીઓનું આત્મસમર્પણ

| (એજન્સી) છત્તીસગઢ, તા.૧૪ |

છત્તીસગઢના બીજાપુરમાં નક્સલીવાદીઓ સાથેની અથડામણની ઘટનાઓ વચ્ચે ૩૦ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે. આ નક્સલવાદીઓમાંથી નવ પર ૩૯ લાખનું ઈનામ હતું. આ નક્સલીઓ બીજાપુર એસપી, સીઆરપીએફના ડીઆઈજી સહિત વરિષ્ઠ પોલીસ અધિકારી સમક્ષ કાયદાની મુખ્યધારામાં જોડાયા છે. આ ઉપરાંત તેમને પુનર્વસન હેઠળ ૨૫-૨૫ હજાર રોકડ પણ અપાઈ છે. આ નક્સલીઓમાં જનતાનાર સરકારનો અધ્યક્ષ અને ડીએકેએએમએસનો અધ્યક્ષ પણ સામેલ છે.ઉલ્લેખનીય છે કે, બીજાપુરમાં પીડિયાના જંગલોમાં શુક્રવારે (૧૦ મે) સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૧૨ નક્સલવાદીઓ ઠાર થયા હતા. ઘટનામાં બે જવાનો પણ ઈજાગ્રસ્ત થયા હતા. સુરક્ષા દળોએ ઘટનાસ્થળેથી મોટા પ્રમાણમાં વિસ્ફોટક સામગ્રી અને હથિયારો જપ્ત કર્યા હતી. રાબેતા મુજબ સુકમા,



બીજાપુર અને દંતેવાડાની ડીઆરજી કોબરાની ૨૧૦ બટાલિયન અને એસટીએફના જવાનો દ્વારા સર્ચઓપરેશન ચાલી રહ્યું છે. તે દિવસે જવાનોને સૂચના મળી હતી કે, ગંગાલૂર પોલીસ સ્ટેશન ક્ષેત્રના પીડિયા વિસ્તારમાં નક્સલીઓના ટોચના કમાન્ડર લિંગા, પાપારાવ સહિત મોટા લીડર્સો જંગલમાં છે. આ ઉપરાંત નક્સલવાદીઓની ટીમમાં DKSJC, DVCM તેમજ ACM કેડરના મોટા નક્સલવાદીઓ પણ હાજર છે. આ સૂચના મળ્યા બાદ પડોશી જિલ્લાના દંતેવાડા, સુકમા તેમજ બીજાપુરથી STF, DRG, CRPF તેમજ કોબરા બટાલિયનના ૧૨૦૦ જવાનો સંયુક્ત અભિયાન ચલાવી રહ્યા છે.

**ભારતનો આંતરરાષ્ટ્રીય સ્તરે માસ્ટરસ્ટ્રોક**

## ઈરાન સાથે મોટી ડીલ થતાં ચીન-પાકના પેટમાં તેલ રેડાયું

| (એજન્સી) નવીદિલ્હી તા.૧૪ |

અતિ વ્યુહાત્મક તેવા ઈરાનના ચાબહાર બંદરનો વહીવટ આગામી ૧૦ વર્ષ સુધી ભારતને સોંપવા વિશેષતઃ ભારત-ઈરાન વચ્ચે આજે (સોમવારે) કરારો કરવા ભારતના નૌકાયાન-મંત્રી સર્વાનંદ સોનવાલ તહેરાન પહોંચી ગયા હતા. આ અંગે ભારતના વિદેશ મંત્રી જયશંકરે જણાવ્યું હતું કે, ઉપરાંત ચાબહારનું લાંબાગાળાના વહીવટ અંગે પણ વિચારણા થશે.કેન્દ્રના બંદરો, નૌકાયાન અને જળમાર્ગ મંત્રી સોનોવાલ આજે (સોમવારે) એરફોર્સનાં વિશેષ વિમાન દ્વારા ઈરાન પહોંચ્યા હતા અને અતિ-વ્યુહાત્મક તેવા ઈરાનના કુદરતી બારાં (બંદર) ચાબહારના



૧૦ વર્ષ સુધીનાં વહીવટ અંગે ઈરાનના સત્તાવાળાઓ સાથે કરારો કર્યા હતા. આ બંદરનું મહત્વ તે માટે છે કે આ દ્વારા ભારત, પાકિસ્તાનને એક તરફ રાખી અફઘાનિસ્તાન અને મધ્ય એશિયાઇ દેશો સાથે મુક્ત રીતે વ્યાપાર કરી શકશે.

આ વિષે એસ. જયશંકરે મુંબઈમાં પત્રકારોને જણાવ્યું હતું કે ચા બહાર બંદર ભારત માટે વ્યુહાત્મક રીતે તો મહત્વનું છે જ પરંતુ વ્યપાર-વાણિજયની દ્રષ્ટિએ પણ તે મહત્વનું છે.

## ન્યૂઝ બ્રિફ

### રિક્ષાને ટક્કર મારતા માતા-પિતા અને નવજાત સહિત ત્રણના મોત

। (એજન્સી) સુરત, તા.૧૪ ।

સુરત શહેરના છેવાડે નેશનલ હાઈવે ઉપર વલથાણ પાસે અજાણ્યા વાહન ચાલકે રિક્ષાને ટક્કર મારી ફંગોળી હતી. આ અકસ્માતમાં માતા-પિતા અને નવજાત બાળક ત્રણેયના મોત નીપજ્યા હતાં. ત્રણેય પલસાણા તાલુકાના જોળવાની આરાધના ગ્રીનલેન્ડ નજીક રહેતા હતાં. ૨૨ વર્ષીય કલ્પેશભાઈ અને તેમના પત્ની ઈન્દિરાબેન ૫ માસના નવજાત શિશુ સાથે સામાજિક કામ અર્થે રીક્ષામાં વતન જવા નીકળ્યા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, પલસાણા તાલુકાના જોળવાની આરાધના ગ્રીનલેન્ડ નજીક રહેતા ૨૨ વર્ષીય કલ્પેશભાઈ બચુભાઈ સંગાડા કડીયા કામ કરી ગુજરાન ચલાવતા હતા. કલ્પેશભાઈ તેમજ તેમના પત્ની ઈન્દિરાબેન અને ૫ માસના નવજાત શિશુ સાથે જોળવાથી રિક્ષામાં બેસી સામાજિક કામ અર્થે વતન જવા નીકળ્યા હતા. વલથાણ પાસે મુબઈથી અમદાવાદ તરફ જતા હાઈવે ઉપર ક્રિષ્ના હોટલ પાસેના કટ પરથી પસાર થઈ રહેલી રિક્ષાને ટક્કર લાગી હતી. પૂરઝડપે આવી રહેલા અજાણ્યા વાહન ચાલકે જમણી બાજુથી અડફેટે લેતાં રીક્ષા ફંગોળાઈ ગઈ હતી.

### પ્રેમલગ્ન કરનારા દંપતીએ ઓનર કિલિંગનો ભય દર્શાવી હાઇકોર્ટ સમક્ષ અરજી કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

પ્રેમલગ્ન કરનારા દંપતીએ ઓનર કિલિંગનો ભય દર્શાવી હાઈકોર્ટ સમક્ષ પિટિશન કરી છે એવી કેફિયત વ્યક્ત કરી છે કે યુવક-યુવતી ઉપરાંત સમગ્ર કુટુંબને સામાવાળા તરફથી જીવનું જોખમ છે. આ મામલે પોલીસને યોગ્ય કાર્યવાહી કરવા અને અમારી રજૂઆત પર કાયદેસરની કાર્યવાહી કરવાનો આદેશ કરવામાં આવે. હાઈકોર્ટે હાલ આ કેસમાં રૂલ ઈસ્યૂ કરીને સરકારને આદેશ કર્યો છે કે અરજદારો તરફથી સંબંધિત પોલીસ સ્ટેશન સમક્ષ જે રજૂઆત કરવામાં આવી છે, તે સંદર્ભે જરૂરી માહિતી મેળવીને રજૂ કરવામાં આવે. કેસની વધુ સુનાવણી ૧૫મી મેના રોજ મુકરર કરવામાં આવી છે. આ કેસની સુનાવણીમાં સૌથી પહેલાં હાઈકોર્ટે એવો સવાલ કર્યો હતો કે આ તમામ અરજદારો કોણ છે? અને પોલીસ પ્રોટેક્શનની માગ ક્યાં કરવામાં આવી છે. ત્યારે એડવોકેટે યુવતીનું નિવેદન વાંચતાં કહ્યું હતું કે,'હું મારા માતા-પિતાના ઘરેથી ૫ હેરેલા કપડે નીકળી છું અને કોઈ દર-દાગીના સાથે લાવી નથી. મેં મારી મરજીથી પતિ સાથે લગ્ન કર્યા છે અને લગ્નની ફરજ અદા કરવા માટે હું તેની સાથે ગઈ છું. આ મામલે મારા પરિવારને કોઈ ગેરસમજ ન થાય એ માટે અરજી કરવાની ફરજ પડી છે.

### પોઈચા ફરવા આવેલ ૮ જણા નર્મદામાં ડૂબ્યાં

। (એજન્સી) નર્મદા, તા.૧૪ ।

નર્મદા જિલ્લામાં આવેલ પ્રવાસન ધામ પોઈચા ફરવા આવેલા ૮ પ્રવાસીઓ નર્મદા નદીમાં ડૂબ્યા છે. મૂળ અમરેલીના પરંતુ સુરતમાં રહેતા પરિવારજનો સાથે પ્રવાસન ધામ પોઈચા આવ્યા હતા. પોઈચા ખાતેની નર્મદા નદીમાં એક પછી એક નહાવા પડતા બધા તણાયા હતા. બચાવો બચાવોની બૂમ સાંભળીને સ્થાનિક તરવૈયાઓ નર્મદા નદીમાં કુદ્યા હતા. જેમા નર્મદાના નીરમાં ડૂબેલા પૈકી એક જણાને બચાવી લેવાયો હતો. નર્મદા નદીમાં ડૂબેલા આઠ પૈકી હજુ પણ સાત લોકોની શોધખોળ સ્થાનિક તરવૈયાઓ દ્વારા કરવામાં આવી રહી છે. આ ગંભીર ઘટનાની જાણ થતા જ રાજપીપળાથી ફાયર ફાઈટરો ઘટના સ્થળે પહોચ્યાં હતા. રાજપીપળા ટાઉન પોલીસ પણ પહોચીને બચાવ અને રાહત કાર્યમાં લાગી ગઈ છે. નર્મદા નદીમાં ડૂબેલા પ્રવાસીઓ અંગે મળતી પ્રાથમિક વિગતો અનુસાર, ૩ નાના બાળકો સાથે કુલ ૮ લોકો ડૂબ્યા હતા. જેમાંથી એક વ્યક્તિને સ્થાનિક તરવૈયાઓ દ્વારા બચાવી લેવામાં આવ્યો છે. જેને પ્રાથમિક સારવાર પૂરી પાડવામાં આવી હતી. બાકીના સાતની શોધખોળ કરવામાં આવી રહી છે.

---

### હાઇકોર્ટે મહત્ત્વપૂર્ણ અવલોકન કર્યું । RPF કોન્સ્ટેબલને બાકીના નાણાં ચૂકવવાના સિંગલ જજના આદેશને ડિવિઝન બેંચની બહાલી

# કર્મચારીને ખોટી રીતે છૂટાં કરનારા નોકરી દાતાને 'પ્રીમિયમ' ન મળી શકે : હાઇકોર્ટ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

RPFના કોન્સ્ટેબલને નોકરીમાં પરત લઈને બાકી નાણાં (બેક વેજીઝ) ચૂકવવાના સિંગલ જજના ચુકાદાને પડકારતી RPFના ડિરેક્ટર જનરલની અપીલને રદ કરતાં હાઈકોર્ટે એવું મહત્ત્વપૂર્ણ અવલોકન કર્યું છે કે,'સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ રીતે ઠરાવ્યું છે કે કોઈ કર્મચારીને ખોટી રીતે કે ગેરકાયદેસર રીતે નોકરીમાંથી દૂર કરવામાં આવ્યા હોય ત્યારે નોકરી આપનારે ખોટું કર્યા હોવાનું કહેવાય અને કર્મચારી પીડિત ગણાય. ત્યારે ખોટું કરનારા નોકરી દાતાને કર્મચારીના બાકી નાણાં ચૂકવવામાંથી મુક્તિ આપીને 'પ્રીમિયમ' (લાભ કે રાહત) આપવું યોગ્ય અને ન્યાયી નથી.' હાઈકોર્ટની ડિવિઝન બેંચે સિંગલ જજના ચુકાદાને બહાલ રાખતાં આદેશની નકલ મળ્યાના આઠ સપ્તાહમાં કર્મચારીને ૫૦% બેક વેજીસ આપવાનો આદેશ કર્યો છે.

પ્રસ્તુત કેસમાં RPFના ડિરેક્ટર જનરલ અને અન્યો દ્વારા હાઈકોર્ટના સિંગલ જજના ચુકાદા સામે ડિવિઝન બેંચમાં અપીલ કરવામાં આવી હતી. જેમાં કર્મચારી કે RPFમાં કોન્સ્ટેબલ હતો તેને સિંગલ જજના ચુકાદા મુજબ નોકરીમાં પરત લઈ લેવામાં આવ્યો હતો પરંતુ ૫૦% બેક વેજીસની ચુકવણીથી નાણાકીય બોજો પડશે એવી દલીલ કરવામાં આવી હતી. એવી દલીલ પણ કરવામાં આવી હતી કે એકવાર પેનલ્ટી લગાવી દેવામાં આવી હોય ત્યારબાદ બેક વેજીસ આપવાથી નાણાકીય ફટકો પડશે.



ડિવિઝન બેંચે કેસના તમામ તથ્યો અને સામે આવેલી હકીકતોનું મૂલ્યાંકન કરતાં ચુકાદામાં નોંધ્યું હતું કે,'સિંગલ જજના આદેશને ધ્યાનમાં લઈએ તો પણ સ્પષ્ટ થાય છે કે ખુદ રિવ્યૂ કરનારી ઓથોરિટીએ એના આદેશમાં નોંધ્યું હતું કે,'પત્નીની માંદગીના સંજોગોના પગલે કર્મચારી નોકરીએ હાજર રહી શક્યો નહોતો'. તેની રજાની અરજી ડોક્યુમેન્ટેડ છે અને તે ૪૫ દિવસ બાદ નોકરી પર પરત હાજર થઈ ગયો હતો. તેથી એક્સ-કોન્સ્ટેબલનો કોઈ બદઈરાદો નહોતો. પરંતુ તેની બીમાર પત્નીના કારણે તે હાજર થઈ શક્યો નહોતો. તેથી ખુદ વિભાગને પણ એમ જણાયું હતું કે કર્મચારી અનઅધિકૃત રીતે ગેરહાજર રહ્યો નહોતો. આ વાતની નોંધ લઈ સિંગલ જજે કર્મચારીને નોકરીમાં પરત લેવાની અને ૫૦% બેક વેજીસ આપવાનો હુકમ કર્યો હતો.

જોકે આ અપીલ દાખલ થાય એ પહેલાં જ કર્મચારીને સર્વિસમાં લઈ લેવામાં આવ્યો હોવાનું ખુદ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું.' ખંડપીઠે વધુમાં નોંધ્યું હતું કે,'ઉક્ત સંજોગોમાં અમારી સમક્ષ માત્ર એટલો જ મુદ્દો રહે છે કે કર્મચારીને ૫૦% બેક વેજીસની ચુકવણી કરવી કે કેમ. વિભાગનું કહેવું છે કે ૫૦% બેક વેજીસ આપવાથી કર્મચારીની ગેરવર્તણૂક સામે તેને પ્રિમિયમ આપવા સમાન થશે. જો કે સુપ્રીમ કોર્ટના દિપાલી ગુંડુ અને તે સિવાય પ્રદીપ જૈનના કેસોને ધ્યાનમાં લેવામાં આવે તો એમાં સ્પષ્ટ છે કે જો નોકરીદાતા દ્વારા વૈધાનિક જોગવાઈઓનો ભંગ કરવામાં આવ્યો હોય તો કર્મચારી પીડિત ગણાય અને તેને બેક વેજીઝની ચુકવણી કરવાનો હુકમ ન્યાયી કહેવાય.

બીજી તરફ સુપ્રીમ કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું છે કે કોઈ કર્મચારીને ખોટી રીતે કે ગેરકાયદેસર રીતે નોકરીમાંથી દૂર કરવામાં આવ્યા હોય ત્યારે નોકરી આપનારે ખોટું કર્યા હોવાનું કહેવાય અને કર્મચારી પીડિત ગણાય. ત્યારે ખોટું કરનારા નોકરી દાતાને કર્મચારીના બાકી નાણાં ચુકવવામાંથી મુક્તિ આપીને 'પ્રિમિયમ' આપી શકાય નહીં.'

---

# ભાવનગરમાં હીરા ઉદ્યોગને મંદીનું ગ્રહણ, ૪૦ ટકા કારખાના બંધ

### હીરા ઘસવાનો વ્યવસાય કરતા કારીગરોને બીજો કોઈ ધંધો પણ આવડતો ના હોય પરિવારનું ગુજરાન કઈ રીતે ચલાવવું એ સૌથી મોટો પ્રશ્ન

। (એજન્સી) ભાવનગર, તા.૧૪ ।

ભાવનગર જિલ્લામાં હાલ હીરા ઉદ્યોગમાં મંદીનો માહોલ સર્જાયો છે. ૩ હજારથી વધુ કારખાનાઓમાં રોજગારી મેળવતા ૨ લાખથી વધુ રત્નકલાકારો માટે બેરોજગારીનું સંકટ ઉભુ થયું છે. અસહનીય મંદીને કારણે હીરાના કારખાનાઓ બંધ થઈ રહ્યા છે. તેમજ અનેક કારખાનાઓ બંધ થવાના આરે ઉભા છે. માત્ર હીરા ઘસવાનો વ્યવસાય કરતા કારીગરોને બીજો કોઈ ધંધો પણ આવડતો ના હોય પરિવારનું ગુજરાન કઈ રીતે ચલાવવું એ સૌથી મોટો પ્રશ્ન હાલ ઉપસ્થિત થયો છે. જ્યારે હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓ અને કારીગરોને માટે અન્ય રોજગારીની



તકો પણ નથી. જેના કારણે બેરોજગારીનું પ્રમાણ મોટાપાયે વધી શકે એવી સ્થિતિને પગલે ભાવનગર ડાયમંડ એસોસિએશન પણ ચિંતામાં છે. આવી કપરી સ્થિતિ સરકાર માટે પણ ચિંતાનો વિષય છે.

ગુજરાતમાં હીરા ઉદ્યોગ સાથે ૨૦ લાખ કરતા વધુ કારીગરો અને વેપારીઓ સંકળાયેલા છે. અને એ હીરા બજાર પર હાલ મંદીના વાદળો છવાયા છે. જેના કારણે વેપારીઓ સાથે કારીગરો પણ મુશ્કેલીમાં મુકાયા છે. પહેલા યુક્રેન રશિયા અને બાદ ઈઝરાયલ-હમાસ વચ્ચેના યુદ્ધને કારણે હીરા માટેનો વિદેશથી આવતો કાચો માલ બંધ થયો છે અને તૈયાર માલનો ઉપાડ પણ ઓછો થઈ રહ્યો છે. હીરાની કાચી રફ ઓછી આવતી હોય મોંઘા ભાવે રફ ખરીદવી પડે છે. જેના કારણે કારખાનેદારો ના ખર્ચમાં પણ વધારો થાય છે. જેના કારણે નેચરલ ડાયમંડના વેપારને પણ અસર પહોંચી હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. મંદી ના કારણે છેલ્લા કેટલાક સમયથી રત્નકલાકારોને છૂટા કરવામાં આવી રહ્યા છે. અને બંધ થયેલા હીરા ઉત્પાદનના નાના એકમો તો મંદી હટે નહિ ત્યાં સુધી બંધ જ રહે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ભાવનગરમાં બે લાખથી વધુ કારીગરો હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. ડાયમંડ એસોસિએશનના જણાવ્યા અનુસાર ભાવનગર જિલ્લામાં ૩ હજાર જેટલા કારખાના અને ૩ હજાર જેટલી હીરાની ઓફિસો છે. હીરાના કારખાનાઓમાં બે લાખથી વધુ કારીગરો કામ કરે છે. ભાવનગર, મહુવા, તળાજા, ગારિયાધાર સહિતના તાલુકા હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. જેમાં ૧૫ ટકા જેટલા કારખાનાઓ બંધ થતાં તેની સાથે સંકળાયેલા ૪૦ ટકા લોકોને મંદી ની અસર થઈ છે. હીરા ઉદ્યોગમાં મંદીના કારણે સરવાળે તો રત્નકલાકારોને સૌથી વધુ મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે.

---

## સુરતના અડાજણ વિસ્તારમાં એપાર્ટમેન્ટનો સ્લેબ ધરાશાયી



। (એજન્સી) સુરત, તા.૧૪ ।

રાજ્યમાં કેટલીક વાર સ્લેબ ધરાશાયી થવાની ઘટના બનતી હોય છે. ત્યારે આવી જ એક ઘટના સુરતમાં બની છે. સુરતના અડાજણ વિસ્તારમાં આવેલા એક જૂના એપાર્ટમેન્ટનો સ્લેબ ધરાશાયી થવાની ઘટના બની છે. રાત્રીના સમયે ૩૦ વર્ષ જૂના જનકપુરી એપાર્ટમેન્ટનો સ્લેબ ધરાશાયી થયો હતો. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. જો કે બાજુમાં જ અન્ય એપાર્ટમેન્ટ પણ જર્જરિત હાલતમાં જ છે. છતા પણ લોકો તેમાં વસવાટ કરે છે. સ્લેબ ધરાશાયીની ઘટના સવારે બની હોત તો મોટી જાનહાની થવાની સંભાવના હતી.

---

### સ્માર્ટ મીટર કાઢીને જુના વીજ મીટર લગાવી દેવા ઉગ્ર માંગ

## સ્માર્ટ સિટી વડોદરાના સ્માર્ટ મીટરોમાં ગરબડ હોવાના આક્ષેપ

### વીજબિલ બે થી ત્રણ ગણું વધી ગયું, વીજ નિગમની ઓફિસે લોકોનો આક્રોશ

। (એજન્સી) વડોદરા, તા.૧૪ ।

સ્માર્ટ સિટી વડોદરામાં સ્માર્ટ વીજ મીટર વીજ કનેક્શન ધારકોને લગાવવાની ચાલતી કાર્યવાહી સંદર્ભે સુભાનપુરા વીજ નિગમ ની ઓફિસે એકત્ર થયેલા ઉશ્કેરાયેલા ટોળાએ માસિક વીજ બિલ બેથી ત્રણ ગણું આવતું હોવાના આક્ષેપો કરીને સ્માર્ટ મીટર કાઢીને જુના વીજ મીટર લગાવી દેવા ઉગ્ર માંગ કરી હતી. સ્માર્ટ મીટરમાં ગરબડ હોવાના પણ આક્ષેપો ટોળાએ કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સ્માર્ટ સિટી વડોદરામાં પ્રત્યેક વીજ કનેક્શન ધારકનું જૂનું વીજ મીટર કાઢીને નવા સ્માર્ટ વીજ મીટર લગાવવાની કાર્યવાહીનું કામ એજન્સીને આપવામાં આવ્યું છે. સુભાન પુરા વિસ્તારમાં વિસ્તારમાં તાજેતરના દિવસોમાં જુના વીજ મીટર કાઢીને નવા સ્માર્ટ મીટર એજન્સી દ્વારા લગાવવામાં આવ્યા હતા. સુભાનપુરા વિસ્તારની વીજ નિગમની કચેરીએ પ્રધાનમંત્રી આવાસ યોજનાની સ્વામી વિવેકાનંદ હાઈટ્સ-૧ના સ્થાનિક રહીશોનું રોષે ભરાયેલું મસ મોટુ ટોળું સુભાનપુરા વિસ્તારમાં આવેલી વીજ નિગમની ઓફિસે ઘસી ગયું હતું. વીજ નિગમની ઓફિસના દરવાજા અંદરથી બંધ હતા ભારે હોબાળો મચાવ્યા બાદ દરવાજા ખોલાયા હતા. ઉપસ્થિત રોષે ભરાયેલા ટોળાએ નવા સ્માર્ટ મીટર કાઢીને જુના વીજ મીટર પુનઃ લગાવી આપવા માંગ કરી હતી. સ્માર્ટ વીજ મીટર લાઈટનું બિલ બે થી ત્રણ ગણું વધી ગયું હોવાના આક્ષેપો કર્યા હતા. ઉપરાંત વીજ રિચાર્જ ખતમ થયા બાદ કનેક્શન કાપી નાખવામાં આવે છે. આ સ્માર્ટ મીટરમાં ગરબડ હોવાના પણ એકત્ર સ્થાનિક રહીશોના ટોળાંએ આક્ષેપ કર્યા હતા. જ્યારે બીજી બાજુ વીજ નિગમની ઓફિસમાં ઉપસ્થિત કરીએ જણાવ્યું હતું કે સ્માર્ટ મીટર નાખવાનો કોન્ટ્રાક્ટ ખાનગી એજન્સીને આપવામાં આવ્યો છે. આ અંગે અમે વધુ કંઈ કહી શકીએ નહીં એમ તેમણે જણાવ્યું હતું.

---

### શિક્ષણ બોર્ડે આપી મહત્વની જાણકારી

## ધો. ૧૨ના વિદ્યાર્થીઓએ ગુણચકાસણી માટે કરવી ઓનલાઈન અરજી પડશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

૯ મેએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨નું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આ પરિણામ બાદ જે વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી કરાવવા ઈચ્છે છે તેના માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. શિક્ષણ બોર્ડે આપેલી માહિતી પ્રમાણે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ અને વાણિજ્ય પ્રવાહના વિદ્યાર્થીઓ જે ગુણ ચકાસણી કરાવવા ઈચ્છે છે તેણે ઓનલાઈન અરજી કરવી પડશે. ધોરણ ૧૨ના પરિણામ બાદ જે વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી કરાવવા ઈચ્છે છે તે ૧૩ મેથી ૨૦ મે ૨૦૨૪ સુધી બોર્ડની વેબસાઈટ www.gseb.org થવા hsc.bseb.org પર રજીસ્ટ્રેશન કરી ઓનલાઈન અરજી કરી શકશે. એટલે કે તમે પણ ધોરણ ૧૨ની પરીક્ષા આપી હોય અને તમારે ગુણ ચકાસણી કરાવવી હોય તો ઓનલાઈન અરજી કરવી પડશે. શિક્ષણ બોર્ડે અખબારી યાદીમાં જણાવ્યું કે જે વિદ્યાર્થીઓ ગુજકેટ પરીક્ષાની ઓએમઆરની નકલ મેળવવા ઈચ્છે છે તેણે ૨૦ મે સુધી ઓનલાઈન અરજી કરવાની રહેશે. તે માટે પણ ઓનલાઈન ફી ભરવાની રહેશે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૨૦ મે સાંજે ૫ કલાક સુધીની છે.

---

### ગામની સીમમાં આવેલા એક તળાવમાં નાહવા પડ્યા હતા

## જામનગરમાં પીપર ગામના તળાવમાં ડૂબી જતાં એક યુવાનનું મોત થયું

### તમામ મિત્રો સ્નાન કરી રહ્યા હતા, તે દરમિયાન દેવ એકાએક ઊંડા પાણીમાં ડૂબવા લાગ્યો હતો

। (એજન્સી) જામનગર, તા.૧૪ ।

જામનગર જિલ્લાના કાલાવડ પંથકમાં આવેલી એક ફૂડ પ્રોસેસ કંપનીમાં કામ કરી રહેલા સાત જેટલા કર્મચારીઓ ગઈકાલે રવિવારની રજાના દિવસે પીપર ગામની સીમમાં આવેલા એક તળાવમાં નાહવા પડ્યા હતા જ્યાં ડૂબી જવાના કારણે જુનાગઢ જિલ્લાના માળીયાહાટીના ગામના એક યુવાનનું મૃત્યુ નીપજ્યું છે. જામનગર જિલ્લાના કાલાવડ પંથકમાં આવેલી એક ફૂડ પ્રોસેસ કંપનીમાં કામ કરી રહેલા સાત જેટલા કર્મચારીઓ ગઈકાલે રવિવારની રજાના દિવસે પીપર ગામની સીમમાં આવેલા એક તળાવમાં નાહવા પડ્યા હતા જ્યાં ડૂબી જવાના કારણે જુનાગઢ જિલ્લાના માળીયાહાટીના ગામના એક યુવાનનું મૃત્યુ નીપજ્યું છે.તેની સાથે ન્હાવા પડેલા અન્ય મિત્રોએ બચાવવાના અનેક પ્રયત્નો કર્યા હતા, પરંતુ બચાવી શક્યા ન હતા. આ બનાવની વિગત એવી છે કે મૂળ જુનાગઢ જિલ્લાના માળિયા હાટીના ગામના વતની અને કાલાવડના નીકાવા નજીક આવેલી એક ફૂડ પ્રોસેસિંગ કંપનીમાં રહીને મજૂરી કામ કરતો દેવ કરસનભાઈ ભરડા નામનો ૧૯ વર્ષનો યુવાન ગઈકાલે રવિવારની રજા હોવાથી પોતાની સાથે કામ કરતા અને રૂમ પાર્ટનર રહેતા સાત જેટલા મિત્રોની સાથે કાલાવડ તાલુકાના પીપર ગામની સિમમાં આવેલા કરસનકુઈ નામના તળાવમાં નાહવા માટે ગયા હતા, જયાં તમામ મિત્રો સ્નાન કરી રહ્યા હતા, તે દરમિયાન દેવ એકાએક ઊંડા પાણીમાં ડૂબવા લાગ્યો હતો. અન્ય મિત્રોએ તેને બચાવવા માટેના અનેક પ્રયત્નો કર્યા હતા, પરંતુ દેવનું ઊંડા પાણીમાં ગરકાવ થઈ જવાના કારણે કરુણ મૃત્યુ નીપજ્યું હતું. તેથી અન્ય મિત્રોએ બુમાબુમ કરી મૂકી હતી. સમગ્ર બનાવ અંગે મૃતક દેવની સાથે જ કામ કરી રહેલા પરેશ જીવાભાઈ વાસણ નામના અન્ય એક યુવાને કાલાવડ ગ્રામ્ય પોલીસને જાણ કરતાં પોલીસ હેડ કોન્સ્ટેબલ વાય.પી. ગોહિલ બનાવના સ્થળે દોડી ગયા હતા.

---

### આ વર્ષે પણ ચોમાસુ સારું રહેશે

# ૧ જુનની આસપાસ કેરળમાં વરસાદની થશો એન્ટ્રી થશે : હવામાન વિભાગ

### રાજ્યમાં ગઈ કાલે વરસેલા કમોસમી વરસાદથી ગરમીમાં થોડી રાહત અનુભવાઈ છે

। (એજન્સી) અમદાવાદ,તા.૧૪ ।

દેશમાં ચોમાસું સામાન્ય રીતે સૌથી પહેલું ૧ જૂનની આસપાસ કેરળમાં આવે છે. ત્યારબાદ દેશના અન્ય રાજ્યોમાં તે એન્ટ્રી કરે છે, જ્યારે આ વર્ષે દેશમાં ચોમાસું વહેલું આવે તેવી શક્યતા વર્તાઈ રહી છે,

હવામાન વિભાગ મુજબ આવતા અઠવાડિયે આંદામાન સમુદ્રમાં ચોમાસાની એન્ટ્રી થશે. દરમિયાનમાં રાજ્યમાં ગઈ કાલે વરસેલા કમોસમી વરસાદથી ગરમીમાં થોડી રાહત અનુભવાઈ છે. એવામાં આજે ફરીથી ગુજરાતના અમુક જીલ્લામાં વરસાદ થવાની આગાહી છે.

વાતાવરણમાં અચાનક પલ્ટો જોઈને લોકોને ગરમીમાંથી ઘણી રાહત થઈ છે. આ પ્રી મોન્સુન એકટીવીટી વચ્ચે સારા સમાચાર એ આવ્યા છે કે આ વખતે પણ ચોમાસું સમયસર અને સારું રહેવાની શક્યતા છે. કદાચ આ વર્ષે ચોમાસું વહેલું આવે તેવી શક્યતા વર્તાઈ રહી છે, આવતા અઠવાડિયે આંદામાન સમુદ્રમાં ચોમાસું એટ્રી કરશે. દરવર્ષે ચોમાસું સામાન્ય રીતે ૧ જૂનની આસપાસ કેરળમાં આવે છે. અને આ પછી તે સામાન્ય રીતે ઝડપ થી ઉત્તર તરફ આગળ વધે છે અને ૧૫ જુલાઈની આસપાસ સમગ્ર દેશને સંપૂર્ણ પણે આવરી લે છે.

વધુમાં હવામાન વિભાગે જણાવ્યું છે કે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું તેના નિર્ધારિત સમય કરતાં ત્રણ દિવસ વહેલા આવવાની શક્યતા છે. ભારત મોસમ વિજ્ઞાન વિભાગ અનુસાર, દક્ષિણ પશ્ચિમ ચોમાસું ૧૯ મેની આસપાસ દક્ષિણ આંદામાન સમુદ્રમાં પ્રવેશ કરશે. આ ઉપરાંત તે જ દિવસે દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડીના કેટલાક ભાગોમાં પણ પ્રવેશ કરશે.

સામાન્ય રીતે દર વર્ષે ૨૨ મેના રોજ ચોમાસું આ ભાગમાં પહોંચે છે, પરંતુ આ વર્ષે તે તેના ત્રણ દિવસ પહેલા પ્રવેશ કરશે. ચોમાસું સામાન્ય રીતે કેરળમાં ૧ જૂનની આસપાસ પહોંચે છે. આ પછી તે સામાન્ય રીતે ઝડપથી ઉત્તર તરફ આગળ વધે છે અને ૧૫ જુલાઈની આસપાસ સમગ્ર દેશને આવરી લે છે. હવામાન વિભાગને અપેક્ષા છે કે આ વર્ષે દેશમાં સામાન્ય કરતાં વધુ ચોમાસામાં વરસાદ થશે.

ભારતીય હવામાન વિભાગે, ૧૫ એપ્રિલે તેની લાંબાગાળાની આગાહીમાં જણાવ્યું હતું કે જૂનથી સપ્ટેમ્બર દરમિયાન દેશમાં ચોમાસાનો વરસાદ ૧૦૬% રહેવાની ધારણા છે, જે "સામાન્યથી ઉપર" ગણવામાં આવે છે." ભારત મોસમ વિજ્ઞાન વિભાગે જણાવ્યું છે કે મેના છેલ્લા સપ્તાહ દરમિયાન અપડેટેડ આગાહી ફરી જારી કરવામાં આવશે, જેમાં ઉત્તર પશ્ચિમ ભારત, મધ્ય ભારત, દક્ષિણ દ્વીપકલ્પ અને ઉત્તરપૂર્વ ભારતમાં ચોમાસાની સ્થિતિ અને આગાહી અંગેની માહિતી અપડેટ કરવામાં આવશે.

તાજેતરની આગાહીમાં કહેવામાં આવ્યું છે કે આગામી ૫ દિવસ દરમિયાન મધ્યપ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢ, મધ્ય મહારાષ્ટ્ર અને મરાઠવાડામાં ગાજવીજ, વીજળી અને તેજ પવન સાથે છૂટાછવાયાથી હળવા અને મધ્યમ વરસાદની શક્યતા છે. ભારત મોસમ વિજ્ઞાન વિભાગે જણાવ્યું છે કે ૧૪ મેના રોજ ગુજરાત અને આસપાસના વિસ્તારોમાં આંધી-તોફાન થવાની સંભાવના છે.

---

### ઉત્તર ગુજરાતમાં વરસાદની તબાહી

## રાજ્યમાં વાવાઝોડા સાથે પડેલા વરસાદના કારણે તબાહી સર્જાઈ

। (એજન્સી) મહેસાણા,તા.૧૪ ।

મહેસાણા જિલ્લામાં વિસનગર, ઊંઝા, કડી અને વિજાપુરમાં ઝાપટાં પડ્યાં હતાં. સૌથી વધુ બહુચરાજી અને રાધનપુરમાં એક ઈંચ અને હારિજમાં પોણો ઈંચ વરસાદ નોંધાયો હતો. વરસાદના પગલે બાજરી, મગ, અજમો, મગફળનાં પાકનું મોટું નુકસાન થયું છે. મધ્યપ્રદેશ પર સર્જાયેલા ચક્રવાતના કારણે ઉ.ગુ.માં ૩૯ કિમીની ઝડપે વાવાઝોડું ફૂંકાયા બાદ ગાજવીજ અને કરા સાથે વરસાદ પડ્યો હતો. ઉત્તર ગુજરાતમાં ચાલુ સાલે ૪.૨૮ લાખ હેક્ટરમાં થયેલું વાવેતર કાપણીના આરે પહોંચ્યું છે.

ત્યારે વરસાદ થતાં ખેડૂતો કાપણી કરેલા પાકને બચાવવા દોડતાં થયા હતા. બાજરી, મગ, અજમો અને મગફળીના પાકને સૌથી વધુ નુકસાન થવાની શક્યતા છે. ઉલ્લેખનિય છે કે, ૧.૯૮ લાખ હેક્ટરમાં બાજરી, ૩૨૦ હેક્ટરમાં મગ, ૩૪૩૦૦ હેક્ટરમાં મગફળીનું વાવેતર થયું છે. ઉત્તર ગુજરાતમાં સોમવારે ગરમી બે ડિગ્રી સુધી ઉચકાતાં મુખ્ય ૫ શહેરોમાં ગરમીનો પારો ૪૧ થી લઈ ૪૨.૮ ડિગ્રીની વચ્ચે રહ્યો હતો. ૪૨.૮ ડિગ્રી સાથે ડીસા રાજ્યનું સૌથી ગરમ શહેર રહેવાની સાથે ઉત્તર ગુજરાતમાં સીઝનની સૌથી ઊંચી ગરમીનો રેકોર્ડ બન્યો હતો. બપોર સુધી કાળઝાળ ગરમી બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને પ્રતિ કલાકે ૩૯ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાતાં ધૂળની આંધી ઉઠતાં આંખો ખોલવી મુશ્કેલી બની હતી. સાંજના ૪ થી રાત્રે ૮ સુધીના ૪ કલાકમાં ૧૮ તાલુકામાં નોંધણી લાયક વરસાદ પડ્યો હતો. જેમાં સૌથી વધુ બહુચરાજી અને રાધનપુરમાં એક ઈંચ અને હારિજમાં પોણો ઈંચ નોંધાયો હતો.

**ન્યૂઝ બ્રિફ**

## ભારતના હાથમાં આવ્યું ઈરાનનું મહત્વપૂર્ણ બંદર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

ભારત અને ઈરાને ચાબહાર બંદરને લઈને સોમવારે દસ વર્ષના કરાર પર હસ્તાક્ષર કર્યા. તેના થોડા જ કલાકો બાદ અમેરિકાએ ચેતવણી આપી કે કોઈ પણ તહેરાનની સાથે વ્યાપારિક કરાર કરવાનો વિચાર બનાવી રહ્યા છે તો તેને સંભવિત પ્રતિબંધના જોખમ વિશે જાણ હોવી જોઈએ. જોકે, અમેરિકી વિદેશ વિભાગના પ્રવક્તા વેદાંત પટેલે કહ્યું કે તેઓ ભારત સરકારને પોતાની વિદેશ નીતિના લક્ષ્યો પર બોલવા દેશે. પટેલે કહ્યું, હુ માત્ર એટલુ કહીશ ઈરાન પર અમેરિકી પ્રતિબંધ લાગુ રહેશે અને અમે તેને ચાલુ રાખીશું. કોઈ પણ સંસ્થા જો ઈરાનની સાથે વેપાર કરાર પર વિચાર કરી રહી છે તો તેને આ જોખમ વિશે ખબર હોવી જોઈએ કે પ્રતિબંધ લાગી શકે છે. ચાબહાર બંદરના સંચાલન માટે ભારતના ઈન્ડિયન પોર્ટ્સ ગ્લોબલ લિમિટેડ (આઈપીજીએલ) અને ઈરાનના પોર્ટ એન્ડ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશન (પીએમઓ) ની વચ્ચે દ્વિપક્ષીય કરાર પર હસ્તાક્ષર થયા.

## ગાઝાના રાફામાં UNના વાહન પર હુમલો થતાં સ્ટાફ મેમ્બરનું મોત



। (એજન્સી) નવીદિલ્હી તા.૧૪ ।

ઈઝરાયલ અને હમાસની વચ્ચે ચાલુ યુદ્ધ રોકાવાનું નામ લઈ રહ્યું નથી. આ યુદ્ધમાં હવે સંયુક્ત રાષ્ટ્રના કર્મચારીઓના મોત પણ થવા લાગ્યા છે. આવો એક કેસ તાજેતરમાં જ સામે આવ્યો છે. જેમાં પેલેસ્ટાઈનના રાફામાં સંયુક્ત રાષ્ટ્રની ગાડી પર થયેલા હુમલામાં ભારતીય સેનાના એક પૂર્વ જવાનનું મોત નીપજ્યું. ઈન્ડિયન આર્મીના આ પૂર્વ જવાન વર્તમાનમોંદ્ર માટે કામ કરી રહ્યા હતા. તેઓ હાલ સંયુક્ત રાષ્ટ્રના સેફટી અને સિક્યોરિટી સ્ટાફના સભ્ય હતા. જોકે, અત્યાર સુધી ભારતીય સેનાના પૂર્વ જવાનની ઓળખ થઈ શકી નથી. આ એટેકમાં સંયુક્ત રાષ્ટ્રના એક બીજા કર્મચારી ઈજાગ્રસ્ત પણ થયા છે. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે આ ઘટના બાદ નિવેદન જારી કર્યું છે. તેમણે કહ્યું, 'ડીએસએસના એક કર્મચારીનું મોત અને બીજાના ઈજાગ્રસ્ત થવાના સમાચાર સાંભળીને ખૂબ દુઃખ થયુ છે.' ગુટેરેસે સંયુક્ત રાષ્ટ્ર કર્મચારીઓ પર હુમલાની નિંદા કરી અને સમગ્ર તપાસની માગ પણ કરી છે.

## બેંકીંગ અને કેપિટલ માર્કેટ રીફોર્મ્સ ઝડપી કરવા અર્થશાસ્ત્રીઓનો અનુરોધ



। (એજન્સી) પેરીસ, તા.૧૪ ।

સમગ્ર યુરોપનું અર્થતંત્ર ડામાડોળ બની રહ્યું છે. ખંડભરમાં અશાંતિ અને અજંપો પ્રસરી રહ્યાં છે. માથાદીઠ આવક તૂટી રહી છે. સસ્તી અને વૈવિધ્યસભર તથા નીતનવી ચીની ચીજો બજાર સર કરી રહી છે. ચીનના ઉદ્યોગપતિઓ વૈવિધ્ય સભર અને સંશોધન કરી રોજેરોજ નિત-નવી ચીજો બજારમાં ઠાલવતાં 'કોટીન્ટન'ના વ્યાપાર-ઉદ્યોગો માર ખાઈ રહ્યાં છે. ભીતિ તો તે છે કે ફરી એકવાર 'ક્રાઈસિસ' (કટોકટી) ઊભી ન થાય. ઈયુના ૨૭ સભ્યોનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન (મૂડીરોકાણ) અમેરિકાના મેગ્નિફીસન્ટ સેવન (સાત મોટા ઉદ્યોગો)ના મૂડી રોકાણ જેટલું રહ્યું છે. ગત સપ્તાહે ફ્રાંસના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોંએ વિશ્લેષણ આપતા જણાવ્યું હતું કે 'આર્થિક સદ્ધરતા સિવાય કોઈ પ્રબળ શક્તિ બની શકે જ નહીં. તે માટે સ્વકીય ટેકનોલોજી આગળ ધપાવવી અનિવાર્ય છે.' યુરોપ પુરતી માથાદીઠ સંપત્તિ ઉભી કરી શક્યું નથી. વાસ્તવમાં યુરોપને રોકાણો તથા નવીનીકરણ માટે આકર્ષક ભૂમિ બનાવવાની જરૂર છે.




રક્ષા સચિવ શ્રી ગિરધર અરમાણે મુંબઈમાં તેના સ્થાપના દિવસના કાર્યક્રમ દરમિયાન મઝાગોન ડોક શિપબિલ્ડર્સ લિમિટેડના આસ્તિત્વના ૨૫૦ વર્ષ નિમિત્તે એક સિક્કો બહાર પાડ્યા હતાં.

### માલદીવે ભારત પાસે મદદ માંગી હતી

# બજેટમાં લાખો ડોલરની મદદ મળ્યા બાદ માલદીવ ભારતનું પ્રશંસક બન્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

માલદીવના વિદેશ મંત્રી મુસા ઝમીરે ૮-૧૦ મે વચ્ચે ભારતીય વિદેશ મંત્રી એસ જયશંકર સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી હતી. આ દરમિયાન તેણે ટ્રેઝરી બિલ માટે ભારત પાસે મદદ માંગી હતી. ભારતે ૧૩ મેના રોજ આ માંગને મંજૂરી આપી હતી. આના પર માલદીવના વિદેશ મંત્રાલયે પણ એક નિવેદન બહાર પાડીને ૫૦ મિલિયન ડોલરની મદદ માટે ભારતનો આભાર માન્યો છે. ભારતે માલદીવને ૫૦ મિલિયન ડોલરની મોટી સહાય આપી છે. આ માટે ટાપુ દેશના વિદેશ મંત્રી મુસા ઝમીરે આભાર માન્યો છે. સોશિયલ મીડિયા સાઈટ એક્સ પર એક પોસ્ટમાં, તેમણે નોંધપાત્ર બજેટરી સહાય માટે વિદેશ પ્રધાન એસ જયશંકર અને ભારત સરકારનો આભાર માન્યો. માલદીવના વિદેશ મંત્રીએ તેમની એક્સ-પોસ્ટમાં કહ્યું, "હું ૫૦ મિલિયન ડોલરના ટ્રેઝરી બિલના રોલઓવર



સાથે માલદીવને નોંધપાત્ર બજેટરી સહાય માટે વિદેશ મંત્રી એસ જયશંકર અને ભારત સરકારનો આભાર માનું છું. માલદીવની આ સદ્ભાવનાનો સાચો સંકેત છે. તે ભારત અને ભારત વચ્ચે લાંબા ગાળાની મિત્રતાનું પ્રતીક છે." સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા માલદીવને ફંડ આપશે માલદીવના વિદેશ મંત્રાલય દ્વારા પણ એક નિવેદન જારી કરવામાં આવ્યું છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "ભારત સરકારે આજે માલદીવને $50 મિલિયનની બજેટ સહાય પૂરી પાડી છે.

### ટેન્કમાં કરાયો મોટા ફેરફાર

# T-90ભીષ્મ માર્કનું નવું વર્ઝન ભારતી સેનાના કાફલામાં સામેલ કરવામાં આવશે

### ટૂંક સમયમાં જ તેને ભારતીય સેનાના બખ્તરબંધ વાહનોના કાફલામાં સામેલ પણ કરવામાં આવી શકે

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૪ ।

**T-90** ભીષ્મ માર્ક ૩ ટેક્ની નવી બેચ ચેન્નાઈના અવડી સ્થિત હેવી વ્હીકલ ફેક્ટરીમાંથી બહાર પાડવામાં આવી છે. ટૂંક સમયમાં જ તેને ભારતીય સેનાના બખ્તરબંધ વાહનોના કાફલામાં સામેલ કરવામાં આવશે. આ ટાંકીમાં ઘણા મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. તેની ફાયર પાવર વધારવામાં આવી છે. સુરક્ષા વ્યવસ્થાને અપગ્રેડ કરવામાં આવી છે. ઓપરેશનલ ક્ષમતામાં વધારો કરવામાં આવ્યો છે. હાલમાં આ ટેક્ની ખાસિયતો ગુપ્ત રાખવામાં આવી છે પરંતુ સંરક્ષણ નિષ્ણાતોનું માનવું છે કે તેમાં ડિજિટલ કોમ્યુનિકેશન સિસ્ટમ લગાવવામાં આવી છે. ઑટોટ્રેકર ઈન્સ્ટોલ કરેલું છે. **TKN-4S AGAT-M CDR** સાઈટ ઈન્સ્ટોલ કરેલ છે. **LCD** મોનિટર, ડિજિટલ બેલિસ્ટિક કમ્પ્યુટર, એન્ટિ-થર્મલ **IR** કોટિંગ અને ઈન્વર **GLGMS** ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે. એટલે કે સ્વદેશી સાધનોનો ઉપયોગ વધ્યો છે. **T-90** ટેક્ રશિયાની મુખ્ય યુદ્ધ ટેક્ છે, જેને ભારતે તેનું નામ બદલીને ભીષ્મ કરી દીધું છે. લગભગ ૧૨૦૦ ટાંકીઓ સેવામાં છે. ૪૬૪નો ઓર્ડર આપવામાં આવ્યો છે. ભારતે રશિયા સાથે સોદો કર્યો છે કે તે ૨૦૨૫ સુધીમાં ૧૬૫૭ ભીષ્મને ફરજ પર તૈનાત કરશે. આ કુંડમાં માત્ર ત્રણ જ લોકો બેસે છે. આ ૧૨૫ એમએમની સ્મૂથબોર ગન છે. આ ટાંકી પર ૪૩ શેલ સ્ટોર કરી શકાય છે. તે ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડી શકે છે. તેની ઓપરેશનલ રેન્જ ૫૫૦ કિલોમીટર છે. આ ટેક્ના રશિયન વર્ઝનનો ઉપયોગ ઘણા દેશોમાં થઈ રહ્યો છે. આ ટેક્કે દાગેસ્તાન યુદ્ધ, સીરિયન નાગરિક સંઘર્ષ, ડોનબાસમાં યુદ્ધ, ૨૦૨૦માં નાગોમો-કારાબાખ સંઘર્ષ અને આ વર્ષે યુક્રેનમાં રશિયન ઘૂસણખોરીમાં ઘણી મદદ કરી છે. ભારતીય સેના ૨૦૦૪ થી અત્યાર સુધી આ સેવા પૂરી પાડી રહી છે. આ દેશની સેનાની મુખ્ય યુદ્ધ ટેક્ છે. દેશમાં આ ૧૨૦ એમએમ બેરલ ટેક્ની સંખ્યા ૧૪૧ છે. તેના બે પ્રકારો છે – પ્રથમ **MK-1** અને **MK-1A. MK-1 MK-1A** કરતા કદમાં થોડું નાનું છે. બંને ટાંકીમાં ચાર ક્રૂ બેસે છે. બંને ટેક્ એક મિનિટમાં ૬ થી ૮ રાઉન્ડ ફાયર કરી શકે છે. એક ટાંકીમાં ૪૨ શેલ સંગ્રહિત કરી શકાય છે. અર્જુન ટેક્ની રેન્જ ૪૫૦ કિલોમીટર છે. સોવિયેત યુગની ટાંકી જે ઘણા વર્ષોથી ભારતીય સેનામાં સેવા આપે છે. ભારતીય સેનામાં ૨૪૧૦ ટેક્ સેવા આપી રહી છે.

## પાક. સાથેના નૈનાકોટ યુદ્ધમાં આ ટેંકે પાક.ની સેનાની હાલત ખરાબ

**1000 T-72 અજેયા ટેક્ને અપગ્રેડ કરવા માટે રશિયા, પોલેન્ડ અને ફ્રાન્સ મોકલવાની છે. નવું અજેય યુદ્ધ માટે તૈયાર છે. તેનું ઉત્પાદન ભારતમાં થશે. વિશ્વના ઘણા દેશોમાં તેનો ઉપયોગ થાય છે. આ ટેક્નો ઉપયોગ કરવામાં આવતા દેશોની કુલ સંખ્યા ૨૫ હજારની આસપાસ છે. તેની ઓપરેશનલ રેન્જ ૪૬૦ કિલોમીટર છે. તેમાં ૧૨૫ એમએમની સ્મૂથબોર ગન પણ લગાવવામાં આવી છે. તેની મહત્તમ ઝડપ સપાટી અને વેરિઅન્ટના આધારે ૬૦ થી ૭૫ કિલોમીટર પ્રતિ કલાક છે. 155 mm સ્વચાલિત આર્ટિલરી K9-Vajra T છે. આવી ૧૦૦ તોપો ભારતીય સેનામાં તૈનાત છે. આ સિવાય ૨૦૦ વધુ તોપો આવી શકે છે. વાસ્તવમાં તે દક્ષિણ કોરિયા દ્વારા બનાવવામાં આવ્યું છે. પરંતુ ભારતમાં તે દેશના સંજોગો અનુસાર બદલવામાં આવ્યો હતો. આ કામ માત્ર સ્વદેશી કંપની કરી રહી છે. તેના શેલોની રેન્જ ૧૮ થી ૫૪ કિલોમીટરની છે. મતલબ કે દૂર બેઠેલા શત્રુ છટકી શકતા નથી. ચીન સાથેના તાજેતરના સંઘર્ષ દરમિયાન પણ તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તે ૪૮ રાઉન્ડ સ્ટોર કરે છે. ઓપરેશનલ રેન્જ ૩૬૦ કિલોમીટર છે અને મહત્તમ ઝડપ ૬૭ કિલોમીટર પ્રતિ કલાક છે. ભારતમાં આવી ૨૦૦ તોપો છે. તેન LOC નજીક તૈનાત કરવામાં આવ્યું છે. આ ટેક્કે ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધમાં પાકિસ્તાની સેનાના છ જીવ બચાવ્યા હતા. તેને ચાર લોકો ચલાવે છે. તેની ઓપરેશનલ રેન્જ ૫૩૦ કિલોમીટર છે. ટાંકીની મહત્તમ ઝડપ ૫૦ કિલોમીટર પ્રતિ કલાક છે. ભારતીય સેના પાસે આવી લગભગ ૭૦૦ ટેક્ છે. તેની ઓપરેશનલ રેન્જ ૩૨૫ કિલોમીટર છે. મહત્તમ ઝડપ ૫૧ કિલોમીટર પ્રતિ કલાક છે.**



સંરક્ષણ સચિવ ગિરધર અરમાણે મુંબઈમાં મઝાગોન ડોક શિપબિલ્ડર્સ લિમિટેડના ૨૫૦માં સ્થાપના દિવસના કાર્યક્રમ દરમિયાન સ્વદેશી મિજેટ સબમરીન 'આરોવાના'ના પ્રોટોટાઈપનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું.

**દિલ્હી હાઈકોર્ટે ECને નોટિસ ફટકારી**

## EVMના CCTV ફૂટેજ સાચવવાની માંગ કરાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

દિલ્હી હાઈકોર્ટે ચૂંટણી પંચને ઈવીએમના સંબંધમાં લેવામાં આવેલી વિડિયોગ્રાફી અને સીસીટીવી ફૂટેજની જાળવણી અને વીડિયો ફૂટેજને સાચવવા માટે અપનાવવામાં આવી રહેલા માર્ગદર્શિકા અંગે એફિડેવિટ દાખલ કરવા જણાવ્યું છે. જસ્ટિસ સચિન દત્તાએ રામપુર લોકસભાના ઉમેદવાર વકીલ મહમૂદ પ્રાચા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર પંચને નોટિસ જારી કરી છે. જેમાં કોર્ટે કહ્યું કે ચૂંટણીને પડકારવાના મામલામાં સીસીટીવી ફૂટેજ મહત્વની ભૂમિકા ભજવે છે.કોર્ટે ૧૦મી મેના રોજના તેના આદેશમાં જણાવ્યું હતું કે, "પ્રતિવાદી/ચૂંટણી પંચે ફર્સ્ટ લેવલ ચેક (એફએલસી) કર્યા પછી ઈવીએમના સંબંધમાં કરવામાં આવેલી વિડિયોગ્રાફી/સીસીટીવી કવરેજના સંદર્ભમાં પ્રતિવાદી/ચૂંટણી પંચને નિર્દેશ આપવા જરૂરી છે. પેરા ૬.૧.૧(e) માં નિર્દિષ્ટ સ્ટેજ સુધી "ચૂંટણી પ્રક્રિયાના વિવિધ તબક્કામાં વિડિયો/CCTV ફૂટેજની જાળવણી માટે લાગુ થતા ધોરણો/માર્ગદર્શિકાઓ દર્શાવતી એફિડેવિટ ફાઈલ કરવાનો નિર્દેશ આપવામાં આવે છે." વાસ્તવમાં, રામપુરથી અપક્ષ ઉમેદવારે પોતાની અરજીમાં કહ્યું છે કે ૧૯ એપ્રિલે ત્યાં ચૂંટણી યોજાયા બાદ તેમણે ચૂંટણી પંચને વિનંતી કરી હતી કે ચૂંટણી પ્રક્રિયા દરમિયાન રેકોર્ડ કરાયેલા તમામ સંબંધિત વીડિયોને સાચવી રાખવાનો નિર્દેશ આપે.

### અડધો ડઝનથી વધુ માંગણીઓના સમર્થનમાં લોકોએ હોબાળો મચાવ્યો

# બદ્રીનાથમાં અવ્યવસ્થાને લઈને યાત્રિકો અને સ્થાનિકોએ મચાવ્યો હતો હોબાળો

। (એજન્સી) ઉત્તરાખંડ, તા.૧૪ ।

બદ્રીનાથ દર્શન માટે આવતા સામાન્ય લોકોન VIP દર્શન વ્યવસ્થાના કારણે ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આવી સ્થિતિમાં બદ્રીનાથમાં VIP દર્શન વ્યવસ્થા બંધ કરવાની માંગ સાથે પ્રદર્શનકારીઓએ પ્રદર્શન કર્યું હતું. અડધો ડઝનથી વધુ માંગણીઓના સમર્થનમાં લોકોએ હોબાળો મચાવ્યો હતો, જેમાં સ્થાનિક લોકો માટે પરંપરાગત માર્ગો પરથી બેરીકેટ્સ હટાવવા અને મંદિરમાં પહેલાની જેમ પ્રવેશની સુવિધા પૂરી પાડવા સહિતની માંગણીઓ કરવામાં આવી હતી. જો કે, બાદમાં પ્રદર્શનકારીઓ અને મંદિર ટ્રસ્ટના અધિકારીઓ વચ્ચેની વાતચીત બાદ, આખરે રસ્તા પરથી બેરિકેટ હટાવી લેવામાં આવ્યા હતા. ઉત્તરાખંડ સરકારે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને પત્ર લખીને વિનંતી



કરી છે કે તેઓ આગામી ૧૫ દિવસ સુધી ફૈં લોકોને ચાર ધામ દર્શન માટે ન આવવા દે. ડેપ્યુટી ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટે કહ્યું કે મંદિર ટ્રસ્ટના અધિકારીઓ અને પ્રદર્શનકારી સાથે વાતચીત કર્યા બાદ, બામાની ગામ તરફ જતા રસ્તા પરથી બેરીકેટ્સ હટાવી દેવામાં આવ્યા હતા. કેદારનાથ અને બદ્રીનાથના માસ્ટર પ્લાનના નામે ચાલી રહેલા વિકાસના કાર્યોને કારણે લોકોને અરાજકતાનો ભોગ બનવું પડે છે. જેને લઈને લોકોમાં સ્થાનિક પ્રશાસન સામે રોષ જોવા મળ્યો હતો. જોશીમઠના ડેપ્યુટી ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ ચંદ્રશેખર વશિષ્ઠે કહ્યું કે ઉચ્ચ અધિકારીઓને પ્રદર્શનકારીઓની અન્ય માંગણીઓ વિશે જાણ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બદ્રીનાથના રહેવાસીઓ તેમની અન્ય માંગણીઓ પૂરી કરવા માટે આગળની રણનીતિ નક્કી કરવા માટે આજે મંગળવારે એક બેઠક યોજાશે. બદ્રીનાથ તીર્થ પુરોહિત સંગઠન સાથે સંકળાયેલા પરવીન ધ્યાનીએ આરોપ લગાવ્યો કે પાંડા સમુદાયના એક ડઝનથી વધુ સભ્યોના ઘર તોડી પાડવામાં આવ્યા છે. બીજી તરફ તેમણે કહ્યું કે, VIP દર્શનના નામે મંદિર ટ્રસ્ટે અરાજકતા સર્જી અને સ્થાનિક લોકોના ઘર તરફ જતો મુખ્ય વોકવે બંધ કરી દીધો છે. ધ્યાનીએ વધુમાં જણાવ્યું હતું કે વિરોધ બાદ વહીવટીતંત્રે રાહદારીઓના માર્ગ પરથી બેરિકેડ હટાવી દીધા હતા અને વીઆઈપી દર્શન માટેના કાઉન્ટરો પણ બંધ કરી દીધા હતા.

### પતંજલિ એડ કેસના મામલે સુપ્રીમ કોર્ટનો ચુકાદો

# બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ સામે તિરસ્કારના કેસમાં SCએ ચુકાદો અનામત રાખ્યો

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૪ ।

પતંજલિ એડ કેસના મામલે સુપ્રીમ કોર્ટે ૧૪ મેના રોજ યોગ ગુરુ બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ વિરુદ્ધ અવમાનના કેસ પર પોતાનો આદેશ અનામત રાખ્યો હતો. બંને લોકોએ પતંજલિ દ્વારા ભ્રામક જાહેરાતો સંબંધિત કેસમાં કોર્ટમાં બિનશરતી માફી માંગી છે. અખબારોમાં જાહેર માફી પણ પ્રસિદ્ધ કરવામાં આવી હતી. બાબા રામદેવ પતંજલિના પ્રમોટર છે, જ્યારે આચાર્ય બાલકૃષ્ણ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરનં પદ સંભાળી રહ્યા છે. બંને પર કોર્ટની અવમાનનાનો આરોપ છે. સુનાવણી દરમિયાન કોર્ટે ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના અધ્યક્ષ ડૉ. અશોકનને પણ આડે હાથ લીધા હતા. અશોકને એલોપેથી ડોક્ટરો વિશે સુપ્રીમ કોર્ટની ટિપ્પણીની ટીકા કરી હતી. આજે તેણે કોર્ટમાં માફી પણ આપી



હતી. જો કે કોર્ટે તેનો સ્વીકાર કર્યો ન હતો. ધ્યાનમાં રાખો કે ભ્રામક જાહેરાતોને લઈને પતંજલિ વિરુદ્ધની અરજી IMA દ્વારા જ દાખલ કરવામાં આવી હતી. આ પછી જ કોર્ટે પતંજિલને માફી માંગવાનો નિર્દેશ આપ્યો હતો.સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી દરમિયાન, રામદેવ અને બાલકૃષ્ણએ એફિડેવિટ દાખલ કરવા માટે સમય માંગ્યો હતો કે જે દવાઓના લાયસન્સ રદ કરવામાં આવ્યા છે તેની જાહેરાતો પાછી ખેંચવા માટે લેવાયેલા પગલાં વિશે. આ અંગે કોર્ટે તેમને બે સપ્તાહનો સમય આપ્યો હતો. બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણના વકીલોએ પણ તેમના અસીલોને કોર્ટમાં વ્યક્તિગત હાજરીમાંથી મુક્તિ આપવાની માંગ કરી હતી. કોર્ટે આ સાથે સંમત થયા અને તેમને હાજર રહેવામાંથી મુક્તિ આપવામાં આવી. આ સાથે જ સુપ્રીમ કોર્ટે આ કેસમાં કોર્ટના આદેશ પર પ્રેસને ઈન્ટરવ્યુ આપવા બદલ ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડૉ.અશોકન પર પણ સવાલ ઉઠાવ્યા હતા. IMAની અરજી પર સુનાવણી કરતા કોર્ટે બાબા રામદેવ, બાલકૃષ્ણ અને ઉત્તરાખંડ સરકારને ફટકાર લગાવી હતી. પરંતુ એલોપેથી ડોકટરોના પ્રિસ્ક્રીપ્શનમાં મોંઘી દવાઓ લખવા પર સવાલો ઉઠતા જ IMA પ્રમુખે મીડિયાને આપેલા ઈન્ટરવ્યુમાં જજોની ટીકા કરી હતી. હવે તે કોર્ટ તરફથી મળેલી નોટિસ પર માફી માંગી રહ્યો છે. કોર્ટે પૂછ્યું, "તમે પતંજલિએ જે કર્યું તે બરાબર કર્યું છે.

## તંત્રી લેખ...

# કર્મનો મુખ્ય ઉદ્દેશ્ય કર્તવ્યોનો નિર્વાહ અને જગતની સેવા છે

ગીતામાં કર્મયોગની મહત્તા પર ઘણો ભાર મૂકવામાં આવ્યો છે. કર્મયોગનો મતલબ કહેવાયો છે કે ‘કર્મ’ જગત માટે અને ‘યોગ’ સ્વયં માટે હોવો જોઈએ. તેનો સીધો અર્થ એ છે કે કર્મનો ઉદ્દેશ્ય કર્તવ્યોનો નિર્વાહ અને જગતની સેવા છે, નહિ કે તમારા અહમ્‌નું પોષણ. જો સંસારમાં કોઈને કોઈ પદ મળે છે તો તે પદ તેની ખાનગી સંપત્તિ નથી, તેના પર તેનો એકાધિકાર નથી. જ્યારે તમે કોઈ પદને સુશોભિત કરી રહ્યા છો તો એની સાથે જોડાયેલ કર્તવ્યોનું પાલન કરવા માટે પણ તમે બંધાયેલા છો. આ જ પ્રકારે આ શરીર, મન, બુદ્‌ધિ, વિવેક, ઈન્દ્રિયો બધું જ આપણને બહારથી મળેલા છે. એમાંથી કોઈનું પણ સર્જન આપણે નથી કર્યું. આપણને તે એટલા માટે પ્રદાન કરવામાં આવી છે કે જેનાથી આપણે આપણાં કર્તવ્યોની પૂર્તિ કરીને પોતાના કર્મબંધનોની જાળને કાપી શકીએ. આપણે કર્મ તો કરીએ છીએ, પરંતુ જાળને કાપતા નથી, ઉપરથી તેને વધુને વધુ ગૂંચવતા જઈએ છીએ. વળી જ્યારે દુઃખ પૂરતા વેગથી આવીને આપણને ધરાશાયી કરી દે છે, ત્યારે પણ આપણે ખુદને દોષી ન માનીને બીજાઓ પર દોષારોપણ કરવાનું શરૂ કરી દે છે. દેવોપાસનામાં લીન વ્યક્તિ જો મનમાં કોઈના પ્રત્યે વિતૃષ્ણાનો ભાવ લાવી રહ્યા છે તો દેવની ઉપાસના જેવું સાત્વિક કર્મ પણ તમસ કર્મની શ્રેણીમાં આવશે. હંમેશાં સ્થૂળની અપેક્ષાએ વધુ પ્રભાવશાળી છે. મનથી કરવામાં આવેલું કાર્ય વધુ મહત્ત્વ ધરાવે છે. વ્યક્તિ વિચારે છે કે હું તો રોજ કલાક-કલાક જાપ કરું છું, તેમ છતાં સુખદ ફળ નથી મળતું. તમે શરીરથી, વાણીથી કર્મ કરી રહ્યા છો, યોગ નથી કરી રહ્યા. યોગનો અર્થ છે કર્મોમાં નિર્લિપ્તતા. તમારે દુઃખ ન જોઈતું હોય તો સુખ પણ છોડવું પડશે. બંને એક સાથે એક જ પોટલીમાં બંધાઈને મળે છે. કર્મયોગથી સિદ્‌ધ થયેલા તત્ત્વજ્ઞ સારી રીતે સમજે છે કે કર્મોથી જ બંધન છે અને કર્મોથી જ મુક્તિ. ગીતા એ જ્ઞાનનો મહાસાગર છે અને તેમાં માનવીય સંબંધો અને માનવીય મૂલ્યોને લગતાં અનેક પ્રકરણ દર્શાવવામાં આવ્યા છે જેમાં કોન્ફિલક્ટ મેનેજમેન્ટ, આત્મ-જાગૃતિ, અનાસક્તિ, કર્મયોગ જેવા કેટલાક મુદ્દાઓ છે જે આજના સમય માટે તદ્દન સુસંગત છે ગત વર્ષની કેટલીક ઘટનાઓ. તથ્ય પટેલ દ્વારા કરાયેલા ગોઝારા અકસ્માતમાં ૯ નિર્દોષ લોકોનાં કમકમાટીભર્યાં મોત થયાં હતાં. મણિપુરની ઘટનાઓથી સમગ્ર દેશ અને માનવતાનું માથું શરમથી ઝૂકી ગયું, પરંતુ આવા અપરાધો બન્યા તે કોઈ જવલ્લેજ બનતા અપરાધ નહોતા, આ અગાઉ પણ એકતરફી પ્રેમમાં એક લબરમૂછિયા યુવકે સુરતમાં પોતાને ગમતી એક કિશોરીનું ગળું સરા જાહેર કાપી નાખ્યું હતું. દિલ્હીમાં એક યુવકે પોતાની પ્રેમિકાની હત્યા કરી તેની લાશના ૩૬ ટુકડા કરી નાખ્યા હતા. દિલ્હીમાં જ ૨૦ વર્ષના યુવકે એક છોકરીને ચપ્પાના ૧૭ ઘા મારીને મોતને ઘાટ ઉતારી દીધી હતી.

## ભારતે ચીન સાથે સીમા વિવાદ ઉકેલવા માટે ટ્રેડ કૂટનીતિનો ઉપયોગ કરવો જોઇએ




ભારત અને ચીનનો સંબંધ બહુ જટિલ છે. સીમા વિવાદને કારણે અદાવત પણ છે અને ટ્રેડના મોરચે મોટું ભાગીદાર પણ છે. ભારત ચીનના જીડીપીમાં ભારે યોગદાન આપી રહ્યું છે, છતાં ચીન ભારતનું જ હરસંભવ નુકસાન કરવાની કોશિશ કરતું રહે છે. ૨૦૨૦માં ગલવાનની હિંસક સૈન્ય ઘટના બાદ ભારતમાં ચીની સામાનના બહિષ્કારની હવા ચાલી. અનેક સંગઠનોએ ચીનથી આયાત નહિ કરવાના સોગંદ ખાધા, એ માનવામાં આવ્યું કે જો ભારત ચીનથી આયાત નહીં કરે તો તેનાથી ચીનને ઝાટકો લાગશે અને ચીન માટે ભારતની નારાજગી સહન કરવી આર્થિક રૂપે મોંઘી પડશે, પરંતુ ધરાતલ પર એવું કશું ખાસ ન થયું. ભારત ચીનથી આયાત કરે છે. આ આયત સમય સાથે વધતી જ ગઈ છે. ૨૦૨૩-૨૪માં ચીન ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર હતું. અમેરિકા સાથે વેપાર તેમ છતાં સંતુલિત છે, જેમાં ભારત વધુ નિકાસ કરી રહ્યું છે અને ઓછી આયાત કરી રહ્યું છે , પરંતુ ચીન સાથે વ્યાપક સ્તર પર વેપાર ખાધ જોવા મળે છે. ભારત બહુ વધુ પડતી આયાત ચીનથી કરી રહ્યું છે અને ચીનને બહુ ઓછી નિકાસ કરી રહ્યું છે. ગયા વર્ષે ભારત અને ચીન વચ્ચે ૧૧૮.૪ અબજ ડોલરનો પરસ્પર વેપાર થયો, જેમાં ચીનથી ભારતની આયાત ૩.૨૪ ટકા વધીને ૧૦૧.૭ અબજ ડોલર થઈ ગઈ. એટલેકે ચીન સાથે ભારતની વેપાર ખાધ લગભગ ૮૫ અબજ ડોલરની છે. આ બહુ મોટું અસંતુલન છે. આ અસંતુલનને ઠીક કરવાની જરૂર છે. કાં તો ભારત ચીનથી આયાત ઓછી કરે અને પોતાના પૂરવઠા માટે નવો વિકલ્પ શોધે અથવા તો ભારત ચીનને આયાત વધારવા માટે મજબૂરલ કરે. ભારત અને ચીન વચ્ચે વેપાર અસંતુલન કેટલાય દાયકાઓથી છે. ભારત સરકારે એના તરફ ગંભીરતાથી ધ્યાન આપવું જોઈએ. એ સાચું કે આજે દુનિયા ટ્રેડ જાળમાં પરસ્પર ગૂંથાયેલી છે, પરંતુ ભારતે પોતાના હિતોનું ધ્યાન રાખવું પડશે. ભારતે ચીન સાથે સીમા વિવાદ ઉકેલવા માટે ટ્રેડ કૂટનીતિનો ઉપયોગ કરવો જોઈએ. આજે હજારો ચીની કંપનીઓ ભારતમાં કામ કરી રહી છે. આ જ સ્થિતિ ભારતીય કંપનીઓ માટે પણ ચીનમાં હોવી જોઈએ. ભારતની ચીનને લોહ, સુતરાઉ દોરા-કપડાં, હાથશાળ, મસાલા, ફળ, શાકભાજી, પ્લાસ્ટિક અને લિનોલિયમ જેવા ક્ષેત્રોમાં નિકાસ વધી છે. ભારત ચીનથી ઈલેક્ટ્રોનિક સામાન, ન્યૂક્લિયર રિએક્ટર્સ, બોઈલર, ઓર્ગેનિક કેમિકલ, ફર્ટિલાઈઝર, ગાડીઓ સાથે જોડાયેલ સામાન અને એલ્યુમિનિયમ વગેરેની આયાત કરે છે. ભારતનું ચીન અને અમેરિકા સાથે વેપારના આંકડામાં મામૂલી અંતર છે. આર્થિક શોધ સંસ્થા ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટિવના આંકડા અનુસાર, ભારત-અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર ૨૦૨૩-૨૪માં ૧૧૮.૩ અબજ ડોલર રહી છે. ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં અમેરિકા, ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર હતું. વાણિજ્ય મંત્રાલયના આંકડા અનુસાર, ચીન ૨૦૧૩-૧૪થી ૨૦૧૭-૧૮ સુધી અને ૨૦૨૦-૨૧માં પણ ભારતનું શીર્ષ વેપારી ભાગીદાર હતું. અર્થવ્યવસ્થાની ગતિ માટે જરૂરી છે કે ભારતનો વૈશ્વિક વેપાર સતત વધતો રહે, પરંતુ ચીન સાથે આટલા મોટા વેપાર અસંતુલનને નિયંત્રિત કરવાની જરૂર છે.

**આપણા રાજ્યમાં પણ આંધી તોફાન કરા વરસાદમાં વૃક્ષો શેડ પડ્યા ચોમસામાં સાવચેતી રાખવાની જરુરી છે**

# ઘણા ખરા લોકો જે ન ભાવતું હોય તે નહી ખાવાની બાધા લે છે, આથી કંઈ લાભ થતો નથી, પાપ વિકાર છોડે તો લાભ છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ સત્કર્મ વિવિધપૂર્વક કરવામાં આવે તો તે દિવ્ય બને છે, સત્કર્મને કાળ નો નિયમ નથી, સત્કાર્યને તરત કરવું. એને કદાપિ મુલતવી રાખવું નહીં, ધર્મરાજા યુધિષ્ઠિર પાસે એક યાચક દાન માગવા આવ્યો, પરમાત્માનો પ્રત્યક્ષ એટલે કે અપરોક્ષ સાક્ષાત્કાર થાય ત્યારે જીવન સફળ થાય છે.**

ગુજરાત સહિત કેટલાક રાજયમાં હવામાનમાં પલટો આવ્યો છે. મુંબઈમાં એક હોલ્ડિંગ પડતાં એક સોથી વધુ લોકો દટાયા હતા જેમાંથી પંદર જેટલા લોકો મોતને ભેટ્યા હતા અને સિત્તેર લોકો ઘાયલ થયેલ.. આપણા રાજ્યમાં પણ આંધી તોફાન કરા વરસાદમાં વૃક્ષો શેડ પડ્યા ચોમસામાં સાવચેતી રાખવાની જરુરી છે. આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ સત્કર્મ વિવિધપૂર્વક કરવામાં આવે તો તે દિવ્ય બને છે. સત્કર્મને કાળ નો નિયમ નથી. સત્કાર્યને તરત કરવું. એને કદાપિ મુલતવી રાખવું નહીં. ધર્મરાજા યુધિષ્ઠિર પાસે એક યાચક દાન માગવા આવ્યો. ધર્મરાજાએ તેને બીજે દિવસે આવવા કહ્યું. આ વાત ભીમસેને સાંભળી એટલે તરત તે વિજય દુંદુભિ વગાડવા લાગ્યો. બધાને લાગ્યું કે, આ ભીમ સેનનું ખસી તો નથી ગયું ને?ભીમને કારણ પૂછ્યું અત્યારે કયો વિજય થયો છે કે તું દુંદુભિ વગાડે છે. ભીમે કહ્યું કે, આજે મોટાભાઈ એ કાળ ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે.તેમની ખાતરી છેકે પોતેઆવતી કાલ સુધી જીવવાના જ છે. તેથી તેના વિજયમાં આ દુંદુભિ વગાડું છું. ધર્મરાજાને પોતાની ભૂલ સમજાઈ તેમણે યાચકને તરત પાછો બોલાવ્યો અને યથાયોગ્ય દાન આપ્યું. માટે સત્કાર્ય તરત કરો. જીવમાત્રને રોગ થયો છે. જીવને ઈશ્વરનો, શ્રીકૃષ્ણનો વિયોગએ મોટામાં મોટો રોગ.ભાગવતએ ભવરોગની દવા છે. પણ દવામાં જેમ ચરી પાળવી જોઈએ, તેમ કથામાં તેની વિધિ જાળવવી જોઈ એ. શુભ મુહૂર્તે કથાનો પ્રારંભ કરવો જોઈએ. વક્તાનાં લક્ષણો બતાવ્યાં છે. વિરક્તપણું એ પહેલું લક્ષણ બતાવ્યું છે. શુકદેવજી પણ જગતને જોતા હતા પણ નિર્વિકાર હતા. આપણે જગતને જોઈએ, ત્યારે આંખમાં વિકાર આવે છે. શુકદેવજી દરેક સ્ત્રી-પુરુષને ભગવદ ભાવથી જોતા હતા. દરેક સ્ત્રી-પુરુષને ભગવદભાવથીજુઓ વૈરાગ્ય એટલે શું? ભોગના અનેક પદાર્થો મળે છતાં મન તેમાં ન જાય તે વૈરાગ્ય.સાચો માનવી તે છે જે હંમેશાં પોતાની અને બીજાની ખરાબી ઓને દૂર કરતો રહેવા પ્રયત્ન કરે છે. આ રીતે તે સૃષ્ટિને નિર્મળ અને આનંદદાયક બનાવવા માં મદદ કરે છે,જે પરમાત્માને પ્રસન્ન કરવાનું કાર્ય છે. તેનાથી માનવી દેવત્વના ગુણો ધારણ કરવા યોગ્ય બનવા લાગે છે. તેને તે જ્ઞાન મળે છે, જેના વડે માનવી પોતાને ભૌતિક સ્વરૂપની જગાએ આત્મસ્વરૂપમાં જોવા લાગે છે. કેમ કે આત્માનો સ્વભાવ અજર- અમર છે, એટલે આત્મ સ્વરૂપને સમજી લેવાથી માનવી સંસારના ખોટા ભય અને પ્રલોભનોમાંથી મુક્ત થઈ જાય છે અને એવા માર્ગ નો મુસાફર બની જાય છે જે વાસ્તવમાં શ્રેષ્ઠ પુરુષોમાં ઉપયુક્ત કહેવાય છે. વર્તમાન સમયમાં લોકો નું ધ્યાન ભૌતિક ઉન્નતિ તરફ વિશેષ રૂપ થી લાગેલું છે,જે ઉચિત નથી. પ્રત્યેક માણસ પોતાની શક્તિને વધુમાં વધુ વન,વૈભવ, પ્રતિષ્ઠા, નામ મેળવવામાં લગાવે છે. આત્મિક ઉન્નતિનું મહત્ત્વ કાં તો લોકો ભૂલી જાય છે અથવા તેને અવ્યવહારિક વસ્તુ સમજે છે. પણ જો ગંભીર વિચાર કરવામાં આવે તો સ્પષ્ટ જણાય છું કે આ ભૌતિક સફળતા સારા અથવા ખોટા. માર્ગથી મળેલી હોય તો તે સ્થાયી રહી શકતી નથી.વર્તમાન સમયમાં આપણને એવાં પરિવર્તનો મોટા ઉગ્ર રૂપમાં થતાં જોવા મળે છે, મોટા-મોટા રાજા મહારાજા,સમ્રાટ બાદશાહ પોતાનાં ઊંચા પદોથી પડી જઈ અને સાધારણ સ્થિતિમાં મળતા દેખાયા છે. આવી અવસ્થામાં ભૌતિક ઉન્નતિને સર્વોપરિ મહત્ત્વ આપવું અને તેને માનવતાની કસોટી સમજી લેવી એ મોટી ભૂલ છે. આપણે સૌથી પહેલાં વિવેક, સંયમ, સત્ય, દયા, પરમાર્થ વગેરે દૈવી ગુણોને મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ. પરમાત્માનો પ્રત્યક્ષ એટલે કે અપરોક્ષ સાક્ષાત્કાર થાય ત્યારે જીવન સફળ થાય છે. વેદાંતમાં સાક્ષાત્કારના બે પ્રકારો બતાવ્યા છે જેમાં પરોક્ષ જ્ઞાન અને અપ રોક્ષ જ્ઞાન. ઈશ્વર વિના કાંઈ નથી. ઈશ્વર જ બધું છે, હું પણ ઈશ્વરથી અલગ નથી એવું જ્ઞાન થાય, જોનારો ઈશ્વરમય બને,ત્યારે ઈશ્વરનો અપરોક્ષ સાક્ષાત્કાર થાય છે.ઈશ્વરનો સર્વમાં અનુભવ કરતો કરતો ઈશ્વરરૂપ બને છે,તે જ ઈશ્વરનાં પરિપૂર્ણ સ્વરૂપને જાણી શકે છે. મંદિરમાં પરમાત્માનાં દર્શન કરી બહાર આવ્યા પછી દરેકમાં પરમા ત્માનાં દર્શન કરો. જે પરમાત્મા મારામાં છે તે સર્વમાં છે એ પ્રમાણે સારું જગત જેને પરમાત્મારૂપે દેખાય તેને પોતાના સ્વરૂપમાં પણ પરમાત્માનો અનુભવ થાય છે. આ જ અદ્વૈત. શ્રીકૃષ્ણની લીલાઓનું ચિંતન કરી ગોપીઓ પોતાના સ્વરૂપમાં પરમાત્માનો અનુભવ કરે છે અને બોલે છે.હું જ શ્રીકૃષ્ણ છું. શ્રીકૃષ્ણનો સર્વમાં અનુભવ કરતાં ગોપીઓ શ્રીકૃષ્ણમય બની જાય છે. જેને પોતાની અંદર પરમાત્માનાં દર્શન થાય તે જીવ ઈશ્વરમય બની જાય છે.જેને પોતાની અંદર પરમાત્મા દેખાય તે પછી ઈશ્વરથી જુદો રહી શકતો નથી. તે ઈશ્વરમાં મળી જાય છે. આ જ ભાગવતનું રહસ્ય છે અને ફળ પણ એ જ છે.તીર્થયાત્રાએ જવું છે?તોજાઓ દ્વારિકાધીશનાં દર્શન કરજો. બેટ દ્વારિકાની ભગવાનની મૂર્તિ મનોહર છે. સ્વરૂપ અદ્ભુત છે. જોતાં મન ધરાતું નથી. કાશીનું માહાત્મ્ય પણ ઘણું છે. કાશીના પ્રમુખ દેવ છે ભૈરવનાથ. વિશ્વેશં માધવં દુંઢિ દંડપાણિ ચ આ શ્લોક રોજ બોલે તો કાશીમાં રહ્યાનું ફળ મળે છે. કાશીમાં નવ માસ રહે તો પુનર્જન્મ થતો નથી. કાશીના મણિકર્ણિકા ઘાટ ઉપર આ શ્લોક લખ્યો છે. અહીં મરણ મંગલ છે. અહીં જીવન સફળ છે. સ્મશાન એ જ્ઞાનભૂમિ છે. દિવસમાં બે-ચાર વખત સ્મશાનને યાદ કરશો તો બુદ્ધિમાં ફેર પડશે. કલ્પના કરો, હું કાશીમાં છું. અહીંથી મનથી જ ગંગાજીમાં ડૂબકી મારો. કળિયુગમાં મનથી સત્કર્મ કરે તો પણ પુણ્ય મળે છે. ગયાજીએ પિતૃગયા નામનું પ્રસિદ્ધ તીર્થ છે. ગયાજીમાં અનેક શ્રાદ્ધ કરવાં પડે છે. પહેલું શ્રાદ્ધ ફલ્ગુન નદીના કિનારે કરવું પડે છે અને છેલ્લું શ્રાદ્ધ અક્ષયવટ નીચે કરવા માં આવે છે, જ્યાં બાલકૃષ્ણ વિરાજે છે. શ્રાદ્ધ કરનારને બ્રાહ્મણ એક વસ્તુનો ત્યાગ કરાવે છે, પછી ભગવાન પાસે કાંઈક માગવાનું છે. પહેલાં ત્યાગ કરવાનો અને પછી માગવાનું. ભગવાન જે ત્યાગ કરે તેને જ ભગવાન પાસે માગવાનો અધિકાર છે. ઘણાખરા લોકો જે ન ભાવતું હોય તે છોડવાનું નિમ લે છે. કોઈ રીંગણા ખાવાનું છોડે, કોઈ કારેલાં ખાવાનું છોડે છે. આથી કંઈ લાભ થતો નથી. પાપવિકાર છોડે તો લાભ છે.એમ કહો, કાશી વિશ્વ નાથનાં દર્શન કરી મેં કામ છોડી દીધો છે. ગોકુળ-મથુરાની જાત્રા કરી મેં ક્રોધ છોડી દીધો છે. એક-એક તીર્થમાં એક-એક પાપ છોડવાનું હોય છે, એક-એક ત્યાગ કરવાનો હોય છે. કાશીએ જ્ઞાનભૂમિ છે. અયોધ્યા વૈરાગ્યભૂમિ છે. વ્રજભૂમિએ પ્રેમ ભૂમિ છે. નર્મદાનો કિનારોએ તપો ભૂમિ છે. નર્મદાના કિનારે તપ કરવાનું કહ્યું છે. વૈરાગ્ય અને ભક્તિ ત્રણે નર્મદા કિનારે સિદ્ધ થાય છે. તીર્થમાં ક્રોધ ન કરો, તીર્થ માં બ્રહ્મચર્ય વગેરે વ્રતો પાળવાં જોઈએ, તો જ તીર્થયાત્રાનું ફળ મળે છે. યાત્રા કરતાં કરતાં વિદુરજી યમુના કિનારે વૃંદાવનમાં આવ્યા છે. કનૈયો વ્રજમાં ખુલ્લા પગે ફરે છે. યશોદાજી સમજાવે છે કે,વનમાં કાંટા-કાંકરા લાગશે. તું પગમાંજોડા પહેર. કનૈયો કહે છે,મા,હું તમારે ઘરે ગાયોની સેવા કરવા આવ્યો છું.ગયા જન્મમાં રામરૂપે હું રાજાને ઘરે જન્મ્યો એટલે મને કોઈએ ગાયોની સેવા કરવી દીધી નહીં. મેં નક્કી કર્યું, હવે ભવિષ્યમાં હું કોઈ ગોવાળને ત્યાં જન્મ લઈશ અને ગાયોની સેવા કરીશ. હવે તમે જ કહો, મારી ગાયો ઊઘાડા પગે ફરે છે તો હું પગમાં જોડા કેવી રીતે પહેરું? લાલાનાં અનેક નામો છે, પણ મને લાલાનું ગોપાળકૃષ્ણ ગમે છે. શ્રીકૃષ્ણ વ્રજમાં ઊઘાડા પગે ફરે છે તેથી વ્રજરજ અતિ પાવન છે. દ્વારિકામાં તેઓ તો રાજા હતા એટલે ખુલ્લા પગે ફરાય નહીં. વિદુરજી વ્રજની રમણ રેતીમાં આળોટે છે.રમણરેતીમાં ગોપી ઓની ચરણરજ પડેલી. વિદુરજી મંગલમય શ્રીકૃષ્ણની લીલાઓનું ચિંતન કરે છે કે, આ ભૂમિ અતિ શય પાવન છે. મારા શ્રીકૃષ્ણ ગાયો ને લઈને આ ભૂમિમાં આવતા હતા. વ્રજની લીલા નિત્ય છે. આજે પણ ભગવાન શ્રીકૃષ્ણ વ્રજમાં રોજ લીલા કરે છે. શ્રીકૃષ્ણ આનંદ રૂપ વિદુરજીને અનુભવ થયો કે, મારા શ્રીકૃષ્ણ ગાયોને લઈને યમુના કિનારે આવ્યા છે.વિદુરજીની ભાવના એવી હતી. તેને સર્વ લીલા પ્રત્યક્ષ દેખાય છે. આ કદમનું ઝાડ છે. વૈષ્ણવો આને ટેર કદમ કહે છે. ટેર કદમ ઉપર વિરાજેલાં શ્રીકૃષ્ણ વહાલી ગાયોને નામ દઈ-દઈને બોલાવે છે.ગાયોની વચ્ચે ઊભેલા એવા ગોપાળ કૃષ્ણનું ધ્યાન ધરો. ગાયોની વચ્ચે બિરાજેલા શ્રીકૃષ્ણનું ધ્યાન ધરવા થી જલદી તન્મયતા થાય છે. વાચક ચાહક મિત્રો, કાળઝાળ ગરમીમાં થોડી રાહત મળી છે જીંદગીમાં કુદરત અને કુદરતી સંપત્તિનું પૂજન અર્ચન હ્દય મનથી કરો એ ભાવના સાથે અસ્તુ.

**જીવનમાં સફળ થવા માટે આ ચાર બાબતો નું હોવું ખૂબ જરૂરી છેઃ કૌશલ્ય, બુદ્ધિમત્તા, કૃપા અને ભાગ્ય.**

# જીવનમાં સફળતા કોણ નક્કી કરે? શું તેમાં માત્ર ભાગ્ય હોય છે કે તેમાં કૃપાનો હાથ રહેલો હોય છે? ભાગ્ય અને કૃપા વચ્ચે ફરક હોય?

પાંડવોને માટે કૃષ્ણ તેમની કૃપા છે અને દ્રૌપદી તેમનું ભાગ્ય. મહાભારતમાં એક સુંદર ઉદાહરણ છેઃ દ્રૌપદીના પિતા દ્રુપદ, કૃષ્ણ દ્રૌપદીને પત્ની તરીકે સ્વીકારે તેમ ઈચ્છતા હતા, પણ એક રીતે કૃષ્ણ દ્રૌપદીના લગ્ન પાંડવો સાથે થાય તેવું ગોઠવે છે. કૃષ્ણ આ અત્યંત સ્વરૂપવાન સ્ત્રી સાથે લગ્ન કરી શક્યા હોત અને તેમ કરવાથી તે શક્તિશાળી રાજા બની શક્યા હોત. પાંચાલ અને દ્વારકા સાથે મળીને ખુબ શક્તિશાળી રાજ્યો બની શકતે. પણ બીજું કંઇ કરવા નિરધાર્યું. તેથી, તેઓએ જ્યારે દ્રૌપદીને પાંડવોને આપી ત્યારે, તે કૃષ્ણની કૃપા હતી અને તેમનું ભાગ્ય. જો કૃપા હેઠળ તમે કદી બેફિકર નહિ રહેશો. જો તમે જીવનની પ્રક્રિયાઓમાં બેફિકર હેશો તો તમે ચોક્કસ આફતોને આમંત્રિત કરશો. જીવનમાં તમે જે કોઈ પગલું ભરશો ત્યારે તમને વેદના થશે. તમે જો એવું માનતા હોવ કે, બીજાઓને વેદના પહોંચાડીને તમે ફાયદો મેળવી શકો છો, તો તે ફાયદો અલ્પ સમય માટે જ હશે. તમારે તેની કિંમત એ રીતે ચૂકવવી પડશે જે તમને સમજાશે નહિ કે તમારાથી તે સહન ન થઈ શકે. તેમાંથી કોઈ છટકી નથી શકતું. કર્મ એ કોઈ અપરાધ અથવા સજાની કોઈ ધારણા નથી કે, તમે કોઈ અપરાધ કર્યો તો કોઈ તમને તેની સજા કરશે. કર્મ તો તમે પોતે કરેલા કાર્યોનું પરિણામ છે. તમે જો હવામાં પથ્થર ઉછાળો, તો ગુરુત્વાકર્ષણ બળ તમને પથ્થર વડે મારવા માંગે છે તેમ નથી, એ તમારો પથ્થર છે જે પાછો ફરીને તમારા માથામાં વાગે છે. આ કર્મ છે. કર્મ અપરાધ પ્રમાણે તેની સજા મળે તેવી ધારણા નથી, જેમાં તમે કોઈ અપરાધ કરો અને કોઈ તમને તેને માટે સજા કરે. કર્મ તો તમે પોતે કરેલા કાર્યોનું પરિણામ હોય છે. લોકો હંમેશા વિચારે છે, ‘‘જો હું આવું કર્મ કરીશ તો કોઈ મને સજા કરશે.’’ કોઈએ તમને સજા કરવાની જરૂર નથી. એ જ તો એની સુંદરતા છે. તમે તમારા કાર્યોના પરિણામને જાણ્યા વિના જીવો, જે તમારી ઓંછી બુદ્ધિમત્તા અને વધુ પડતી હોશિયારીના પરિણામે હોય છે. ત્યારે અસ્તિત્ત્વની સાથે તમારા સંબંધની સંવાદિતા જળવાતી નથી. આવો વિકાસ ભયંકર હોય છે; તમારે તેમા માટે ઘણી મોટી કિંમત ચૂકવવી પડે છે. દુર્ભાગ્યપણે, આખી દુનિયા આજે આ જ રીતે જવાનું વલણ ધરાવે છે. પણ જો તમે કૃપા હેઠળ હશો, તો અમારે તમને કઈ રીતે ચાલવું તે શીખવવું પડે નહિ. ઢોંગ કરવાની કોઈ આવશ્યકતા નહિ રહે તમારી અંદર એક ખાસ પ્રકારની વિનમ્રતા હશે. તમે જે કાર્ય કરશો તેમાં એક ખાસ પ્રકારની કાળજી હશે તેમજ તમારી અંદર એક કુદરતી બુદ્ધિમત્તાનો વિકાસ થશે, જેથી તમે જીવનમાં પરિસ્થિતિ સંરેખિત થાય તેને માટે રાહ જોશો; તમારે તે માટે કોઈ બળ લગાડવું નહિ પડે. ભાગ્ય આપોઆપ ઉદય પામશે. શું કૃપા અને ભાગ્ય અલગ અલગ છે? ના તે અલગ નથી. હકીકતમાં તો ત્રણે વસ્તુઓ, તેમાં બુદ્ધિમત્તાનો પણ સમાવેશ થાય છે, તે અલગ બાબતો નથી. જો તમારામાં બુદ્ધિમત્તા ન હોય તો તમારા સુધી કૃપા પહોંચશે



નહિ. કૃપા પામવા માટે હોશિયાર હોવું જરૂરી નથી. તેને માટે પીએચ.ડી જરૂરી નથી, પણ તેને માટે બુદ્ધિમત્તા આવશ્યક છે. બુદ્ધિમાન હોવાનો અર્થ છે કે, તમે અસ્તિત્વની સાથે એકરાગ છો. એક ખેડૂત, જે જમીન ખેડે છે, જે કદી નિશાળે નથી ગયો, તે આપણા લવારાઓને સમજી શકતો નથી. છતાં, તે તમારાથી અનેકગણો બુદ્ધિમાન હોઈ શકે કારણ કે, તે અસ્તિત્વ સાથે એકરાગ છે. ધારો કે, આવતીકાલે પૂર આવે છે અને તમારા મકાનો અને સગવડો બધી તણાઈ જાય છે, તો આવી પરિસ્થિતિમાં એ અભણ ખેડૂત તમારા કરતા ઘણી સારી રીતે ટકી જશે. તમારા બધા ઉપકરણો બતાવીને તમે તેને મૂર્ખ દેખાડી શકો. પણ જો તમને બે જણાને જંગલમાં છોડી દેવામાં આવે, તો તે જીવી જશે પણ તમે ગભરાઈ જશો અને ભૂખથી મારી જશો. બુદ્ધિમત્તા એ કંઇ વિચારવું તે નથી. બુદ્ધિમત્તા એટલે તમે પોતાને સાંકળી લીધા છે અને તમે સર્જનની સાથે સુસંગત છો. ધ્યાનનો અર્થ આ જ છે; યોગનો અર્થ આ જ છે. બુદ્ધિમત્તા એટલે તમે પોતાને સાંકળી લીધા છે અને તમે સર્જનની સાથે સુસંગત છો. ધ્યાનનો અર્થ આ જ છે; યોગનો અર્થ આ જ છે. યોગનો અર્થ છે કે, તમે તમારી જાતને સર્જન સાથે એ રીતે સાંકળો છો કે, તમારી હોશિયારી ને કારણે નહિ પણ બુદ્ધિમત્તાને કરણે કાર્ય કરશો એને તે બુદ્ધિમત્તા તમારી નહિ હોય; તે બુદ્ધિમત્તા સૃષ્ટિ અને સૃષ્ટાની હશે. અનેક કર્મોથી નિવૃત્તિ કઠિન છે, કેમ કે કર્મ વિના જીવ એક ક્ષણ પણ નથી રહી શકતો. હું તો એટલું જ કહું કે કરવાયોગ્ય કર્મનું નામ ધર્મ છે અને ન કરવાયોગ્ય કામ કરવાં એ અધર્મ છે. પાપને સહજ કહેવામાં આવે છે, પરંતુ એ કર્મની શ્રેણીમાં નથી. એ ન કરવાની ચીજ આપણે કરી રહ્યા છીએ. ‘મહાભારત’માં આવે છે; જ્યારે દ્યુત રમાયું, દ્રૌપદીને હારી જવામાં આવી ત્યાર બાદ કૃષ્ણ આવે છે. એ સમયે કૃષ્ણ યાત્રામાં હતા અને આવ્યા બાદ તેઓ યુધિષ્ઠિરને કહે છે, ભાઈ, મારા સુધી ખબર નહોતી પહોંચી, નહીંતર તને વિકર્મમાંથી બચાવી લેત. ત્યાં ચાર અપરાધ બતાવ્યા છે. એક મદ્યપાન. બીજો સ્ત્રીનો અયોગ્ય સંગ. ચાહે સ્ત્રી હોય કે પુરુષ હોય; બંનેને લાગુ પડે છે. ત્રીજું દ્યુત. ચોથું મદ્યપાન. ભગવાન કૃષ્ણ કહે છે, આ ચાર વસ્તુ સારી નથી. જુગાર અપરાધ મનાયો છે. જેમાં માણસ સભ્યતા-સંસ્કૃતિ હારી જાય, પોતાની કુલીનતા-શાલીનતા હારી જાય, એ જુગાર અપરાધ છે. મદ્યપાન અપરાધ મનાયું છે. ન પીવાની ચીજ પીવી એ અપરાધ છે. શિકાર; પોતાની રમત માટે, મનોરંજન માટે નિર્દોષ પ્રાણીની હિંસાને અપરાધ મનાયો છે અને સ્ત્રી કે પુરુષના અયોગ્ય સંગને અપરાધ માનવામાં આવ્યો છે. મારી સમજ મુજબ છ વસ્તુનો અપરાધ ન કરવો. એક, કોઈની સાધનાનો અપરાધ ન કરવો. કોઈ ખોડિયારમાને કે મેલડીમાને પૂજે છે તો એ એમની શ્રદ્ધા છે. તમે પતંજલિનું ધ્યાન કરતાં હો તો તમને મુબારક. કોઈ બેરખામાં ‘રામ-રામ’ જપી રહ્યું છે; કોઈ માળા જપી રહ્યું છે; તમે નામજપ નથી કરતા અને ‘સોડહમ્’નો નાદ કરો છો તો તમે એ કરો. કોઈ ‘રામ-રામ’ જપે એનો અપરાધ ન કરો. કોઈ નમાજ અદા કરે છે, એનો અપરાધ ન કરો. તમે પ્રાર્થના કરો છો તો એનો એ લોકો અપરાધ ન કરે. આપણાથી કોઈની પણ સાધનાનો અપરાધ ન થવો જોઈએ. બીજું, કોઈના સાધનનો અપરાધ ન કરવો. જ્ઞાનમાર્ગ એમનું સાધન છે તો ભક્તિમાર્ગવાળાએ એનો અપરાધ ન કરવો જોઈએ. કોઈ કર્મયોગી છે તો કર્મનું સાધન છે. કોઈ તીર્થાટન કરતાં રહે છે. એની આલોચના ન કરો. ત્રીજું, કોઈના પણ મંત્રનો અપરાધ ન કરવો જોઈએ. કોઈ ‘ૐ નમો ભગવતે વાસુદેવાય’નો જપ કરે છે; કોઈ ‘શ્રીરામ જય રામ જય જય રામ’ કરે છે; કોઈ ‘બુદ્ધં શરણં ગચ્છામિ’ કહે છે; કોઈ ‘નમો અરિહંતાણં’ કહે છે. કોઈના પણ મંત્રનો અપરાધ ન કરો. સમાજમાં ઘણા લોકો કહે છે; ‘રામ-કૃષ્ણ’ની વાત છોડો; બીજમંત્ર ઉઠાવો. અરે! રામમંત્ર પણ બીજમંત્ર છે. ‘વિનયપત્રિકા’માં લખ્યું છે, ‘બીજમંત્ર જપિયે સદા જો જપત મહેસ.’

### ‘હીરામંડી’ નેટફ્લિક્સ પર એક મેથી સ્ટ્રીમ કરવામાં આવી છે

# ‘મુન્ની’નું આ રૂપ જોઈ લેત તો, ભણસાલી હીરામંડીમાં તરત આપી દેત રોલ

**‘બજરંગી ભાઈજાન’માં જોવા મળેલી મુન્ની એટલે કે હર્ષાલી મલ્હોત્રાનો વીડિયો જોયા બાદ લોકોએ તેની સરખામણી શર્મિન સહગલ સાથે કરી**




‘હીરામંડી’ નેટફ્લિક્સ પર ૧ મેથી સ્ટ્રીમ કરવામાં આવી છે. તેમાં ઘણી અભિનેત્રીઓ જોવા મળી હતી. શર્મિન સેહગલ આલમઝેબના રોલમાં જોવા મળી હતી. લોકોએ તેની એક્ટિંગને ખૂબ પસંદ કરી હતી પરંતુ સલમાન ખાન સાથે ‘બજરંગી ભાઈજાન’માં જોવા મળેલી હીરામંડી ગીત પર મુન્ની એટલે કે હર્ષાલી મલ્હોત્રાનો વીડિયો જોયા બાદ લોકોએ તેની સરખામણી શર્મિન સહગલ સાથે કરી હતી. હર્ષાલી મલ્હોત્રાએ ‘હીરામંડી’ના ગીત ‘‘એક બાર દેખ લિજિયે’’ પર એક વીડિયો શૂટ કર્યો છે અને તેને ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો છે.વીડિયોમાં હર્ષાલી મલ્હોત્રાએ ‘હીરામંડી’ની અભિનેત્રીઓ જેવો જ લુક અપનાવ્યો છે. તેણે ગોલ્ડન લહેંગા, હાથમાં બ્રેસલેટ અને નાકની નથ સાથે વાળ ખુલ્લા રાખીને લુક કમ્પ્લીટ કર્યો છે. આમાં તે ખૂબ જ સુંદર લાગી રહી છે. ‘‘એક બાર દેખ લિજિયે’’ ગીત પરના તેમના અભિવ્યક્તિઓ પણ અદ્ભુત છે. લોકો તેને આલમઝેબના રોલ માટે લાયક કહી રહ્યા છે. એક યુઝરે લખ્યું, ‘‘કાશ તમે આલમઝેબનું પાત્ર ભજવ્યું હોત. તમારા અભિવ્યક્તિઓ અદ્ભુત છે.’’ અન્ય યુઝરે લખ્યું, ‘‘તમે આલમઝેબના રોલને લાયક છો.’’ બીજાએ લખ્યું, ‘‘તમને આલમઝેબનો રોલ કેમ ન આપવામાં આવ્યો?’’આ સિવાય લોકો તેના વીડિયોના ખૂબ વખાણ પણ કરી રહ્યા છે. એક વ્યક્તિએ ‘બજરંગી ભાઈજાન’ની મુન્નીને યાદ કરીને લખ્યું, ‘‘મુન્ની તું મોટી થઈ ગઈ છે.’’ તે ઈન્સ્ટાગ્રામ પર ખૂબ જ એક્ટિવ છે. તેની સારી ફેન ફોલોઈંગ પણ છે. જ્યારે પણ તે વીડિયો શેર કરે છે. લોકો તેના વીડિયો પર ઘણો પ્રેમ વરસાવે છે.હર્ષાલી મલ્હોત્રા ૨૦૧૫માં સલમાન ખાન સાથે ‘બજરંગી ભાઈજાન’માં જોવા મળી હતી. તેમાં કરીના કપૂર પણ જોવા મળી હતી. ફિલ્મને દર્શકોનો ઘણો પ્રેમ મળ્યો. ફિલ્મે પણ સારી કમાણી કરી હતી. જો કે બજરંગી ભાઈજાન પછી હર્ષાલી મલ્હોત્રા અન્ય કોઈ ફિલ્મમાં જોવા મળી નથી. પરંતુ મુન્નીનો રોલ કર્યા બાદ તેને ઘણી ઓળખ મળી છે. લોકોને તેની એક્ટિંગ ઘણી પસંદ આવી છે.

### કાન્સ ફિલ્મ ફેસ્ટિવલનો આ વીકમાં પ્રારંભ થઈ રહ્યો છે

# અમદાવાદી હેન્ડલૂમ આર્ટનો કાન્સ ફેસ્ટિવલમાં વટ પડશે

કાન્સ ફિલ્મ ફેસ્ટિવલનો આ વીકમાં પ્રારંભ થઈ રહ્યો છે. આ ફેસ્ટિવલમાં દુનિયાના સૌથી મોટા ફિલ્મ માર્કેટ માર્ચે ડુ ફિલ્મમાં અમદાવાદની અનોખી વિશેષતા આધારિત ફિલ્મ રિલીઝ થવાની છે. કોલકાતામાં જન્મેલા અને અમદાવાદ એનઆઈડીમાં ભણેલા ઉપમન્યુ ભટ્ટાચાર્યની ફિલ્મ ‘હેરલૂમ’માં અમદાવાદની પ્રસિદ્ધ હાથશાળાની કલાને દર્શાવવામાં આવી છે. આધુનિક મશીન ટેકનોલોજીના કારણે અસ્તિત્વ માટે ઝઝૂમી રહેલા હેન્ડલૂમ આર્ટનો એક સમયમાં દબદબો હતો. અમદાવાદને પૂર્વનું માન્ચેસ્ટર કહેવામાં આવતું હતું. અમદાવાદની સદીયો પુરાણી ફેશન સેન્સને એનિમેશનની મદદથી આંતરરાષ્ટ્રીય ફલક પર દર્શાવવામાં આવશે. ૬૦ના દસકાના અમદાવાદને દર્શાવતી ‘હેરલૂમ’માં યુવા દંપતિની સ્ટોરી છે. કિર્તિ અને સોનલ પોતાના ભૂતકાળની યાદો અને તેની સાથે સંકળાયેલી કહાનીઓની વાત કરતી વખતે પરિવારના ઈતિહાસ અંગે સજાગ થાય છે. પતિ કિર્તિએ હેન્ડલૂમ મ્યુઝિયમ બનાવવા જંગી ખર્ચ કરી નાખ્યો છે અને પત્ની સોનલનું માનવું છે કે, પરિવારના ભવિષ્ય માટે પાવરલૂમનો બિઝનેસ શરૂ કરવો જોઈએ. NIDમાં ભણેલા ફિલ્મમેકરે ૬૦ના દસકાનું અમદાવાદી જીવન પડદા પર જીવંત કર્યું. અમદાવાદ શહેરની જીવનશૈલી, મિજાજ અને હેન્ડલૂમને એક સાથે રજૂ કરતી આ ફિલ્મ બનાવનારા ઉપમન્યુએ ૨૦૧૪માં અમદાવાદ એનઆઈડી ખાતે એનિમેશન ફિલ્મ ડિઝાઈનનો અભ્યાસ કર્યો હતો. તેમણે જણાવ્યુ હતું કે, સમગ્ર ફિલ્મ બેકગ્રાઉન્ડને કાગળ પર કલર અને પેન્સિલની મદદથી દોરવામાં આવ્યું છે. કેરેક્ટર્સને એનિમેશનની મદદથી તૈયાર કરાયા છે. અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં ફરતી વખતે તેમણે પોળ-ગલીઓ, ભવ્ય મકાનો અને સ્થાપત્ય શૈલીના ચિત્રો બનાવવાનું શરૂ કર્યું હતું. જેનો ઉપયોગ પણ ‘હેરલૂમ’માં કરાયો છે.





# એક સમયે આલિયા ઐશ્વર્યા રાયને રોલ મોડેલ તરીકે સ્વીકારતી હતી

**ગ્લોબલ જર્નીમાં કેટ વિન્સલેટ સહિત અનેક સેલિબ્રિટીઝ પાસેથી શીખવા મળ્યું**



આલિયા ભટ્ટે તાજેતરમાં મેટ ગાલા ઈવેન્ટમાં ભારતીય સાડી સાથે વટ પાડી દીધો હતો. આલિયાની આ હાજરીએ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. આલિયા બીજી વખત આ પ્રતિષ્ઠિત ઈવેન્ટમાં હાજર રહી હતી અને બીજી વખત પણ પોતાની સ્ટાઈલ અને પર્સનાલિટીથી દરેકને પ્રભાવિત કર્યા હતા. પોતાની ગ્લોબલ જનીમાં ઐશ્વર્યા રાયની મોટી ભૂમિકા હોવાનું સ્વીકારતા આલિયાએ તેમને પોતાની ઈન્સ્પિરેશન ગણાવ્યાં હતાં. આલિયાએ ઈન્ડિયન અને ઈન્ટરનેશનલ પર્સનાલિટી તરીકે આગવી ઓળખ મેળવી છે. આ તબક્કા સુધી પહોંચવા આલિયાએ અનેક ગ્લોબલ સેલિબ્રિટીઝ પાસેથી પ્રેરણા લીધી હતી. આલિયાએ કહ્યુ હતું કે, પોતાના અંગત અનુભવોને હૃદયસ્પશી સંગીત સાથે રજૂ કરતી ટેલર સ્વિફ્ટ અને વૈવિધ્ય સાથે મજબૂત બનતી કેટ વિન્સલેટની પ્રશંસા કરી હતી. ભારતમાં કોઈ ગ્લોબલ સ્ટેજ પર જવાનું વિચારતું ન હતું, ત્યારે ઐશ્વર્યાએ સમગ્ર વિશ્વમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને તેમની આ સિદ્ધિએ જ આગળ વધવા પ્રેરણા આપી હતી. બોલિવૂડ સ્ટાર્સમાં આલિયાને કરીના કપૂર ખાન આઈકોનિક લાગે છે. ઊંડાણ અને ભાવ સાથે દમદાર ગીતો આપનારી શ્રેયા ઘોષાલનો પણ આલિયાએ ઉલ્લેખ કર્યો હતો. કરિયરના આગામી વર્ષોમાં પોતાની સર્જનાત્મક મર્યાદા વધારવાની અને ઓડિયન્સને વધારે ગહન સાથે સાંકળવાની આલિયાની ઈચ્છા છે. ફિલ્મોમાં પોતાના રોલ થકી માત્ર મનોરંજન આપવાનો નહીં, પરંતુ પરિવર્તનના માધ્યમ બનવાની આલિયાની ઈચ્છા છે.

### જાન્હવી કપૂર માટે ૨૦૨૪નું વર્ષ સારું રહ્યું છે

# જાન્હવી કપૂરને ઝેન્ડયા અને ઉર્ફી જાવેદની નકલ કરવામાં સંકોચ નથી

**જાન્હવી કપૂર હાલ આગામી ફિલ્મ ‘મિસ્ટર એન્ડ મિસિસ માહી’ના પ્રમોશનમાં વ્યસ્ત છે**



જાન્હવી કપૂર માટે ૨૦૨૪નું વર્ષ સારું રહ્યું છે. જાન્હવી હાલ આગામી ફિલ્મ ‘મિસ્ટર એન્ડ મિસિસ માહી’ના પ્રમોશનમાં વ્યસ્ત છે. જાન્હવીએ ફિલ્મને ચર્ચામાં રાખવા માટે શાહરૂખની જેમ આસ્ક મી એનીથિંગ સેશન રાખ્યું હતું અને નેટિઝન્સના સવાલના જવાબ આપ્યા હતા. એક સવાલના જવાબમાં જાન્હવીએ સ્વીકાર્યુ હતું કે, તે હોલિવૂડ સ્ટાર ઝેન્ડયા અને ભારતીય એક્ટ્રેસ ઉફીની ફેશન સેન્સથી પ્રભાવિત છે અને તેમની નકલ કરવામાં કશું ખોટું નથી. ફેશન સેન્સની બાબતમાં હોલિવૂડ સ્ટારની કોપી કરવાનો ટ્રેન્ડ જૂનો છે. જાન્હવી કપૂરને ઝેન્ડયાની નકલ કરવાનું ગમે છે કે કેમ? આ અંગે વાત કરતાં જાન્હવીએ જણાવ્યુ હતું કે, ઝેન્ડયાએ ચેલેન્જર્સ અને ડ્યુનના પ્રમોશન માટે જે કર્યુ હતું, તે પ્રેરણાદાયી હતું. ફેશનની બાબતમાં ઉફી પણ ક્રીએટિવ છે. એક્ટર્સે પોતાની ફિલ્મના કેરેક્ટર જેવા ડ્રેસિંગની મેથડને પ્રોત્સાહન આપવું જોઈ, તેના કારણે ફિલ્મના પ્રમોશનને લાભ થાય છે. ‘ધડક’ સિવાય અન્ય કોઈ ફિલ્મ માટે અગાઉ આવું કર્યુ નથી. ઝેન્ડયા અનેક વખત પોતાની ફિલ્મની થીમ જેવું ડ્રેસિંગ પસંદ કરે છે. એક્ટરના ડ્રેસ અને દેખાવનો ફિલ્મ સાતે સીધો સંબંધ હોય છે. ફિલ્મને કનેક્ટ કરતાં ડ્રેસના કારણે લોકોનું ધ્યાન ફિલ્મ તરફ જાય છે. આ બાબતમાં ઝેન્ડયાને પોતાની માતા સમાન ગણાવતાં જાન્હવીએ સ્વીકાર્યુ હતું કે, તેના પગલે ચાલવાનો પ્રયાસ કરું છે અને ઝેન્ડયા હકીકતમાં ખૂબ પ્રેરણાદાયી છે. જાન્હવી કપૂરની આગામી ફિલ્મ મિસ્ટર એન્ડ મિસિસ માહીનું ટ્રેલર ૧૨ માર્ચે શેર થયું છે.



# પ્રિયદર્શન અને અક્ષય કુમાર ફરી એક ફિલ્મ માટે એક સાથે

પ્રિયદર્શન અને અક્ષય કુમાર ફરી એક ફિલ્મ માટે એક સાથે આવી રહ્યા છે. તેમણે પહેલાં ‘હેરા ફેરી’ અને ‘ભૂલભુલૈયા’ જેવી ફિલ્મો કરી છે. હવે લાગે છે કે સૈફ અલી ખાન સાથે પણ એક ફિલ્મ માટે કામ કરી રહ્યા છે. આ વખતે તેઓ કોમેડી નહીં પણ એક થ્રિલર પર કામ કરી રહ્યા છે. જોકે, પ્રિયદર્શન મલયાલમમાં થ્રિલર ફિલ્મો આપી ચૂક્યા છે અને તેના માટે લીડ રોલ માટે સૈફની પસંદગી કરી છે. જુલાઈ મહિનામાં તેનું શૂટિંગ શરૂ થઈ જશે. તેની સ્ક્રિપ્ટ તો તૈયાર હોવાના અહેવાલો છે, પરંતુ હજુ કાસ્ટ અને પ્રોડક્શન વિશે વધુ માહિતી મળતી નથી. એવું કહેવાય છે પરંતુ હજુ કાસ્ટ અને પ્રોડક્શન વિશે વધુ માહિતી મળતી નથી. એવું કહેવાય છે કે સૈફ આ ફિલ્મમાં એક અંધ વ્યક્તિની ભૂમિકા કરશે. આ ફિલ્મનું શૂટિંગ ઓગસ્ટમાં પૂરું થશે.



# શ્રીકાંતઃ રાજકુમાર રાવની કરિયરની સૌથી મોટી હિટ બને તેવી શક્યતા

**પ્રજ્ઞાચક્ષુ ઉદ્યોગસાહસિક શ્રીકાંતના જીવન આધારિત ફિલ્મને માઉથ પબ્લિસિટીનો લાભ**



રાજકુમાર રાવની ફિલ્મો બ્લોકબસ્ટર સાબિત નથી થઈ, પરંતુ તેમની એક્ટિંગના વખાણ દરેક ફિલ્મમાં થયાં છે. રાજકુમારની તાજેતરની ફિલ્મ શ્રીકાંત ઓડિયન્સને પસંદ આવી રહી છે અને તે રાજકુમારની કરિયરની સૌથી મોટી હિટ સાબિત થાય તેવી શક્યતા છે. દેશના ઉદ્યોગસાહસિક શ્રીકાંત બોલાના જીવનના આધારે આ ફિલ્મ બની છે. તેઓ MITમાં અભ્યાસ કરનારા પહેલા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાથી હતા. શ્રીકાંતે દેશના સફળ ઉદ્યોગપતિમાં સ્થાન મેળવ્યું છે. શ્રીકાંત બોલાની બાયોપિકમાં રાજકુમાર રાવની એક્ટિંગના ખૂબ વખાણ થઈ રહ્યા છે. આ ફિલ્મ ખૂબ ઓછા બજેટમાં બની છે અને તેને રિલીઝના પહેલા દિવસથી જ સારો રિસ્પોન્સ મળી રહ્યો છે. રિપોર્ટ્સ મુજબ, શ્રીકાંતને પહેલા દિવસે રૂ.૨.૨૫ કરોડનું કલેક્શન મળ્યું હતું. શનિવારે તેનું કલેક્શન રૂ.૪ કરોડ પહોંચ્યું હતું. આમ બે દિવસમાં કુલ રૂ.૬.૨૫ કરોડનું કલેક્શન આ ફિલ્મને મળ્યું છે. રવિવારના દિવસે રૂ.પ ંચ કરોડથી વધુનું કલેક્શન મળવાની શક્યતા છે. ફિલ્મના બજેટની દૃષ્ટિએ આ કલેક્શન ઘણું સારું છે. માઉથ પબ્લિસિટીના કારણે આ ફિલ્મને આગામી દિવસોમાં વધુ લાભ થઈ શકે છે. તેના કારણે વીક ડે દરમિયાન પણ ઓડિયન્સને થીયેટર સુધી લાવી શકાય તેમ છે. રાજકુમાર રાવનો બોક્સઓફિસ રેકોર્ડ ખાસ પ્રભાવશાળી રહ્યો નથી. તેમની કરિયરમાં સૌથી વધુ આવક મેળવનારી ફિલ્મ સ્ત્રી છે. ભારતમાં આ ફિલ્મે રૂ.૧૨૯ કરોડનું કલેક્શન મેળવ્યું હતું. શ્રીકાંતને સ્ત્રી જેવો પ્રારંભિક રિસ્પોન્સ નથી મળ્યો, પરંતુ ઓડિયન્સના રીવ્યૂ અને માઉથ પબ્લિસિટીના કારણે ફિલ્મને લાભ થઈ શકે છે.

# પ્રખ્યાત કન્નડ અભિનેતા ચેતન ચંદ્ર પર કેટલાક ગુંડાઓએ જીવલેણ હુમલો કર્યો



લોકપ્રિય કન્નડ અભિનેતા ચેતન ચંદ્ર વિશે એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. રવિવારે એક ટોળકીએ અભિનેતા પર હુમલો કર્યો હતો, જેમાં તે ખરાબ રીતે ઘાયલ થયો હતો. આ હુમલો બેંગલુરુ પાસે કાગલીપુરામાં થયો હતો. હુમલા બાદ અભિનેતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. અભિનેતાએ ન્યાયની માંગ કરી છે. અભિનેતા ચેતન ચંદ્રાએ સોશિયલ મીડિયા પર પોતાનો વીડિયો શેર કરીને હુમલાની માહિતી આપી છે, જેના પછી તેના તમામ ચાહકો તેની સુરક્ષાને લઈને ચિંતિત છે. અભિનેતાએ સોશિયલ મીડિયા પર જે વીડિયો શેર કર્યો છે તેમાં તે લોહીથી લથબથ જોવા મળી રહ્યો છે. અભિનેતાના મોં અને નાકમાંથી લોહી વહી રહ્યું છે. કપડાં પણ લોહીથી ખરડાયેલા છે. અભિનેતાની આંખમાં પણ ઈજા થઈ છે. એક ટોળકીએ અભિનેતા પર હુમલો કર્યો હતો, જેમાં તે ખરાબ રીતે ઘાયલ થયો હતો, આ હુમલો બેંગલુરુ પાસે કાગલીપુરામાં થયો હતો. તેના પર થયેલા ડરામણા હુમલા વિશે વાત કરતા ચેતને જણાવ્યું કે રવિવારે મધર્સ ડેના દિવસે તે તેની માતા સાથે મંદિરેથી પરત ફરી રહ્યો હતો. ત્યારબાદ ગુંડાઓની કેટલીક ટોળકીએ તેના પર હુમલો કર્યો હતો. હુમલામાં તેના નાકનું હાડકું પણ તૂટી ગયું હતું. ચેતન ચંદ્રાએ કહ્યું કે પહેલા એક નશામાં ધૂત વ્યક્તિએ તેનો પીછો કર્યો અને પછી તેને મારવાનું શરૂ કર્યું. જ્યારે તેણે વ્યક્તિને કારને ટક્કર મારવાનું કારણ પૂછ્યું તો થોડીવારમાં ૨૦ લોકોનું ટોળું ત્યાં આવ્યું અને તેના પર હુમલો કર્યો. અભિનેતાએ જણાવ્યું કે હુમલાખોરોના જૂથમાં એક મહિલા પણ સામેલ હતી. ચેતને પોતાના વીડિયોમાં કહ્યું- જુઓ આજે મારી સાથે શું થયું છે. તેણે મારા પર હુમલો કર્યો અને મારું નાક તોડી નાખ્યું. પોલીસે મારી સારવાર કરાવી. પરંતુ તે ટોળકી ફરી આવી અને મારી કારને નુકસાન પહોંચાડ્યું. આ એકદમ જોખમી હતું. વિડિયો શેર કરતી વખતે અભિનેતાએ કેપ્શનમાં લખ્યું, તે ખૂબ જ ડરામણો અનુભવ હતો. મને ન્યાય જોઈએ છે. તેણે હાથ જોડી ઈમોજી પણ બનાવ્યા. ચેતન ચંદ્ર એક પ્રખ્યાત કન્નડ અભિનેતા છે. તેણે PUC, પ્રેમવાદ, રાજધાની અને જરાસંધ જેવી ફિલ્મોમાં શાનદાર કામ કર્યું છે. તેમની ટેલિવિઝન સિરિયલ ‘સત્યમ શિવમ સુંદરમ‘ પણ ખૂબ પ્રખ્યાત થઈ હતી. તમને જણાવી દઈએ કે અભિનેતા પર હુમલા બાદ ચાહકો તેની સુરક્ષાને લઈને ચિંતિત છે.



### મનોજ બાજપેયીની કરિયરની ૧૦૦મી ફિલ્મ ભૈયાજી છે

# ‘ભૈયાજી’માં અમિતાભ બચ્ચન અને શત્રુઘ્ન સિંહાની ઝલક જોવા મળશે

**મનોજએ ૧૦૦મી ફિલ્મના કેરેક્ટરને જીવંત બનાવવા ફેવરિટ એક્ટર્સ પાસેથી પ્રેરણા લીધી**




મનોજ બાજપેયીની કરિયરની ૧૦૦મી ફિલ્મ ભૈયાજી છે. આ ફિલ્મમાં મનોજ બાજપેયીએ પોતાના ભાઈની હત્યાનો બદલો લેવા માગતા ખૂંખાર હીરોનો રોલ કર્યો છે. ફિલ્મમાં ઉત્તર પ્રદેશનો માહોલ અને કેરેક્ટર્સ છે. આ ફિલ્મમાં લીડ કેરેક્ટર મનોજ બાજપેયીનું છે. આ કેરેક્ટરમાં શત્રુઘ્ન સિંહા અને અમિતાભ બચ્ચનની ઝલક જોવા મળશે, કારણ કે કેરેક્ટરને નિખારવા માટે મનોજ બાજપેયીએ પોતાના ફેવરિટ એક્ટર્સ પાસેથી પ્રેરણા લીધી હતી. મનોજ બાજપેયીની રીવેન્જ એક્શન ડ્રામા ‘ભૈયાજી’ન અપૂર્વ સિંગ કરકિએ ડાયરેક્ટ કરી છે. અગાઉ તેઓ બાજપેયી સાથે ‘સિર્ફ એક બંદા કાફી હૈ’માં કામ કરી ચૂક્યા છે. મનોજ બાજપેયીએ તેમાં પોતાના ભાઈની હત્યાનો બદલો લેવાનો છે. મનોજે જણાવ્યું હતું કે, બાળપણમાં કમર્શિયલ ફિલ્મો જોતો હતો અને તે સમયના મોટાં સ્ટાર્સને જોઈને જ મોટો થયો છું. શત્રુઘ્ન સિંહા, વિનોદ ખન્ના અને અમિતાભ બચ્ચન જેવા તે સમયના તમામ સ્ટાર્સ મારી ઈન્સ્પિરેશન છે. ઓન સ્ક્રિન કેરેક્ટરને વધારે સારું બતાવવા માટે અજાણતાં પણ તેમની નકલ કરી છે. દરેકને ભૈયાજી પસંદ આવે તે માટે વીતેલા જમાનાના સ્ટાર્સ પાસેથી પ્રેરણા લીધી હતી. કમર્શિયલ મસાલા ફિલ્મમાં આઈટમ સોન્ગ રાખવામાં આવે છે. ‘ભૈયાજી’ કમર્શિયલ ફિલ્મ હોવા છતાં આઈટમ સોન્ગ રખાયું નથી. ફિલ્મમાં મહિલા પાત્રોને પણ સશક્ત રીતે રજૂ કરાયા હોવાનો મનોજ બાજપેયીનો દાવો છે. તેમણે જણાવ્યુ હતું કે, નવો ચીલો ચાતરવાન પ્રયાસ કરી રહ્યા છીએ. મેઈન સ્ટ્રીમ સિનેમામાં મહિલા પાસે ખાસ કંઈ રોલ હોતો નથી. જો કે આ ફિલ્મની મહિલાઓ પણ ભૈયાજી જેવી મજબૂત છે. પરંપરગત હીરો અને હીરોઈન આ ફિલ્મમાં નથી. પપ વર્ષના મનોજ બાજપેયીએ ૩૦ વર્ષની કરિયરમાં ૧૦૦ ફિલ્મ કરી છે. પોતાની ફિલ્મી સફર અંગે મનોજે જણાવ્યું હતું કે, કરિયરમાં કેટલી ફિલ્મો થઈ તેનો હિસાબ રાખ્યો નથી.

# જામનગરની બાલાચડી સૈનિક સ્કૂલમાં બે વિદ્યાર્થીઓ સાથે જાતિય સતામણી મામલો

## સ્કુલના પ્રિન્સીપાલ દ્વારા બેન્ડમાસ્ટર (સંગીત સંચાલક) વિરુદ્ધ નોંધાવ્યો કેસ




। જામનગર, તા.૧૪ ।

જામનગરની નામાંકિત બાલાચડી સૈનિક સ્કૂલમાં ૧૨ વર્ષના બે વિદ્યાર્થીઓ સાથે સંગીત માસ્ટર દ્વારા સૃષ્ટિ વિરુદ્ધના કૃત્યથી જાતિય સતામણી કરવાનો કિસ્સો જામનગર જોડિયા પોલીસ મથકે પહોંચ્યો છે. પોલીસે બેન્ટ માસ્ટર પવનકુમાર જગદીશકુમાર ડાંગી રહે (જોધપુર, રાજસ્થાન) સામે આઈપીસી કલમ ૫૦૪, ૫૦૬, પોક્સો-૮ એકટની કલમ મુજબ ગુનો નોંધ્યો છે. આરોપી સંગીત માસ્ટર પવનકુમાર ડાંગીને કારણે બાલાચડી સૈનિક શાળાની આબરૂના પણ ધજાગરા ઉડાવ્યા છે. જોડિયા પોલીસ સ્ટેશનમાં બાલાચડી સૈનિક સ્કૂલના પ્રિન્સીપાલ શ્રેયસ નીતીનભાઈ મહેતાએ ફરિયાદ આપી હતી. ગુનો દાખલ થતાંની સાથે બેન્ટ માસ્ટર પવનકુમાર ડાંગીને પોલિસે દબોચી લીધો હતો.

જામનગરમાં આવેલી બાલાચડી સૈનિક સ્કૂલમાં બેન્ટ માસ્ટર પવનકુમાર પોતાના ક્લાસમાં ૧૨ વર્ષના બે વિદ્યાર્થોને સાથે જાતીય સતામણી અડપલા કર્યા હતા અને ધાકધમકી પણ આપી હતી. આ સમગ્ ઘટનાની જાણ શાળાના પ્રિન્સીલને થાતા, બેન્ડમાસ્ટર વિરુદ્ધ શારીરીક અડપલા અને ધમકી આપવા સહિતની કલમો હેઠણ પ્રિન્સીપલ દ્વારા ગુન્હો દાખલ કરેલા આધારે આરોપી પવનકુમાર ડાંગીની પોલિસની ગિરફતમાં છે અને પોલિસ દ્વારા વધુ કાર્યવાહી હાથ ધરવામાં અવી છે.

# દાહોદ જિલ્લાના બે શિક્ષકોને ગુજરાત ગૌરવ સન્માન ૨૦૨૪ એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૪ ।

જાયન્ટસ ગ્રુપ ઓફ કલોલના મનિષભાઈ કે ગાધી મંત્રી અને રાકેશભાઈ.કે.પંડ્યા પ્રમુખ માર્ગદર્શન હેઠળ ગૌરવ સન્માન સમારોહ. ૨૦૨૪ ગુરુકુળ વિદ્યાલય કલોલ ખાતે યોજાયો. જેમાં દેશનું ઘડતર કરનારા ઘડવૈયાઓનુ ઉષ્માભર્યું સ્વાગત સાથે સંસ્થાના અગ્રણીઓ તથા સ્વામીજીના સાંનિધ્યમાં દબદબાભેર શિક્ષકોને ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવયા.

જેમાં દાહોદ જિલ્લામાંથી શ્રી મુકેશભાઈ મનસુખભાઇ નિનામા થાળા લીમડી પ્રાથમિક શાળા અને બારીયા ભોયતભાઇ કોલિયારી ફળિયા, ચેનપુર પ્રાથમિક શાળાની પ્રસદગી. કરવામાં આવી હતી. આ શિક્ષકો ને ગૌરવ પુરસ્કારમા પ્રમાણપત્રો અને ટ્રોફી આપીને નવાજવામાં આવ્યા તેમજ પ્રોત્સાહીત કરવામાં આવતા સમગ્ર જિલ્લાલતી અભિનંદન પાઠવવામાં આવ્યા.

સદર ગુરુજનોની કામગીરીની પ્રસંશા બાળકોને ઉપયોગી નીવડશે અને તન મન અને ધનથી કર્તવ્ય નિષ્ઠા પુર્વક કામગીરી કરવા બદલ શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવા આવીયા હતાં.

# ઝાલોદ નગરપાલિકા જતા બિસ્માર ખખડધજ રોડને લઈ મહિલાઓનો નગરપાલિકા જઈ હલ્લાબોલ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૪ ।

ઝાલોદ નગરમાં આવેલ ભરત ટાવર થી નગરપાલિકા તરફ જતા બિસ્માર રોડને લઈ તે વિસ્તારની મહિલાઓનો નગરપાલિકામા જઈ ચીફ ઓફિસરને આ રોડ સત્વરે બનાવવાની માંગણી કરી હતી. આ રોડની કામગીરી છેલ્લા કેટલાય સમયથી નગરપાલિકા દ્વારા અધૂરી મૂકી દેવામાં આવેલ છે. જેના લીધે અહીંથી આવન જાવન કરતા રાહગીરો તેમજ વાહન ચાલકોને મોટી તકલીફોનો સામનો કરવો પડે છે. આ વિસ્તારમાં મોટી ઉંમરના વૃદ્ધો પણ રહે છે તેઓ અહીંયાંથી ચાલતા પણ નીકળતા હોય છે. રોડ સારો ન હોવાથી આ રોડ તેઓ કેટલીય વાર રસ્તા પર નીકળતા પડી ગયેલ છે તેથી તેમના સ્વાસ્થને ગંભીર અસર પણ પડેલ છે.

આ રોડ પર નીકળતા કાયમી લોકોના વાહન રોડની ખરાબ હાલતને લઈ ખખડધજ થઈ ગયેલ છે. વાહન પર નીકળતા આ તૂટેલા રસ્તાને લઈ કેટલાક લોકોને કમરના દુખાવાની પણ તકલીફ થઇ ગયેલ છે. આ રોડ બનાવવા માટે કેટલીય વાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવેલ છે છતાય જવાબદાર તંત્ર આ કામગીરી માટે બે ધ્યાન જોવા મળે છે. જ્યારે પણ અહીંના નાગરિકો દ્વારા રજૂઆતો કરવામા આવતી ત્યારે જવાબદાર અધિકારી વાયદા કરી કામગીરી કરી રહેલ ન હતા જેના લીધે આજે આ વિસ્તારમા રહેતી મોટા પ્રમાણમાં મહિલાઓ દ્વારા હલ્લાબોલ કરવામા આવ્યું હતું અને જવાબદાર અધિકારીને આ માર્ગ સારો બનાવવા માંગણી કરવામાં આવી હતી. નગરપાલિકાના ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરાતા તેમણે શુક્રવાર સુધી રોડનું કામ ચાલુ કરાવવાનું આશ્વાસન આપેલ છે.

# કડાણા ગામે ઈષ્ટદેવ શ્રી એકલિંગજી મહાદેવે ૨૦માં પાટોત્સવની ઉજવણી





તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૧૪ ।

મહિસાગર જિલ્લાના કડાણા ગામે આ વર્ષે પણ ઈષ્ટદેવ શ્રી એકલિંગજી મહાદેવના મંદિરે વૈશાખ સુદ સાતમ, ગંગા સપ્તમી મંગળવાર તારીખ ૧૪-૫ -૨૦૨૪ ના રોજ વાર્ષિક પાટોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં યજમાન તરીકે શ્રી મયંકભાઈ વિષ્ણુભાઈ જોશી તેમજ ઈસીતાબેન (ચેતનાબેન) એમ.જોશી એ પૂજન અર્ચન નો લાભ લીધો હતો. પાટોત્સવ દરમિયાન ગામમાંથી બ્રહ્મ સમાજના અનેક વડીલો, યુવા વર્ગ તેમજ બાળકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.કાર્યક્રમના અંતે મહા આરતી તેમજ પ્રસાદીનું આયોજન કરવામાં આવેલ હતું. શાસ્ત્રી શ્રી ભદ્રેશભાઈ ચંદ્રકાંતભાઈ રાવલ તેમજ અન્ય વિદ્વાન પંડિતો દ્વારા પાટોત્સવનું કાર્ય સંપન્ન કરવામાં આવેલ હતું. કાર્યક્રમનું સુચારું આયોજન મેનેજમેન્ટ કમિટી દ્વારા કરવામાં આવેલ હતું.

# કમર તથા ગરદનની ગાદી દ્વારા નસ પરનું દબાણ અને ગરદન તથા કમરના એલાઇમેન્ટમાં સુધારનું અલ્ટિમેટ ડેસ્ટિનેશન એટલે અલ્ટિમેટ હેલ્થ

। અમદાવાદ, તા.૧૪ ।

જ્યોત્સનાબેન શાહ, ૭૦ વર્ષીય ગૃહિણી કે જેઓ આગળની તરફ ઝૂકીને ચાલતા હતા અને કમરમાં દુખાવો તથા બંને પગમાં ઝણઝણાટી અને બળતરા થતા હતા. MRIમાં L3-L4,L4-L5 અને L5-S1 લેવલની ગાદી ખસી ગયેલ હતી.તેઓને ડૉક્ટર્સ દ્વારા ઓપેરશનની સલાહ મળી હતી.પરંતુ ઓપેરશન નહીં કરાવવાના મક્કમ નિર્ધાર સાથે તેઓએ અલ્ટીમેટ હેલ્થની સારવાર શરુ કરી અને સારવાર ને અંતે તેઓ સીધા ચાલતા થઈ ગયા, લાંબો સમય બેસવામાં કે ઉભા રહેવામાં કોઈ તકલીફ રહી નહિ.

રૂપલબેન શાહ, ૫૧ વર્ષિય ગૃહિણી કે જેઓને વધારે પડતાં મોબાઈલ વપરાશ અને સુતા-સુતા મોબાઈલ વપરાશને કારણે ગરદનનું એલાઈમેન્ટ બગડી ગયું હતું (ગરદન આગળની તરફ ઝૂકી ગઈ હતી). તેઓને ગરદનનાં દુખાવા ઉપરાંત બન્ને હાથમાં ઝણઝણાટી અને બંને હાથ સુન્ન પડી જતા હતા. MRI કરાવ્યો તેમાં C4-C5,C5-C6 અને C6-C7 લેવલની ગાદી ખસી ગયેલ જાણવા મળ્યું હતું. ભિન્ન-ભિન્ન સારવાર બાદ પણ સુધાર ન આવતા તેઓએ અલ્ટીમેટ હેલ્થ ની મુલાકાત લીધી હતી અને અહીં સારવાર કરાવવાથી ૧૦૦% પરિણામ પ્રાપ્ત થયું. દર્દીઓના ચોક્કસાઈ પૂર્વકના નિદાન બાદ તેમની સારવાર શરૂ કરવામા આવી. અદ્યતન સાધનો જેવા કે ડાયમેંશનલ સેગમેન્ટલ સ્પાઈનલ ડિકોમ્પ્રેશન, ૩૬૦ ડિગ્રી રોબોટિક સ્પાઈનલ ડિકોમ્પ્રેશન, જર્મન લેસર ૨- ૧૫ (ગુજરાત માંપ્રથમ), અમેરિકન પલ્ટાર (અમદાવાદમાં પ્રથમ), ક્રાયોગન (ફ્રાન્સ) ટેકાર થેરાપી દ્વારા ટ્રીટમેન્ટ આપવામાં આવી. આઈસોલેટેડ મસલ્સ સ્ટ્રેન્થનિંગ અને સોફ્ટ ટિસ્યુ રીલિઝની સારવાર આપવામાં આવી.

# વર્લ્ડ હાઇડ્રોજન સમિટ ૨૦૨૪, નેધરલેન્ડ્સમાં મેડેન ઇન્ડિયા પેવેલિયનમાં નેશનલ ગ્રીન હાઇડ્રોજન મિશનનું પ્રદર્શન કર્યું



। નવી દિલ્હી, તા.૧૪ ।

નેધરલેન્ડના રોટરડેમમાં ૧૩-૧૫ મે, ૨૦૨૪ દરમિયાન આયોજિત વર્લ્ડ હાઈડ્રોજન સમિટ ૨૦૨૪માં ભારતે પ્રથમ વખત પોતાનું પેવેલિયન સ્થાપ્યું છે. નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય દ્વારા સ્થાપિત ઈન્ડિયા પેવેલિયન, ભારત સરકાર, સમિટના સૌથી મોટા પેવેલિયનમાંનું એક છે. ૧૨ મે, ૨૦૨૪ના રોજ નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલયના સચિવ શ્રી ભૂપિન્દર એસ. ભલ્લા દ્વારા તેનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું છે.

વર્લ્ડ હાઈડ્રોજન સમિટ એ વૈશ્વિક ગ્રીન હાઈડ્રોજન ઈકોસિસ્ટમમાં એક પ્રતિષ્ઠિત ઈવેન્ટ છે. વિશ્વભરમાં થી લગભગ ૧૫,૦૦૦ પ્રતિનિધિઓ સમિટમાં ભાગ લે તેવી અપેક્ષા છે. કોન્ફરન્સમાં ઈન્ડિયા પેવેલિયન ભારતને ગ્રીન હાઈડ્રોજનના ક્ષેત્રમાં દેશ દ્વારા કરવામાં આવેલી પ્રગતિને વિશ્વ સમક્ષ દર્શાવવાની તક પૂરી પાડે છે.

ભારતીય પ્રતિનિધિમંડળમાં નવી અને પુનઃપ્રાપ્ય ઉર્જા મંત્રાલય, વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, રેલવે મંત્રાલય, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય અને ખાનગી ક્ષેત્રની કંપનીઓમાં થી જાણીતી વ્યક્તિ સામેલ છે. વિવિધ ૨૨૮ ક્રિયા પ્રતિક્રિયાઓ ઉપરાંત, સમિટ ભારતીય ઉદ્યોગને વિશ્વભરની કંપનીઓ સાથે જોડાવા માટેનું પ્લેટફોર્મ પૂરું પાડે છે. ભારતે જાન્યુઆરી ૨૦૨૩માં રૂ. ૧૯,૭૪૪ કરોડના એકંદર ખર્ચ સાથે તેનું નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન શરૂ કર્યું. ભારતે વર્ષ ૨૦૩૦ના અંત સુધીમાં ૫ સ્સ્ (મિલિયન મેટ્રિક ટન)ની ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન ક્ષમતા હાંસલ કરવાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કર્યો છે. આજની તારીખ સુધીમાં, નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલયે ૪૧૨,૦૦૦ ટન ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન ક્ષમતા અને ૧,૫૦૦ મેગાવોટ ઈલેક્ટ્રોલાઈઝર ઉત્પાદન ક્ષમતા માટેની સ્થાપના માટે ટેન્ડરો મંજૂર કર્યા છે.

ભારતે સ્ટીલ, પરિવહન / ગતિશીલતા અને શિપિંગ ક્ષેત્રોમાં ગ્રીન હાઈડ્રોજનના ઉપયોગ માટે યોજના માર્ગદર્શિકા પણ સૂચિત કરી છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગે ભારતમાં નવીનતાને પ્રોત્સાહન આપવા અને ગ્રીન હાઈડ્રોજન ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે હાઈડ્રોજન વેલી ઈનોવેશન ક્લસ્ટર્સની શરૂઆત કરી છે.

# કેસર કેરી મહોત્સવ ૨૦૨૪: અમદાવાદ શહેરમાં ગીરની કેસર કેરીનું આગમન



। અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદમાં અહીં કેરીનો ખજાનો હાલમાં જિલ્લા પંચાયત સિડ ફામ ખાતે, સ્વામિનારાયણ મંદિર પાસે, ગુરુકુળ રોડ, મેટ્રો સ્ટેશનની બાજુમાં કેસર કેરી મહોત્સવ ૨૦૨૪નું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. આજે ખેડૂત દ્વારા મહોત્સવનું અનાવરણ કરવામાં આવ્યું જે બે મહિના સુધી ચાલશે. આ મહોત્સવમા ૬૦ જેટલા સ્ટોલ છે. ખેડૂતો દ્વારા સીધુ વેચાણ તલાલા ગીરની મીઠી મધ જેવી ફાર્મ ફ્રેશ કેરીનુંવેચાણ કરવામાં આવશે. અહીં કેવી, કેટલા પ્રકારની કેરી મળે છે અને શું કિંમત છે તેના માટેની વિશેષ માહિતી આ ઉપરાંત કેસર કેરીને કેવી રીતે ઓળખી શકાય તેની માહિતી પણ ખેડૂતો દ્વારા મળશે.

૨૦૦ ખેડૂતોનો લાગ્યો કેસર કેરીના વેપાર અર્થે અમદાવાદમાં આવ્યા. ગુજરાતનુ ગૌરવ સમાનએ ગીરની કેસર કેરી અમદાવાદ અને બીજા અન્ય શહેરો સુધી પહોંચે એ માટે સરકાર અને ખેડુતનો સામુહિક પ્રયાસ છે. ખેડૂતોને સીધું વેચાણ થાય એ માટે યોજાય છે કેરી મહોત્સવ.

# ડેમમાં પાણીનો જથ્થો પુરતો પ્રમાણમાં હોવાનો મનપા કમિશનરનો દાવો

। રાજકોટ, તા.૧૪ ।

રાજકોટવાસીઓ માટે પાણીને લઈને સારા સમાચાર આવી રહ્યાં છે. આ ઉનાળામાં રાજકોટ-વાસીઓને પાણી કાપનો સામનો નહી કરવો પ ડે છે. રાજકોટ મનપા કમિશનરે દાવો કર્યો છે કે રાજકોટમાં આવેલા ડેમમાં પાણીનો જથ્થો પુરતો પ્રમાણમાં છે. ભર ઉનાળામાં ડેમમાંથી પાણી સુકાઈ રહ્યું છે. ત્યારે રાજકોટવાસીઓ માટે પાણીને લઈને સારા સમાચાર આવી રહ્યાં છે. આ ઉનાળામાં રાજ-કોટવાસીઓને પાણી કાપનો સામનો નહી કરવો પ ડે છે. રાજકોટ મનપા કમિશનરે દાવો કર્યો છે કે રાજકોટમાં આવેલા ડેમમાં પાણીનો જથ્થો પુરતો પ્રમાણમાં છે. સૌની યોજના દ્વારા આજી અને ન્યારી ડેમમાં પાણીનો પુરતા જથ્થો છે. ચોમાસા પહેલા જળ સંચયના સ્ત્રોત વધારવામાં આવશે તેવી વિગત પ્રાપ્ત થઈ રહી છે.

ઉત્તર ગુજરાતના ૧૫ ડેમમાં ૨૫.૨૭ ટકા પાણીનો જથ્થો છે. મધ્ય ગુજરાતના ૧૭ ડેમમાં ૪૬.૬૬ ટકા પાણીનો જથ્થો છે. જ્યારે દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમમાં ૩૮.૫૧ ટકા પાણીનો જથ્થો છે. તેમજ કચ્છના ૨૦ ડેમમાં ૨૭.૪૫ ટકા પાણીનો જથ્થો છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં ૧૭.૧૯ ટકા પાણીનો જથ્થો છે. સરદાર સરોવર ડેમમાં ૨૩.૫૦ ટકા પાણીનો જથ્થો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારૂં મોહિત કરનારૂં વર્તન લોકોનું ધ્યાન આકર્ષિત કરશે. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. તમારા સમર્પિત તથા અડગ પ્રેમમાં જાદુઈ રચનાત્મક શક્તિઓ છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારો ગુસ્સો કોઈકને વધુ મુશ્કેલીમાં મુકી દેશે. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. હિંમત હારતા નહીં-નિષ્ફળતા કુદરતી બાબત છે અને આ જ જીવનની સુંદરતા છે. આજે તમારો પ્રણય સાથી તમને કશું ક અતિ સુંદર કરીને આશ્ચર્યચકિત કરી મુકશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે ખાસ કરીને મોતિયાના દરદીઓએ પ્રદૂષિત વાતાવરણ હોય તેવા સ્થળની મુલાકાત લેવાનું ટાળવું જોઈએ, કેમ કે ધુમાડાને કારણે આંખોને વધુ નુકસાન થઈ શકે છે. શક્ય હોય તો સૂર્યપ્રકાશ સાથે સંપર્ક પણ ટાળવો. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે અન્યોની જરૂરિયાત તમારી ઈચ્છામાં હસ્તક્ષેપ કરશે આથી પોતાનું ધ્યાન રાખો-તમારી લાગણીઓને દબાવો નહીં અને હળવાશ અનુભવવા માટે તમને જે ક્રમમાં ચીજો કરવી ગમે છે તેમ કરો. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો। પોતાની જાત પર દયા ખાવામાં સમય વેડફશો નહીં.

**સિંહ (મ,ટ) :**
આજે તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારૂં સ્મિત હતાશા સામે સંકટ-મોચક જેવું કામ કરશે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. આજે તમે તમારા પ્રેમી સાથે ક્યાંક ફરવા જવા ની યોજના બનાવશો.

**તુલા (ર,ત) :**
આજે તમારી અંદર ઉર્જાનો વધારો જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે। જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે. તમારો સાથી તમારા વિશે સારો વિચાર કરે છે, તેથી ઘણી વખત તમારા પર ગુસ્સે થશે.

**વૃશ્ચિક (ન,ય) :**
લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે। તમે માનો કે ન માનો પણ તમને કોઈક બહુ જ નિકટથી જોઈ રહ્યું છે અને તમને પોતાનો રૉલ મૉડેલ ગણે છે- વખાણ થાય એવા જ કાર્યો કરો- જે તમારી શાખમાં વધારો કરે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધનની બચત કરવી જોઈએ। તમારા સંબંધીની મુલાકાત તમારા વિચાર કરતાં ઘણી સારી હશે. રોમેન્ટિક ગૂંચવણ તમારી ખુશીમાં મસાલો ઉમેરશે.

**મકર (ખ,જ) :**
ભૂતકાળનો ખરાબ નિર્ણય આજે હતાશા તથા માનસિક અશાંતિ તરફ દોરી જશે-તમે જાણે રઝળી પડ્યા હો એવું લાગશે અને આગળ શું કરવું તેની દ્વિધામાં પડી જશો- અન્યો પાસેથી મદદ લો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો। સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. તમારે તમારૂં શ્રેષ્ઠ વર્તન દાખવવું જોઈએ.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારી આશાઓ કોઈક ઉચ્ચ તથા નાજુક ખુસબુઓની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. તમારી રચનાત્મક પ્રતિભાનો યોગ્ય ઉપયોગ લેવાશે તો તે ખૂબ જ આકષર્ષક સાબિત થશે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. સાવધાન રહેજો કેમ કે આજે પ્રેમમાં પડવું એ તમારી માટે અપવિત્ર બાબત બની શકે છે.

## પીએમ શહેબાઝ શરીફે પીએમએલ-એન પ્રમુખ પદ પરથી રાજીનામું આપ્યું



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફે સોમવારે પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝના પ્રમુખ પદેથી રાજીનામું આપી દીધું છે. આ સાથે તેમના મોટા ભાઈ અને પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફ ફરી એકવાર સત્તાધારી પાટીની કમાન સંભાળશે. જો કે આ અંગે ઔપચારિક જાહેરાત થવાની બાકી છે. પીએમએલ-એન જનરલ સેક્રેટરીને સંબોધિત તેમના રાજીનામાના પત્રમાં, શહેબાઝ શરીફે ૨૦૧૭ ની તોફાની ઘટનાઓનો ઉલ્લેખ કર્યો, જેના પરિણામે નવાઝને વડા પ્રધાન કાર્યાલય અને પાટીના અધ્યક્ષ પદ પરથી અયોગ્ય ઠેરવવામાં આવ્યા, અને કહ્યું કે તેમને જવાબદારી સોંપવામાં આવી છે. શાહબાઝે કહ્યું કે તેમના ભાઈએ તેમને પ્રતિકૂળ સંજોગોમાં પાટી અધ્યક્ષ પદ સંભાળવાની જવાબદારી સોંપી હતી અને કહ્યું હતું કે આ એક ફરજ છે જે તેમણે ખૂબ જ સમર્પણ અને ઈમાનદારીથી નિભાવી છે. “જો કે, હું જાણું છું કે આ ભૂમિકા હંમેશા વિશ્વાસની ભૂમિકામાં જોવામાં આવી છે,” તેણે કહ્યું.”હું તાજેતરના વિકાસથી ખૂબ જ પ્રોત્સાહિત છું,” તેમણે ૨૯ નવેમ્બરના રોજ ઈસ્લામાબાદ હાઈકોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કરતા કહ્યું, જેણે અમારા નેતાને ગૌરવ સાથે મુક્ત કર્યા છે, તેની દોષરહિત અખંડિતતા અને આપણા રાષ્ટ્રની સેવા પ્રત્યેની પ્રતિબદ્ધતાની પુનઃ પુષ્ટિ કરી છે.

### લોકસભા ચૂંટણીમાં રોકડનું વિતરણ

# આંધ્રપ્રદેશમાં ચૂંટણી દરમિયાન મતદારોને ૧ રૂ.થી લઈને ૫,૦૦૦ રૂ. સુધીની રોકડ વહેંચવાના આરોપ

## લોકોએ નેતાઓ પાસેથી પૈસાની માંગ કરવાનું શરૂ કર્યું, જે તેમને વોટના બદલામાં આપવાનું કહેવામાં આવ્યું

। (એજન્સી) આંધ્રપ્રદેશ, તા.૧૪ ।

લોકસભાની ચૂંટણીઓ ચાલી રહી છે. આ લોકશાહીનું પર્વ છે. પણ લોકશાહીના પર્વમાં થઈ રહ્યું છે લોકશાહીનું હનન. ગુજરાતમાં મતદાનના દિવસે એક સ્થળે ભાજપના નેતાના પુત્રએ બૂથ કેપ્ચર કરીને વીડિયો બનાવી વાયરલ કર્યો હતો. ત્યાર બાદ તેની સામે નાની મોટી કાર્યવાહી તો કરવામાં આવી પણ આ બધુ ક્યારે બંધ થશે એ મોટો સવાલ છે. આજે ચોથા તબક્કાનું મતદાન થઈ રહ્યું છે. ત્યારે વોટિંગ પહેલાં જ વિવિધ વિસ્તારોમાં અરાજકતા જોવા મળી. ખાસ કરીને રીતસર મતનો ભાવ બોલાઈ રહ્યો હતો અને એક વોટના બદલામાં એક હજાર રૂપિયાથી લઈને ૫ હજાર રૂપિયા સુધી રોકડા આપવામાં આવતા હોવાનો પણ આક્ષેપ થઈ રહ્યો છે. વોટ માટે રોકડા રૂપિયાની રેલમછેલ

આંધ્રપ્રદેશ લોકસભા ચૂંટણીમાં આ ઘટના સામે આવી છે. લોકશાહીનું ખુન કરીને કેટલાંક લાલચુ રાજનેતાઓએ અને કેટલાંક ભ્રષ્ટાચારીઓએ ભેગા મળીને તેને ધંધો બનાવી દીધો છે. ત્યારે એક જ ગીત સામે આવે છેકે, ગંદા હૈ પણ આ ધંધા હૈ.ચૂંટણી વખતે પણ લોકો આ ગીતને યાદ કરે છે. આંધ્રપ્રદેશમાં ચૂંટણી દરમિયાન મતદારોને ૧ રૂપિયાથી લઈને ૫,૦૦૦ રૂપિયા સુધીની રોકડ વહેંચવાના આરોપો લાગ્યા છે. આ ખુલાસો ત્યારે થયો જ્યારે કેટલાક સ્થળોએ લોકો મતદાન પહેલા જ રસ્તા પર ઉતરી આવ્યા હતા. તેણે કહ્યું કે જો બધાને પૈસા મળ્યા તો કેમ ન મળ્યા. આજે મતદાનના થોડા કલાકો પહેલા, આંધ્રપ્રદેશમાં



ઓછામાં ઓછા પાંચ સ્થળોએ ભારે હોબાળો થયો હતો. લોકોએ નેતાઓ પાસેથી પૈસાની માંગ કરવાનું શરૂ કર્યું, જે તેમને વોટના બદલામાં આપવાનું કહેવામાં આવ્યું. જો કે આ સંપૂર્ણપણે ગેરકાયદેસર અને ખોટું છે પરંતુ આ રાજ્ય માટે તે કંઈ નવું નથી. રસપ્રદ વાત એ છે કે મોંઘવારી વધતાં એક મતની કિંમત પણ વધી.

આજે રાજ્યમાં લોકસભાની ૨૫ અને વિધાનસભાની ૧૭૫ બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. અગાઉ શનિવારે પ્રચારનો ઘોંઘાટ બંધ થઈ ગયો હતો પરંતુ કેટલીક જગ્યાએ કથિત રીતે પૈસાની વહેંચણીનો ખેલ ચાલુ રહ્યો હતો. પલનાડુના સત્તેનાપલ્લીમાં ૧૮મા વોર્ડના મતદારો રસ્તા પર ઉતરી આવ્યા અને હંગામો મચાવ્યો. તેણે દાવો કર્યો હતો કે તેને પૈસા આપવાનું વચન આપવામાં આવ્યું હતું પરંતુ હજુ સુધી તે મળ્યા નથી.

આવું જ દ્રશ્ય પીઠાપુરમમાં જોવા મળ્યું હતું. ઉમેદવારની ઓફિસ પાસે મતદારોની ભીડ જામી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે પાર્ટી સમર્થકોએ દરેક મતદારને ૫,૦૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું પરંતુ કેટલીક મહિલાઓને હજુ સુધી પૈસા મળ્યા નથી. આના વિરોધમાં દેખાવો શરૂ થયા. પરિસ્થિતિ એટલી વધી ગઈ કે પોલીસે દરમિયાનગીરી કરીને લોકોને વિખેરવા પડ્યા. ઓંગોલમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે એક વોટના બદલામાં ૫,૦૦૦ રૂપિયા વહેંચવામાં આવ્યા હતા. જ્યારે કેટલાક લોકોને છોડી દેવામાં આવ્યા તો તેઓએ વિરોધ શરૂ કર્યો. પૂર્વ ગોદાવરી જિલ્લાના કોંડેવરમ ગામમાં વિરોધ પ્રદર્શન થયું. કેટલાક લોકોનો આરોપ છે કે બધાને પૈસા મળ્યા પણ તેઓ પાછળ રહી ગયા. વિજયવાડામાં પણ રોકડની વહેંચણીના આક્ષેપો થયા હતા. અહેવાલ મુજબ, એક સ્ન્છ ઉમેદવારે તેના નજીકના મિત્રને વોટ માટે ૧૦૦૦ રૂપિયા વહેંચવા મોકલ્યા હતા. જે ઉમેદવારો પાસે ઓફિસ નથી તેઓ વતી લોકોને એક જગ્યાએ ભેગા થવા અને ૧૦૦૦ થી ૧૫૦૦ રૂપિયાનું વિતરણ કરવા જણાવાયું હતું. કહેવામાં આવી રહ્યું છે કે આ વખતે પાર્ટીઓમાં પણ સ્પર્ધા જોવા મળી હતી. વિરોધીઓએ ૫૦૦ થી ૧૦૦૦ રૂપિયા વધુ વહેંચ્યા હોવાનું જાણવા મળતા કેટલાક નેતાઓની મુશ્કેલી પણ વધી ગઈ હતી. શહેરી મતદારોના જૂથો જેમ કે વેલ્ફેર કમિટી, એપાર્ટમેન્ટના રહેવાસીઓએ નવા જનરેટર, સોલાર પાવર, વધારાના જનરેટર જેવી વસ્તુઓની પણ માંગણી કરી હતી.

### વ્રજરાજકુમારજી મહારાજના હસ્તે કામગીરી

## ઓસ્ટ્રેલિયા ખાતે વૈષ્ણવ સંપ્રદાયની સૌથી મોટી હવેલી કૃષ્ણધામ સંકુલનું થશે નિર્માણ

### ઓસ્ટ્રેલિયાના સીડનીમાં વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશનના તત્વાવધાન માં નૂતન કૃષ્ણધામ હવેલીનું નિર્માણ થવા જઈ રહ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

ઓસ્ટ્રેલિયા ખાતે વૈષ્ણવ સંપ્રદાયની સૌથી મોટી હવેલી કૃષ્ણધામ સંકુલનું નિર્માણ થવા જઈ રહ્યું છે ત્યારે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન સીડની ઓસ્ટ્રેલિયાના તત્વાવધાનમાં વ્રજરાજકુમારજી મહારાજની અધ્યક્ષતામાં સુંદર ભવ્યાતિ ભવ્ય અને સૌથી મોટું સંકુલ નૂતન હવેલી નું નિર્માણ થવા જઈ રહ્યું છે. આ સંકુલ માટે બે એકર જમીનનું સંપાદન થયું છે.મળતી માહિતી મુજબ ઓસ્ટ્રેલિયાના સીડનીમાં વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનના તત્વાવધાન માં નૂતન કૃષ્ણધામ હવેલી નું નિર્માણ થવા જઈ રહ્યું છે. જેની માટે વલ્લભકુલભૂષણ વૈષ્ણવાચાર્ય પૂજ્ય પાદ ગૌસ્વામી ૧૦૮ વ્રજરાજકુમારજી મહારાજ દ્વારા આ નિર્માણ થવા જઈ રહ્યું છે. વ્રજરાજકુમાર મહારાજ સમગ્ર વિશ્વમાં હિન્દુ સંસ્કૃતિ અને ધર્મનો પ્રચાર પ્રસાર કરવામાં આવી રહ્યો છે. તેમના જીવનની દરેક ક્ષણમાં તેઓ માત્ર એક જ વિચાર કરતા હોય છે અને તે છે હિન્દુ સંસ્કૃતિ અને ધર્મનો પ્રચાર પ્રસાર, સમગ્ર વિશ્વમાં વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનની સ્થાપના કરવામાં આવે જેને લઈને ઓસ્ટ્રેલિયામાં સૌથી મોટી હવેલી કૃષ્ણધામ સંકુલનું નિર્માણ થશે.ઓસ્ટ્રેલિયાના તત્વાવધાનમાં અનેક કાર્યક્રમો સમાજલક્ષી, માનવતાલક્ષી તેમજ ધર્મલક્ષી અને કથાઓનું પણ આયોજન થતું હોય છે. ત્યારે છેલ્લા ઘણા સમયથી સિડનીમાં વસતા વૈષ્ણવો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે પ્રતીક્ષાનો હવે, અંત આવી ગયો છે. વિવાયઓ સિડનીના તત્વાવધાનમાં સિડની ખાતે હવેલીનું નિર્માણ થવા જઈ રહ્યું છે.વિવાયઓ સિડનીના તત્વાવધાનમાં સિડની ખાતે બે એકરમાં વિશાળ હવેલી આકાર લેવા જઈ રહી છે. જે માટે જમીનનું સંપાદન પણ થઈ ગયું છે. જે જમીન પર દિવ્ય અને ભવ્ય કૃષ્ણધામ હવેલીનું નિર્માણ કરવામાં આવશે. જેનું દિવ્ય ભૂમિપૂજન ઠાકોરજીની કૃપાથી આગામી ઓગસ્ટ મહિનામાં કરવામાં આવનાર છે.

## નોઇડાની એક હાઇ રાઇઝ સોસાયટીમાં લિફ્ટની બ્રેક ફેલ થઇ

। (એજન્સી) નોઇડા, તા.૧૪ ।

નોઈડાની હાઈ રાઈઝ સોસાયટીમાં અવાર નવાર લિફ્ટમાં ફસાવવાની ઘટનાઓ સામે આવે છે. એકવાર ફરી સેક્ટર ૧૩૭ સ્થિત પારસ ટિએરા સોસાયટીમાં એક મોટો અકસ્માત સર્જાયો છે. રવિવારે ટાવર ૫ ના ચોથા માળ પર લિફ્ટ ખરાબ થઈ ગઈ. જ્યારે રહેવાસીઓ લિફ્ટમાંથી બહાર આવવા લાગ્યા ત્યારે અચાનક લિફ્ટની બ્રેક ફેલ થઈ ગઈ અને તે ઝડપથી ઉપરની તરફ ઉપડવા લાગી. લિફ્ટ સીધી ૨૫મા માળે પહોંચી ગઈ. લિફ્ટે સૌથી ઉપરના માળની છતને તોડી દીધી. સોસાયટીના લોકોનું કહેવું છે કે આ લિફ્ટમાં હાજર ત્રણ લોકોને ઈજા પહોંચી છે. આ ઘટના બાદ સોસાયટીના રહેવાસીઓમાં ભયનો માહોલ છે. ગત વર્ષે ઓગસ્ટમાં લિફ્ટ અકસ્માતમાં કેબલ તૂટવાથી ૭૦ વર્ષીય સુશીલા દેવીના મોતને લોકો ભૂલ્યા ન હતા કે આ અકસ્માત સર્જાયો છે. સોસાયટીના રહેવાસીઓના અનુસાર ટાવર ૫ ની લિફ્ટ ચોથા માળ પર ખરાબ થઈ હતી.

### માનનીય આધારો પર ગર્ભપાતની મંજૂરી

# ૨૫ સપ્તાહની સગર્ભા સગીરને બોમ્બે હાઈકોર્ટમાંથી મળી રાહત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

સગીર યુવતી પર તેના મોટા ભાઈ દ્વારા બળજબરીથી દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. જ્યારે તેની માતાને આ વાતની જાણ થઈ તો તેણે તેના પુત્ર વિરુદ્ધ કેસ દાખલ કર્યો. આ પછી છોકરાને બાળ સુધારણા કેન્દ્રમાં મોકલવામાં આવ્યો હતો. જ્યારે બાળકીનો મેડિકલ ટેસ્ટ કરવામાં આવ્યો ત્યારે જાણવા મળ્યું કે તે ગર્ભવતી છે અને ૨૪ અઠવાડિયાની કાયદાકીય મર્યાદા પસાર થઈ ગઈ હોવાથી સગીરની માતાએ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો, જ્યાં કોર્ટે માનવતાના ધોરણે ગર્ભપાતની મંજૂરી આપી હતી. બોમ્બે હાઈકોર્ટે ૧૨ વર્ષની સગીર છોકરીને ગર્ભપાતની મંજૂરી આપી છે. તેણી ૨૫ અઠવાડિયાની ગર્ભવતી હતી પરંતુ આ વાતથી અજાણ હતી. તાજેતરમાં તેણીને ખબર પડી કે તે ગર્ભવતી છે અને ત્યારબાદ તેની માતાએ ગર્ભપાતની પરવાનગી માટે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો.



સામાન્ય રીતે, ગર્ભપાત માટે કાનૂની મર્યાદા ૨૪ અઠવાડિયા હોય છે, પરંતુ સગીરને ગર્ભાવસ્થાની જાણ થઈ ત્યાં સુધીમાં લગભગ ૨૫ અઠવાડિયા વીતી ગયા હતા.

વકીલ એશ્લે કુશરની મદદથી દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું હતું કે ૨ મેના રોજ યુવતીએ પેટમાં દુખાવાની ફરિયાદ કરી હતી. જ્યારે તેણીની તપાસ કરવામાં આવી, ત્યારે આરોગ્ય કેન્દ્રના ડૉક્ટરને ગર્ભાવસ્થાની શંકા હતી. મેડિકલ ટેસ્ટ બાદ આ વાતની પુષ્ટિ થઈ હતી. યુવતીએ તેની માતાને જણાવ્યું કે ઓક્ટોબરથી ઘરે કોઈ ન હતું ત્યારે તેનો મોટો ભાઈ તેની સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધતો હતો.સગીરની માતાએ અરજીમાં જણાવ્યું હતું કે પુત્રએ તેણીને (સગીરને) ઘરે જાતીય સતામણીની વિગતો શેર કરવા બદલ ગંભીર પરિણામોની ધમકી આપી હતી. તે જ દિવસે, માતાની ફરિયાદ પર, પુત્ર વિરુદ્ધ IPC અને POCSO એક્ટ હેઠળ FIR દાખલ કરવામાં આવી હતી અને તેને બાળ સુધારણા કેન્દ્રમાં મોકલવામાં આવ્યો હતો.૩ મેના રોજ સગીર છોકરીને પાલઘર સ્થિત બાળ કલ્યાણ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. ૪ મેના રોજ, તેણીને જેજે હોસ્પિટલમાં “૨૪ અઠવાડિયા અને ૫ દિવસ” ની ગર્ભાવસ્થા હોવાનું નિદાન થયું હતું. ગત સુનાવણી દરમિયાન હાઈકોર્ટે સગીરની મેડિકલ તપાસ માટે મેડિકલ બોર્ડની રચના કરવાનો નિર્દેશ આપ્યો હતો.રિપોર્ટમાં સ્પષ્ટપણે ગર્ભાવસ્થાના તબીબી સમાપ્તિની ભલામણ કરવામાં આવી હતી.

### મંદિરની કુબેર ગલીમાં VIP ઘર બનાવવામાં આવ્યું છે

# ચમોલી પ્રશાસન સાથે વાતચીત બાદ લોકોએ આંદોલન સમાપ્ત કર્યું

## બદ્રીનાથ ધામના તીર્થયાત્રી પુજારી, પાંડા સમાજ અને સ્થાનિક લોકોએ ચમોલી પ્રશાસન સાથે વાતચીત કર્યા બાદ તેમનું આંદોલન સમાપ્ત કર્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

બદ્રીનાથ ધામના તીર્થયાત્રી પુજારી, પાંડા સમાજ અને સ્થાનિક લોકોએ ચમોલી પ્રશાસન સાથે વાતચીત કર્યા બાદ તેમનું આંદોલન સમાપ્ત કર્યું છે. પ્રશાસને વાતચીત દરમિયાન સ્થાનિક લોકોની માંગણીઓ સ્વીકારી લીધી છે. બદ્રીનાથ ધામના તીર્થયાત્રી પુજારી, પાંડા સમુદાય અને સ્થાનિક લોકો તેમની માંગણીઓ માટે છેલ્લા ઘણા દિવસોથી આંદોલન કરી રહ્યા હતા. આ લોકો આ અંગે પ્રશાસન સાથે વાત પણ કરી રહ્યા હતા. હવે માહિતી આવી રહી છે કે પ્રશાસન અને પાંડા સમુદાય, તીર્થયાત્રાના પૂજારીઓ અને સ્થાનિક લોકો વચ્ચે વાતચીત થઈ છે. SDM જોશીમઠ, ચંદ્રશેખર વશિષ્ઠ અને આંદોલનકારીઓ વચ્ચેની વાતચીતમાં મંદિર દર્શન માટે ૩૦૦ રૂપિયાની સ્લિપ કાપીને VIP દર્શન બંધ કરવાની માંગ કરવામાં આવી હતી, જેને પ્રશાસને સ્વીકારી લીધી છે. માસ્ટર પ્લાન હેઠળ ચાલી રહેલી કામગીરીના કારણે મંદિર પાસેના પાકાં મકાનો તોડીને ટીન શેડનો વીઆઈપી રૂટ બનાવવામાં આવ્યો હતો. જેના કારણે માર્ગ પર બેરીકેટ લગાવવામાં આવ્યા હતા. જેના કારણે સ્થાનિક લોકો, પાંડા સમુદાય અને તીર્થયાત્રીઓને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. તે જ સમયે, મંદિરની કુબેર ગલીમાં VIP ઘર બનાવવામાં આવ્યું છે. ત્યાંનો રસ્તો સ્થાનિક લોકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. તેને તાત્કાલિક દૂર કરવામાં આવ્યો છે. હવે સ્થાનિક લોકો અને તીર્થયાત્રી પુજારી કોઈપણ પ્રતિબંધ વિના મંદિરમાં આવી શકશે. આ ઉપરાંત સવારે ૧૧ વાગ્યે એક બેઠકમાં એક સમિતિની રચના કરવામાં આવશે અને તીર્થયાત્રી પૂજારીઓ તેમની વિવિધ માંગણીઓ સ્થાનિક પ્રશાસન સમક્ષ રજૂ કરશે તેવી જાહેરાત કરવામાં આવી છે.

# વિશેષ

### મોબાઇલ ડેટા સસ્તા થતા સ્થાનિક ભાષાના વિડિયોની બોલાબાલ

# વિડિયો સ્ટ્રીમિંગનો ક્રેઝ વધી ગયો

દેશમાં વિડિયો જોવાનો ક્રેઝ જોરદાર રીતે વધી ગયો છે. સામાન્ય વ્યક્તિની પાસે ઓછી કિંમતમાં સારા મોબાઈલ ફોન હવે પહોંચી ચુક્યા છે. મોબાઈલ ડેટા પણ ખુબ સસ્તા છે. આવી સ્થિતીમાં દરેક વ્યક્તિ સ્થાનિક ભાષામાં કન્ટેન્ટ જોઈ શકે છે. દેશમાં કેટલાક વિડિયો સ્ટ્રીમિંગ એપ્સ સારા કન્ટેન્ટ પેશ કરવામાં લાગેલા છે. અલબત્ત હજુ પણ યુ ટ્યુબ દેશમાં નંબર વન વિડિયો સ્ટ્રીમિંગ એપ તરીકે છે. આ ફ્રી પણ છે. તેના માટે કોઈ માસિક ચાર્જ લાગુ કરવામાં આવતા નથી. કેટલીક મોટી કંપનીઓ પણ વિડિયો સ્ટ્રીમિંગ એપ્સ સારા કન્ટેન્ટ પેશ કરવામાં લાગેલા છે. પરંતુ આના માટે યુઝર્સ પાસેથી માસિક અથવા તો વાર્ષિક ચાર્જ વસુલ કરવામાં આવે છે. આવી સ્થિતીમાં સામાન્ય વ્યક્તિુ યુટ્યુબ પર જ સ્થાનિક ભાષાના વિડિયો જોઈ રહ્યા છે. કેટલાક યુઝર્સ સર્ચ બારમાં યોગ્ય વર્ડ ટાઈપ કરી શકતા નથી. આવી સ્થિતીમાં વોઈસ સર્ચ તેમના માટે ઉપયોગી સાબિત થાય છે. તેઓ બોલીને પોતાના પસંદગીના વિડિયો નિહાળી શકે છે. કેટલાક ભારતીય લોકો માટે તો ઈન્ટરનેટનો અર્થ જ ઓનલાઈન વિડિયો છે. પહેલા જ્યાં માત્ર મેટ્રો શહેરના લોકો ડ ઈન્ટરનેટ કામમાં લેતા હતા. જો કે




હવે શહેરો, ગ્રામીણ વિસ્તારો અને ગામોમાં રહેતા લોકો પણ સ્થાનિક ભાષામાં વિડિયો નિહાળી શકે છે. દેશમાં મોબાઈલ ડેટા સસ્તા થઈ ગયા બાદ આની ઉપયોગિતા અનેક ગણી વધી ગઈ છે. આવી સ્થિતીમાં સ્થાનિક ભાષામાં વિડિયો લાખોની સંખ્યામાં હાલમાં નિહાળવામાં આવે છે. સામાન્ય વ્યક્તિ પણ પોતાની માતૃભાષામાં વોઈસ સર્ચ કરી શકે છે. યુટ્યુબ સુધી લાખો ભારતીય લોકોની પહોંચ થઈ ચુકી છે. ભારતમાં યુ ટ્યુબની વાત કરવામાં આવે તો કેટલીક નવી બાબત નિકળીને સપાટી પર આવી જાય છે. દરરોજ એક ભારતીય વિડિયો પર વધુને વધુ સમય ગાળે છે. વર્ષ ૨૦૨૧માં દરેક ભારતીય વિડિયો પર દરરોજ ૫૨ મિનિટ ગાળી રહ્યો હતો. આ સમય હવે વર્ષ ૨૦૨૨માં વધીને ૬૭ મિનિટ થઈ ગયો છે. વર્ષ ૨૦૨૨માંપણ વૈશ્વિક સ્તરની વાત કરવામાં આવે તો વિશ્વમાં દરેક વ્યક્તિ દરરોજ ૬૭ મિનિટ વિડિયો પર ગાળે છે. કેટલાક સ્થાનિક ભાષાના યુટ્યુબ સ્ટાર્સ ભારે ચર્ચા જગાવી રહ્યા છે. સ્થાનિક ભાષામાં યુટ્યુબ વ્યુઅરશીપની વાત કરવામાં આવે તો પણ આ સંખ્યા વધારે રહે છે. વર્ષ ૨૦૨૨ના આંકડાને ધ્યાનમાં લેવામાં આવે તો તેલુગુ ભાષામાં યુટ્યુબ વ્યુઅરશીપનો આંકડો ૬૭.૪ અબજનો રહ્યો હતો. આવી જ રીતે વર્ષ ૨૦૨૨માં તેલુગુ ભાષામાં યુટ્યુબ સ્થાનિક ભાષામાં વ્યુઅરશીપ આંકડો ૧૨.૭ અબજનો રહ્યો હતો. તમિળ, પંજાબી, મલયાલમ અને ભોજપુરી ભાષામાં પણ આંકડો ખુબ ઉંચો રહેલો છે. ભારતમાં ઈન્ટનેટ યુઝર્સની સંખ્યા રેકોર્ડ ગતિથી વધી રહી છે. વર્ષ ૨૦૨૨ની વાત કરવામાં આવે તો આ સંખ્યા હવે વધીને ૬૨.૭ કરોડ સુધી પહોંચી ગઈ છે. વિડિયો નિહાળવા માટેનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોની વાત કરવામાં આવે તો વિડિયો નિહાળતા લોકોમાં શહેરી વિસ્તારમાં વર્ષ ૨૦૨૧માં સંખ્યા ૨૯.૫ કરોડની આસપાસ હતી. આ સંખ્યા વર્ષ ૨૦૨૨માં વધીને ૩૩.૭ કરોડ સુધી પહોંચી ગઈ છે.

### ટેક વર્લ્ડ : બિલ્ડિંગ પડશે તે બે સપ્તાહ પહેલા જાણી શકાશે

# ખાસ રિસર્ચ દુનિયા બદલવા તૈયાર

સમગ્ર દુનિયામાં વૈત્રાનિકો કેટલીક નવી નવી શક્યતાઓ અંગે માહિતી મેળવી રહ્યા છે. આના કારણે દુનિયા વધારે સલામત અને સુરક્ષિત બનવાની સાથે સાથે સુવિધામાં વધારો થનાર છે. કેટલીક એવી શોધ પર હાલમાં કામ ચાલી રહ્યુ છે જે ભવિષ્યમાં દુનિયાને બદલી નાંખવા માટે સક્ષમ છે. આ દિશામાં વૈજ્ઞાનિકો સફળ રીતે આગળ વધી રહ્યા છે. શુ તમને આ બાબતી માહિતી છે કે રશિયામાં જુરાસીક પાર્ક સ્ટાઈલમાં લેબ ખુલનાર છે. આની યોજના વિલુપ્ત પશુ પ્રજાતિઓને ફરી એકવાર જીવિત કરવા માટેની રહેલી છે. આ એક પ્રકારની ક્લોનિંગ લેબ પણ છે. જેમાં હજારો વર્ષ પહેલાના પ્રાણીઓ પણ જોવા મળનાર છે. સમગ્ર દુનિયામાં આ પ્રકારના અનેક વૈજ્ઞાનિક ડેવલપમેન્ટ થઈ રહ્યા છે. જે મોટી સફળતા તરીકે આગળ વધી શકે છે. હાલમાં એક એવી શોધ પણ ઓસ્ટ્રેલિયામાં ચાલી રહી છે જેના કારણે કઈ ઈમારત ધરાશાયી થનાર છે તે અંગે માહિતી મળી જશે. એઓસ્ટ્રેલિયન શોધ કરનાર લોકો દ્વારા એક પ્રકારના ખાસ ટુલ્સ વિકસિત કરવા પર કામ ચાલી રહ્યુ છે. જે કેટલીક રાહત આપનાર છે. આ એવા ટુલ વિકસિત કરવામાં આવી રહ્યા છે જેના કારણે કોઈ ઈમારત ક્યારેય કેક થનાર છે અથવા તો



તુટી જાનાર છે તે સંબંધમાં માહિતી મળી જશે. ઈમારતની આધારશીલા કઈ રીતે સરકી રહી છે તે પણ જાણી શકાશે. આ ગ્રાઉન્ડ મોશન પેટર્નનુ મુલ્યાંકન કરવા માટે એપ્લાઈડ મેથ અને બિગ ડેટા એનાલીસીસ કરે છે. આ લેન્ડસ્લાઈટ્સના સમયને ટ્રેક કરે છે. અન્ય એક શોધ એવી પણ થઈ રહી છે જેના કારણે હવે ક્લોથિંગમાં લગાવવામાં આવેલા ઈલેક્ટ્રોનિક્સ મારફતે વાતચીત પણ કરી શકાય છે. શોધ કરનાર લોકોએ એક એવા સાધન તૈયાર કરવામાં સફળતા મેળવી છે જે એમ્બેડેડ ઈલેક્ટ્રોનિક્સવાળા એવા ફાઈબર બનાવ્યા છે. જે ફ્લેક્સિબલ છે. જેમને સોફ્ટ ફેબ્રિક્સમાં મુકી શકાય છે. તેમને વિયરેબલ ક્લોથિંગના રૂપમાં બનાવવામાં આવે છે. ઓટો ઈલેક્ટ્રોનિક્સ સેમી કન્ડક્ટર ડિવાઈસ સાથે અલગ પડી ગયા બાદ પણ તેને ધોવા લાયક ફેબ્રિક્સમાં નાંખી શકાય છે. તે ક્લોથિંગ ડિવાઈસ સાથે વાતચીત કરી શકે છે. બીજી બાજુ એક સ્માર્ટ પેપર બનાવવા માટેની રીત વિકસિત કરવામાં આવી રહી છે. કન્ડક્ટિંગ થર્મોપ્લાસ્ટિકની પાતળી લેયર સામાન્ય પેપર પર એપ્લાય કરવામાં આવનાર છે. જે રિવર્સેબલ એક્યુએટર તરીકે કામ કરનાર છે. જ્યારે ઈલેકક્ટ્રિકલ કરન્ટ અપ્લાય કરવામાં આવે છે ત્યારે થર્મોપ્લાસ્ટિક ગરમ થઈને વિસ્તૃત બની જાય છે. જેના કારણે પેપર ફોલ્ડ થઈ જશે. જ્યારે કરન્ટ હટાવી દેવામાં આવશે ત્યારે પેપર પોતાના જુના સેપમાં પરત આવી જશે. આવી જ રીતે બ્રિટીશ વૈજ્ઞાનિકો દ્વારા પણ એક ખાસ શોધ પર કામ કરવામાં આવી રહ્યુ છે. જેના ભાગરૂપે સનલાઈટને કામ લઈને આગળ વધવામાં આવી રહ્યુ છે. પાણીને આના કારણે ડ્રાઈડ્રોજન અને ઓક્સીજનમાં બદલી નાંખવામાં આવનાર છે પાણીને તોડીને સનલાઈટને ફ્યુઅલમાં ફેરવી નાંખવામાં આવનાર છે.યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજની એક ટીમ દ્વારા આ દિશામાં કામ કરવામાં આવી રહ્યુ છે. જેના ભાગરૂપે સેમી આર્ટિફિશિયલ ફોટોસિન્થેસિસને કામમાં લઈને સોલર એનર્જી ઉભી કરવામાં આવનાર છે.

### કોમર્શિયલ બિલ્ડિંગમાં આગ લાગવાની ઘટના સામે આવી

# અમદાવાદમાં પ્રહલાદનગરમાં આવેલી કોમર્શિયલ બિલ્ડિંગમાં આગ લાગી

## ફાયર બ્રિગેડ દ્વારા ૬૫ લોકોનુ રેસક્યુ કરવામાં આવ્યુ છે જો કે હજુ ૨૫ લોકો લિફ્ટમાં ફસાયા હોવાની પ્રાથમિક વિગતો સામે આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદમાં પ્રહલાદનગરમાં એક કોમર્શિયલ બિલ્ડિંગમાં આગ લાગવાની ઘટના સામે આવી. કોમર્શિયલ હાઉસ ૪માં આગ લાગી હતી. ફાયર બ્રિગેડ દ્વારા તાત્કાલિક આગ બુજાવવાની કામગીરી હાથ ધરાઈ હતી. જેમા ૬૫ જેટલા લોકોનુ રેસક્યુ કરી લેવાયુ છે. જો કે મળતી પ્રાથમિક વિગતો અનુસાર ૨૫ જેટલા લોકો લિફ્ટમાં ફસાયા હતા. આ તમામ લોકોનું પણ ફાયર બ્રિગેડ દ્વારા રેસક્યુ કરી લેવાયુ છે. બિલ્ડિંગના ૯માં માળે ઈલેક્ટ્રીક ડક્ટમાં આગ લાગવાની ઘટના બની હતી. ફાયર ઓફિસરના જણાવ્યા મુજબ બિલ્ડિંગના ૯માં માળે ઈલેક્ટ્રીક ડક્ટમાં આગ લાગી હતી. જે પ્રસરીને ૧૧માં માળ સુધી પહોંચી હતી. આગની જાણ થતા જ ઓફિસમાં કામ કરતા લોકો અગાશી પર દોડી ગયા હતા. ફાયર વિભાગે આગ પર કાબુ કરવાની સાથે ૬૫ જેટલા લોકોનું રેસક્યુ કર્યુ હતુ. સ્ટેરકેસ, ઈમરજન્સી રેસક્યુ ટેન્ડર, બ્રિધીંગ એપરેટર્સ સહિતના ઈક્વીપમેન્ટસની આ આગ દરમિયાન મદદ લેવામાં આવી હતી. આ આગમાં



કોઈપણ પ્રકારની જાનહાનિ કે કોઈ ઈજા થવા પામી નથી. બિલ્ડિંગના ૯માં માળે ૨૫ જેટલા લોકો લિફ્ટમાં ફસાયા હતા તેમને સલામત રીતે ફાયર બ્રિગેડની ટીમ દ્વારા રેસક્યુ કરવામાં આવ્યા હતા. શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. વ્યાપક પ્રમાણમાં ધુમાડો પ્રસરી જતા લોકો ગભરાઈ ગયા હતા. વધુ પડતા સ્મોકને કારણે લોકોને લાગતુ હતુ કે વધુ વિકરાળ આગ લાગી છે. જો કે ફાયર બ્રિગેડની ઓફિસ પણ આ જ વિસ્તારમાં નજીકમાં હોવાથી તાત્કાલિક ફાયર બ્રિગેડ પહોંચી ગયુ હતુ અને આગ પર કાબુ કરી લેવાયો હતો.

### ૨૦થી વધુ આંગડિયા પેઢીની ઓફિસો બંધ

# ઇસ્કોન આર્કેડમાં આવેલી આંગડિયા પેઢીની ઓફિસોમાં સોંપો પડી ગયાં

## ક્રિકેટના સટ્ટાની સીઆઇડીની તપાસમાં આંગડિયા પેઢીના નામ આવતા આંગડિયાઓની ઓફિસોને તાળાં

। (એજન્સી) અમદાવાદ,તા.૧૪ ।

સીઆઈડી ક્રાઈમ અને અન્ય એજન્સીઓ દ્વારા ચાલતી ક્રિકેટના સટ્ટાની તપાસમાં પીએમ એન્ટરપ્રાઈઝ અને એચએમ આંગડિયા સહિતની આંગડિયા પેઢીના નામ બહાર આવ્યા છે. તેના પગલે સીજી રોડ પર ઈસ્કોન આર્કેડમાં આવેલી આંગડિયા પેઢીની ઓફિસોમાં સોંપો પડી ગયો છે. ૨૦થી વધુ આંગડિયા પેઢીની ઓફિસો બંધ થઈ ગઈ છે. આ બધી ઓફિસો પર તાળા જોવા મળ્યા હતા.પીએમ એન્ટરપ્રાઈઝ અને એચએમ ગડિયા પેઢી બંનેની ઓફિસમાં પણ તાળા હતા. કોઈપણ કર્મચારી ત્યાં જોવા મળ્યા ન હતા. ઈસ્કોન માર્કેટમાં ત્રણ માળમાં દરેક માળ પર ત્રણથી ચાર આંગડિયા પેઢીની ઓફિસ આવેલી છે. આ ઉપરાંત આંગડિયા પેઢીના કર્મચારીઓ પણ કોઈપણ વાત કરવા તૈયાર નથી. હાલમાં ચૂંટણીની આચારસંહિતા અમલી હોવાથી આંગડિયા પેઢીમાં કોઈ વ્યવહાર કરવામાં આવતા ન હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત જાણવા મળ્યું છે કે રતનપોળ અને આસપાસના વિસ્તારમાં આવેલી આંગડિયા પેઢીઓ નિયમિત રીતેચાલુ છે, પરંતુ વ્યવહાર થતા નથી. જો કે ગુજરાતમાંથી લોકસભા ચૂંટણી પૂરી થયા પછી તેમા નાના નાના વ્યવહારો શરૂ થયા છે. શહેરમાં અન્ય સ્થળે આવેલી આંગડિયા પેઢીઓ ચાલુ છે. એન્ટરપ્રાઈઝના નામે અન્ય કેટલીક પેઢીઓ આવેલી છે તે બંધ જોવા મળી છે. ડાયમંડ જ્વેલર્સ અને અન્ય પાર્સલો જે મોકલવામાં આવે છે તેના કામકાજ ધીમે-ધીમે શરૂ થયા છે. આંગડિયા પેઢીઓ હવાલાની રકમની હેરાફેરી કરતી હોવાના આરોપના પગલે આ તપાસ શરૂ થઈ છે. અમદાવાદ ઝોનના સીઆઈડી ક્રાઈમની વિંગે ક્રિકેટમાં સટ્ટાનો એક કેસ કર્યો હતો. આ કેસની તપાસમાં અવનવા વળાંક આવ્યા છે. તેમા ફક્ત ક્રિકેટ બેટિંગ જ નહી, પરંતુ આંતરરાષ્ટ્રીય હવાલા કારોબાર હોવાની પણ જાણ થઈ છે. આ ઉપરાંત આંગડિયા દ્વારા અહીંથી દુબઈ ઓનલાઈન ગેમિંગના ખેલાડીઓ પાસે રૂપિયા પહોંચતા હતા. કેટલાક લોકો ડમી એકાઉન્ટને ક્રિકેટના સટ્ટા માટે વાપરતા હતા. અત્યાર સુધી તપાસ દરમિયાન કેટલાક એકાઉન્ટ મળ્યા છે. કરોડોની રકમ અને લાખો રૂપિયાનું સોનું અને વિદેશી નાણું મળી આવ્યું છે.

### ગુજરાતમાં બેરોજગારીના આંકડાએ હદ વટાવી

# PSI-લોકરક્ષક ભરતી માટે ૧૨,૨૭૨ સામે અધધ ૧૫ લાખ અરજી મળી

## વાયબ્રન્ટ ગુજરાત રોજગારીનું કેન્દ્ર વાક્ય એ કહેવા પૂરતું જ

। અમદાવાદ, તા.૧૪ ।

ગુજરાતમાં રોજગારીની અનેક તકો છે તેવા સરકારના દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. ત્યારે હકીકત તો એ છે કે આજેય ગુજરાતમાં બેરોજગારો નોકરી માટે ફાંફા મારી રહ્યા છે. હાલમાં પીએસઆઈ અને લોકરક્ષક માટે કુલ ૧૨,૨૭૨ જગ્યાની ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ છે ત્યારે આજદીન સુધી પોલીસ રિક્રુટમેન્ટ બોર્ડને અધધધ કહી શકાય તેટલી ૧૫ લાખ અરજીઓ મળી છે. આ પરથી ગુજરાતમાં બેરોજગારીનુ અસલી ચિત્ર ઉપસી આવ્યુ છે.

વર્ષ ૨૦૨૩નું વર્ષ ભરતી બોર્ડના નામે પૂર્ણ કરાયુ હતું. ત્યારબાદ આ વર્ષે લોકસભા ચુંટણીની અગાઉ ઉમેદવારોએ વારંવાર રજૂઆત કરી સરકારને કઠેડામાં ઉભી કરી દીધી હતી. આખરે લોકસભા ચુંટણી જાહેર થાય એ પહેલા સરકાર સફાળી જાગી હતીને ૧૨મી માર્ચે ૨૦૨૪ના રોજ ૧૨,૨૭૨ જગ્યાની પોલીસ સંવર્ગની ભરતી બહાર પાડવામાં આવી હતી. હવે ભરતી બોર્ડના ચેરમેન હસમુખ પટેલે ટ્વિટ કર્યુ હતુકે, ઓગસ્ટ સપ્ટેમ્બરમાં લોકરક્ષક તથા પીએસઆઈ માટે અરજી ફરી મંગાવવામાં આવશે. શૈક્ષણિક લાયકાત, ઉંમર સહિતના કારણોસર કારણોસર અરજી ન કરી શકે તે ઉમેદવારને અરજી કરવાની તક મળશે. સબ ઈન્સ્પેક્ટરના પદ માટે ઉમેદવાર પાસે સ્નાતકની ડિગ્રી હોવી જોઈએ જયારે લોકરક્ષક કેડરની નોકરી માટે ધો.૧૨ પાસ હોવું જરૂરી છે.

સરકારી નોકરી મેળવવાનુ સપનુ સાકાર કરવા શિક્ષિત યુવાઓ તનતોડ મહેનત કરે છે. સાથે સાથે ગાંધીનગર જેવા શહેરમાં પોલીસ- પીએસઆઈની તૈયારી માટેના કોચિંગ ક્લાસમાં રૂપિયા ૩૦-૪૦ હજાર ફી ચૂકવે છે. સાથે સાથે ખાનગી લાઈબ્રેરીમાં વાંચન માટે રૂપિયા હજાર-બારસો ચૂકવે છે. હોસ્ટેલ ફી અલગ.આમ,શિક્ષિત યુવાઓ સરકારી નોકરી મેળવવા મહેનતની સાથે ખર્ચ પણ કરે છે. આ દરમિયાન, જો પેપરલીક થાય તો યુવાઓની મહેનત પાણીમાં જાય છે. ઉલ્લેખનીય છેકે, લોકરક્ષકની પરિક્ષાનું પેપર લીક થયુ હતું.

ગુજરાતમાં શિક્ષિત યુવા બેરોજગારોની સંખ્યા દિનદિને વધતી જાય છે. કેલેન્ડર મુજબ સરકારી નોકરીની ભરતી થતી નથી ત્યારે બેરોજગારોની દશા કફોડી બની છે કેમકે, કડી મહેનત અને પૈસા ખર્ચ્યા પછી ય પરિણામ મળતુ નથી આખરે નાછૂટકે યુવાઓને ખાનગી નોકરી મેળવવા મજબૂર થવુ પડે છે.

### શાળાઓને બૉંબથી ઉડાવી દેવાની ધમકીનો મામલો

# શાળા બહાર સુરક્ષાકર્મીને તૈનાત રાખવાનો નિર્દેશ

## શાળાઓને સૂચના અપાઇ છે કે હાલ વેકેશનનો સમય છે, જેથી બાળકો શાળામાં નથી તેમ છતાં પરિસરમાં સુરક્ષાકર્મીઓની હાજરી સુનિશ્ચિત કરવામાં આવે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદની કેટલીક શાળાઓને બૉંબથી ઉડાવી દેવાની ધમકી મળ્યા બાદ શિક્ષણ વિભાગ હરકતમાં આવ્યુ છે. અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર શિક્ષણાધિકારી દ્વારા તેમના હસ્તકની તમામ શાળાઓને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે આ સાથે જ શાળા બહાર સુરક્ષાકર્મીને તૈનાત રાખવાના નિર્દેશ પણ આપવામાં આવ્યા છે.

અમદાવાદમાં કેટલીક શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળ્યા બાદ પોલીસ પ્રશાસનની સાથે શિક્ષણ વિભાગ પણ સતર્ક બન્યું છે. અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર શિક્ષણ અધિકારી કચેરી દ્વારા તેના હસ્તકની તમામ શાળાઓને સતર્ક રહેવા સૂચના આપી અને કેટલીક મહત્વની બાબતોનું ધ્યાન રાખવા માટે કહેવામાં આવ્યું છે. કચેરી દ્વારા શાળાઓને સૂચના અપાઈ છે કે હાલ વેકેશનનો સમય છે, જેથી બાળકો શાળામાં નથી તેમ છતાં પરિસરમાં સુરક્ષાકર્મીઓની હાજરી સુનિશ્ચિત કરવામાં આવે. જેથી કરીને શાળામાં બનતી ગતિવિધિ અંગે ધ્યાન રાખી શકાય.

શાળાના અધિકૃત મેઈલ પર આવતા તમામ મેઈલનું ધ્યાન રાખી જો કોઈ શંકાસ્પદ મેઈલ કે સંદેશ જણાય તો તાત્કાલિક પોલીસ પ્રશાસન અને કચેરીને જાણ કરવા માટે પણ સૂચના અપાઈ છે. મહત્વનું છે કે ૬ મેએ અમદાવાદ શહેરની ૩૦ થી વધારે શાળાઓને મેઈલ મારફતે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી.

અમદાવાદ ગ્રામ્યના ડ્ઈઈ કૃપા ઝાના જણાવ્યા મુજબ ૬ મે ના રોજ મળેલા મેલના સંદર્ભે તમામે તમામ શાળાઓને સૂચના આપી દેવામાં આવી છે કે તેમને આ પ્રકારનો કોઈપણ શંકાસ્પદ મેલ મળે તો તુરંત જ નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો. તેમજ છઈઈના કર્મીઓને આ બાબતે તુરંત જાણ કરવી. જેથી શિક્ષણવિભાગ દ્વારા પણ સંબંધિત કચેરીઓ ક્રાઈમબ્રાંચ કે પોલીસ તંત્રનો સંપર્ક કરી દરેક શાળાઓમાં વેરીફિકેશન સુનિશ્ચિત થઈ શકે.

### લીકેજની કામગીરી શરૂ કરવામાં આવી

# સુરતીઓને ગરમીમાં પાણીની મોટી મોકાણ

। સુરત,તા.૧૪ ।

ગરમીના માર સામે પાણી ખૂબ જરૂરી છે રાજયમાં હાલ ગરમીનો પારો ૪૧ ડિગ્રીથી પણ ઉપર જઈ રહ્યો છે. કાળજાળ ગરમી સાથે સુરતવાસીઓને આવા સમયે વધુ એક સમસ્યાનો સામનો કરવો પડશે.

મુખ્ય લાઈન લીકેજ હોવાથી સુરતના ત્રણ ઝોનમાં પાણી કાપ રહેશે. રિપેરિંગના પગલે શહેરના વરાછા, સરથાણા અને ઉધના સહિતના વિસ્તારોમાં રહેતા લોકોને પાણી કાપનો સામનો કરવો પડશે. સીમાડા-વીટી નગર પાસે મુખ્ય લાઈનમાં લીકેજની કામગીરી શરૂ કરવામાં આવી છે. વાલક ઈન્ટેકવેલથી સીમાડા વોટર પ્લાન્ટ જતી લાઈનમાં લીકેજ હોવાનું માલુમ પડતા તેનું સમારકામ કરવામાં આવશે. જેના કારણે લોકોને પાણીકાપનો સામનો કરવો પડશે.

આ પાણીકાપના કારણે શહેરના ત્રણ ઝોનના ૧૦ લાખથી વધુ નાગરિકોને અસર થશે. DGVCLના સીમાડા ફિડરનું સવારે ૧૦થી બપોરે ૨ વાગ્યા સુધી શટડાઉન રહેશે. સીમાડા ફિડરના શટડાઉનના કારણે વીજ પુરવઠો પણ બંધ રહેશે. સુરતીઓને પાણીનો વિવેકપૂર્વક ઉપયોગ કરવા માટે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને અપીલ કરી છે.

# રાજકોટના જીયાણામાં પૂર્વ સરપંચે સળગાવ્યુ મંદિર

## પોલીસને ઘટનાની જાણ થતા જ આરોપીની અટકાયત કરી છે

। રાજકોટ,તા.૧૪ ।

રાજકોટના જીયાણા ગામે મંદિરને આગ લગાવવાની ઘટના સામે આવી છે. ગામના પૂર્વ સરપંચે ભગવાનથી નારાજ થઈને રામદેવપીર અને મેલડી માતાજીના મંદિરને આગ લગાવી દીધી. પોલીસને જાણ થતા જ આરોપીની અટકાયત કરી છે. ઍરપોર્ટ પોલીસે માજી સરપંચ અરવિંદ સરવૈયાને સકંજામાં લઈ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મંદિરને આગ લગાવવા પાછળનું સ્પષ્ટ કારણ તો કોઈ સામે આવ્યુ નથી પરંતુ હતાશામાં આવી જઈ આ પગલુ ભર્યુ હોવાનુ પ્રાથમિક દષ્ટિએ સામે આવ્યુ છે. સરપંચનું કહેવુ છે કે પૂજાપાઠ કર્યા પરંતુ સ્થિતિ ન સુધરતા આ દુષ્કૃત્ય આચર્યુ હોવાનુ સરપંચનું રટણ છે.ગામલોકોને પ્રાથમિક દષ્ટિએ એવુ લાગ્યુ કે કોઈ અંગત અદાવતમાં કે જુના રાગદ્વેશ રાખી આ પ્રકારનુ કૃત્ય કરવામાં આવ્યુ હશે. આ ઘટનામાં પોલીસે ઉંડાણપૂર્વકની તપાસ કરતા ચોંકાવનારી હકીકતો સામે આવી. ગામના જ પૂર્વ સરપંચ અરવિંદ સરવૈયાએ આ મંદિર સળગાવ્યુ હતુ. તેનુ કારણ એ હતુ કે તેની લાગણી ઘવાઈ હોવાથી તે ભગવાનથી નારાજ હતો.

### બેન્ડ માસ્તરનું અધમ કૃત્ય

# જામનગરની સૈનિક શાળામાં બેન્ડ માસ્તરનું કારસ્તાન સામે આવ્યું

## આખરે બંને બાળકો બેન્ડ માસ્તરના શારીરિક ત્રાસથી કંટાળી આખરે પોતાના વાલીઓ અને શાળાના સ્ટાફને વાત કરી હતી

। (એજન્સી) જામનગર,તા.૧૪ ।

દેશભરમાં જામનગરની સૈનિક શાળા પ્રચલિત છે. મોટી સંખ્યામાં વાલીઓ પોતાના બાળકને આ શાળામાં પ્રવેશ અપાવવાનું સપનું ધરાવે છે. જામનગરની બાલાચડી સૈનિક શાળામાં ચોંકવાનારી માહિતી સામે આવી છે. આ શાળામાં માસ્તરના કારસ્તાનની માહિતી સામે આવતા શિક્ષણજગત શર્મશાર થયું છે. બાલાચડી શાળામાં બેન્ડ માસ્તર તરીકે ફરજ બજાવતા એક કર્મચારીએ બે બાળકોને ધમકાવી શારીરિક અડપલા કરી પોતાની સાથે બાળકોના હાથ વડે અડપલા કરાવ્યા હોવાની ઘટના સામે આવી છે. સમગ્ર મામલે સ્કુલ પ્રિન્સીપાલ દ્વારા જોડિયા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. બાલાચડી સૈનિક શાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ સૈન્યમાં સૈનિક અને ઓફિસર તરીકેની કામગીરી શિક્ષા પ્રાપ્ત કરતા હોય છે. દેશ માટે પોતાનું બલિદન આપનાર સૈનિકો આ શાળામાંથી જ શિક્ષણ મેળવતા હોય છે. ત્યારે આ શાળા હાલ ચર્ચાનું કેન્દ્ર બની છે. કારણ છે શાળામાં ફરજ બજાવતા બેન્ડ માસ્તર પવનકુમાર જગદીશકુમાર ડાંગી રહે.જોધપુર રાજસ્થાન વાળા, બેન્ડ માસ્તર દ્વારા શાળામાં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ સાથે શારીરિક અડપલા કર્યાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે શાળાના પ્રિન્સીપાલ શ્રેયશ નિતિનભાઈ મેહતાએ જોડિયા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પ્રિન્સીપાલે કરેલ પોલીસ ફરિયાદ મુજબ તા. ૦૭/૦૫/૨૦૨૪ ના રાત્રીના નવ વાગ્યાથી તા.૧૨/૦૫/૨૦૨૪ ના વહેલી સવારના છ વાગ્યા દરમ્યાન બેન્ડ માસ્તર પવનકુમાર દ્વારા શાળામાં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓને ટાર્ગેટ કરવામાં આવ્યા હતા. બેન્ડ માસ્તર દ્વારા આશરે બાર વર્ષની ઉમર ધરાવતા બંને વિદ્યાર્થીઓના ગુપ્ત(શિશ્ન)ના ભાગે હાથ ફેરવી તથા બંન્ને ભોગ બનનારના હાથ આરોપી બેન્ડ માસ્તરએ પોતાના ગુપ્ત(શિશ્ન)ના ભાગે ફેરવાવી શારીરીક અડપલા કર્યા હતા.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨